કુમાર

સપ્ટેમ્બર
૨૨૫
૧૯૪૨



કુમાર

સપ્ટેમ્બર ૧૯૪૨

અંક ૨૨૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

મુદ્રક·બચુભાઈ રાવત, તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશના રૂા. ૬॥, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના; મુંબાઇમાં : કુમાર ઑફિસ, ૧૩૬–૧૪૨ મેડોઝ સ્ટ્રીટ; આર. આર. શેઠની કં. અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ; વડોદરામાં : નૂતન ફોટો સ્ટૂડિયો, રાવપુરા.



ફોટો - નરેન રાવળ (બ્લૉક - 'પ્રજાબંધુ'ના સૌજન્યથી)



સિંહગુફામાં ડૅનિયલ — સંતની કસોટી
ચિત્રકાર - બ્રિટન રિવાએરી, આર.એ.

વર્ષ ૧૯મું **કુમાર** અંક ૯મો

સપ્ટેમ્બર · ૧૯૪૨

ચિરન્તન તત્ત્વ

· વસંતતિલકા ·

પાષાણદેહધર રૈવત કાળમીંઢ,
સંઘાતથી સ્થિર ઉભો દૃઢ અદ્રિ રમ્ય;
વર્ષા વહી, શિશિર ધ્રૂજી, વસન્ત ખીલી,
વર્ષો સર્યાં—નિત રહ્યો ગરવો પ્રતાપી.

ને કાનને કુસુમ કોમલ એક ઊગ્યું,
જીવી ગયું લઘુક જીવન કૈં દિનોનું;
ઉત્ફુલ્લ કેસરદલો અનિલે લસ્યાં'તાં,
વન્દી વસન્ત, તદ્દનુ સ્મિત સૌ વિલાયાં.

ક્યાં કૃષ્ણ રૈવતતણી દૃઢતા અખંડ,
ક્યાં વર્ણરાગ કમનીય કુમાશ ક્યાં ને;
ક્યાં એકની અહ! ચિરન્તનતા અશબ્દ!
ક્યાં અન્યની મૃદુલ ભંગુરતા પ્રફુલ્લ!

પુષ્પે અને નગ વિષે ઉભયે અદીઠ
છૂપ્યું લસે પણ ચિરન્તન તત્ત્વ એક.

તનસુખ ભટ્ટ

ખંજન

· મિશ્ર ·

પરોઢના કોમળ રંગને ભરી
કપોલના ખંજનમાં, પ્રવાલ-
શા હોઠથી હેત રહ્યો તું નિર્ઝરી
આ સ્વપ્નશા આવી ઉમેશ બાલ?

શું રૂપનું આ અનભિજ્ઞ દર્શન
રીઝાવવાને નિજનાં રહ્યું ખીલી?
ના; ખીલતી હોઠની પાંદડીતણા
પરાગથી એ નિજ સૌ રહ્યું કરી.

ને ગાલપે ચુંબન હેતનાં ઝીલી
પડી ગયાં ખંજન હે સુનંદન?
એ ખંજનો?
ના; રચી એ છ અંજલિ
તેં ઝીલવા આ જગના સહુયના
વાત્સલ્યની ઝરમરને અહર્નિશ.

ઉ. ર.

ગીતનો જન્મ

· મિશ્ર ·

ચઢી હશે અંતર હેલી આભને,
વર્ષી ધીમે સુંદર સેર પ્રેમથી
લેતી ચુમી આતુર તપ્ત ભૂમિને,
પુષ્પો રચી સંપુટ પાંખડીતણા
સત્કારતાં બાલ રવિ હશે હસી,
મીઠી લહેરો ફરકાવી પુષ્પ
પત્રો અને કુંપળને જતી હશે,
કે અંતરે કો'ક વલોણું ચાલતું
વહાલનું વા પુરુષાર્થનું વા
કલ્યાણ સૌ માનવીનાંતણું હશે,
હૈયું વલોવાઈ રહ્યું હશે ઝરી
સુરમ્ય સંગીત મધુર વેદના
સહી રહ્યાં અંતરકેરી આહથી,
ત્યારે હશે ગીત નવીન જન્મતું.

હૈદરઅલી હુસેન જીવાણી

શું ભેટ્યો તો સિંહ?

· મંદાક્રાન્તા ·

હાંકી કાઢ્યો ખુબખુબ પ્રયત્ને છતાં તું પધાર્યો,
ગોળી દૈ ઘાયલવત કર્યો, માન્યું નિશ્ચે ગરાયો.
ત્યાં તો બે દિ' રહી વળી અહો ધૂરકયો દુષ્ટ આવી,
શું ગોળી* એકથી નહિ મરે? માનીને બે ચડાવી.
ક્રોધે નેત્રો રગત બનિયાં, અંગ ઊડી ધ્રુજારી,
ના ઈચ્છ્યું તોપણ વગડી રહે ડાકલી દાંત કેરી.
જાજે બચ્ચા! નહિતર હવે જીવ સોતો જવાનો.
'શું ભેટ્યો તો સિંહ?' 'નહિ, નહિ, તાવ મૅલેરિયાનો!'

(* અલબત્ત, કિવનાઈનની જ)

'શશિન્' ઓઝા

· હરિણી ·

ગયું બધું ય; રે, છાને, છ ને હજી પુરુષાર્થ તો?

અજારામ રાવળ

મારી નજરે



ઉત્તર ભારતનાં કલાકેન્દ્રોની તંત્રીની સંસ્કારયાત્રામાં
આ સાથેના નકશામાંની વેરીલીટીની રેખાએ રેખાએ કરેલી શાન્તિનિકેતન, કલકત્તા, ઝરિયા, નાલંદા, પટણા, બનારસ અને લખનૌની મુલાકાતો પછી આગળનો હપતો.

કાનપુર

ઝરિયા જેવું જ ગુજરાતનું બીજું મોટું સંસ્થાન કાનપુર ગણી શકાય. અમારા સ્નેહીસંબંધી અને સાહસિક ઉદ્યોગનિર્માતા શ્રી ગોવર્ધનદાસ ભટ્ટ તથા તેમના સુપુત્રો અને હળવદવાળા હિંમતભાઈ એમ ચારપાંચ જણાએ ટ્રેનના ડબાઓ પર છુટીછુટી નજર રાખી હતી. સ્વદેશી મહેમાનોને હાથ કરતાં તેમને વાર લાગી જ નહિ. દાદર પાસે વૃદ્ધ ગોવર્ધનદાસકાકા ઊભા હતા. અમને જોઈ તેમનું મન બહુ પ્રસન્ન અને ઊર્મિલ બનેલું લાગ્યું.

ઘેર પહોંચ્યા પછી સમજાયુ કે અહીંના બંધુઓના પ્રેમપાશથી સહજમાં છૂટા થવાય એવું નથી. કાનપુરમાં એ સૌને મળવા સિવાય કંઈ પ્રયોજન નહોતું, એટલે ત્યાં મુકામ રાખી એક દિવસ અલ્લાહાબાદ માત્ર હાથથેલી લઇ જઈ આવવું અને અહીં જ સૌની સાથે વધુ વખતનો લાભ લેવો એમ ઠરાવ્યું. અલ્લાહાબાદના અજ્ઞાત મિત્રોને પણ ઓછામાં ઓછી તકલિફ થશે એ વિચાર પણ યોગ્ય લાગ્યો. કાનપુરમાં કળાવિષયક સંશોધન કે પરિચયો કરવાના હતા નહિ; પણ કાનપુરનો વ્યાપારઉદ્યોગ–વિસ્તાર જોવા જેવો લાગ્યો. ગુજરાતી બંધુઓએ ત્યાં સારી પ્રગતિ કરી છે અને હવે ઉદ્યોગો સ્થાપવાના મનસૂબા પણ કરી રહ્યા છે. મિલ સ્ટોર્સ સપ્લાઇંગનું બજાર તો તેમના જ હાથમાં છે, એટલે શ્રી ગોવર્ધનદાસ ભટ્ટના સુપુત્ર મુકુટલાલે 'પીપલ આયર્ન ઈન્ડસ્ટ્રીઝ' સ્થાપવાની પ્રવૃત્તિ હાથ કરી છે. ધંધાની સાથે ગુજરાતી બંધુઓએ વેપારી તરીકે સારી શાખ પાડી છે. તેમનો શુદ્ધ વ્યવહાર, ચીવટ અને નિયમિતતા વખણાય છે. કાનપુર ઉદ્યોગનું કેન્દ્ર હોવાથી ત્યાં એક સારી ટેકનૉલૉજિકલ સ્કૂલ છે. તેના ગુજરાતી પ્રિન્સિપાલ શ્રી શ્રૉફ લોકપ્રિય વ્યક્તિ છે. તેમના જ સ્ટાફમાં શ્રી હરિલાલ મૂળાણી સાયન્સના પ્રોફેસર છે. બીજા સુપ્રસિદ્ધ ગુજરાતી ડૉ. લાભશંકર ભટ્ટ હું ગયો તે પહેલાં થોડા જ વખતે દિલ્હીમાં સરકારી ઍમ્યુનિશન ખાતામાં ઊંચા હોદ્દા પર બદલી થવાથી ગએલા. ડૉ. ભટ્ટે કાનપુરમાં ગુજરાતી સમાજની સેવા બહુ કરી છે અને તેથી સૌ તેમને યાદ કરે છે. તેમના પ્રયાસથી કાનપુરની ગુજરાતી શાળાનું ત્રણ મજલાનું સુંદર મકાન બંધાયું છે અને કાનપુરની તે એક નમૂનેદાર શાળા ગણાય છે. આ મકાનમાં ગુજરાતી મંડળે મારા જવાના પ્રસંગને એક મેળાવડા રૂપે વધાવ્યો. વિદ્યાર્થીઓ, તરુણો ને ગૃહસ્થોની મોટી હાજરી ત્યાં થઈ હતી. ગુજરાતી સમાજના પ્રાણસંચાલક શ્રીયુત ચંદારાણાએ તે પ્રસંગે સુંદર પ્રવચન કર્યું હતું અને મંડળે મારા પ્રવાસની હકીકત બહુ રસપૂર્વક સાંભળી હતી. કાનપુરનું ગુજરાતી યુવક મંડળ બહુ આશાસ્પદ યુવકોનું બનેલું છે. તે બધાની શુભ પ્રવૃત્તિ અને વિચારો પ્રકટ કરતું એક હસ્તલિખિત માસિકપત્ર જોઈ મને બહુ આનંદ થયો. કાનપુરમાં વળી મારા એક પુરાણા મિત્ર લક્ષ્મીદાસભાઈ ઠાકર મળી આવ્યા. તે ગ્રૅજ્યુએટ થએલા છે, છતાં ધંધામાં સાહસિક હોઇ કાનપુરમાં 'ઠાકર બોર્ડિંગ હાઉસ' ઉઘાડ્યું છે. તેમનો આશય એ છે કે વેપાર રોજગાર માટે આવતા ભાઇઓને ઘર જેવી ખાનપાનની સગવડ મળે તો પરદેશમાં તેમનાં શરીર સારાં રહે અને પ્રગતિ સાધી શકે. વાત તો ખરી છે કે ગુજરાતી રસોડાની કિંમત ઈતર પ્રાંતોની બજારૂ ગોઠવણમાં લગભગ સ્વપ્નવત્ છે. શ્રી ઠાકરના ભોજનાલયમાં ઘરની જેમ જ દાણા ઝાટકી સાફસુફ કરી સંઘરવામાં આવે છે અને શાકપત્ર પણ ગૃહસ્થની રસવૃત્તિ અનુસાર તાજાં મેળવે છે. એમનો સંકલ્પ છે કે એવી આંતરિક સ્વચ્છતા અને પ્રામાણિકતા ન જળવાય ત્યારે એ ધંધો બંધ કરવો. કાનપુરનાં ઉદ્યોગકેન્દ્રો અને સંસ્થાઓ જોવાને તો બહુ દિવસો જોઇએ, એટલે મેં મિત્રમેળાપથી સંતોષ માની અલ્લાહાબાદ જવાનું વચગાળે સાધી લીધું.



અલ્લાહાબાદમાં 'લીડર' પત્રની હિંદી આવૃત્તિના 'પુસ્તક પરિચય'કાર, અને લીડર પ્રેસ તરફથી પ્રકટ થતાં પુસ્તકોના વ્યવસ્થાપક શ્રી વાચસ્પતિ પાઠકજી અમારા યજમાન હતા. સાહિત્ય અને કલાના રસિક આ વિદ્વાનનું મિત્રમંડળ બહુ બહોળું અને દેશની જુદાજુદા પ્રકારની પ્રવૃત્તિઓ સાથે સંકળાએલું હતું.

★

અલ્લાહાબાદ

● શ્રી રામ શર્માએ અલ્લાહાબાદ લીડર પ્રેસમાં શ્રી વાચસ્પતિ પાઠકજીનું સરનામું આપેલું ત્યાં મેં આગલા દિવસે કાર્ડથી ખબર આપેલા. એક અજ્ઞાત મિત્રને મોડી રાત્રે તકલિફ રૂપ ન થવાના વિચારે રાત્રે

દસ વાગ્યે ટ્રેનમાંથી ઊતરી અમે વેઈટિંગ રૂમમાં સવાર પાડી દેવા ધારેલું; પણ એ અજાણી દુનિયામાં યે મને આંગળીથી શોધી આપનાર એક ભોમિયો લઈ પાઠકજીએ આવી નમસ્કાર કર્યા ! જે ભાઈએ મને ઓળખાવ્યો તેમને તો હું ન ઓળખી શક્યો. તે સાબરમતી આશ્રમમાં કોઈની જોડે આવ્યા હશે અને મને જોયો હશે. તે પાઠકજીને ત્યાં ઊતરેલા અને બીજી ટ્રેનમાં જવાના હતા તેથી અમારી પિછાન કરાવી ચાલતા થઈ ગયા. અમે તો સ્ટેશનમાં રહેવાનો અમારો ઈરાદો જાહેર કર્યો, પણ પાઠકજી તો કાંઈ જુદી જ માયા હતા. શ્રીરામ શર્માની ચિઠ્ઠી મળે પછી કંઈ કહેવાનું હોય જ નહિ. 'આપ પ્રથમ મેરે મકાનપે ચલીએ. બહુત દૂર નહિ હૈ.' રાતના દસ વાગ્યે આંધળાને દોરનાર લાકડી મળે એવી તેમની હાજરી અમને પ્રિય થઈ પડી. લીડર પ્રેસના કૉમ્પાઉન્ડમાં ઘોડાગાડી પહોંચી ત્યાં સુધીના રસ્તામાં કંઈ જ સૂઝ નહોતી પડતી. લીડર પ્રેસના આલીશાન મકાનની બારીઓ ઝગમગતી હતી અને સવારની પ્રતનો ધમધમાટ કરતાં મશીનો ગાજતાં હતાં. પાછળના ભાગમાં સ્ટાફને રહેવાના ખંડ હતા. તેમાંના એકનું બારણું પંડિતજીએ ખખડાવ્યું. આગળનો નાનો ખંડ એક મોટી પાટથી રોકાઈ ગયો હતો. તે પર ચોપડીઓના ઢગલા પડ્યા હતા અને ભીંત પર હિંદી કલાકારોનાં નાનાંમોટાં ચિત્રો ચોડેલાં હતાં. તેમાં મેં આકાશે કમળફૂંઓ લઈ જતા હંસોવાળું મારૂં 'મેઘદૂત'નું ચિત્ર જોયું. (જુઓ 'કુમાર' અંક ૯૩નું મુખચિત્ર) તે ચીંધીને કહે: 'આપકા અપ્રત્યક્ષ પરિચય તો પૂર્વસે હી હો ગયા હય. આજ આપકે સ્વયં પધારનેસે મેં ઔર ધન્ય હુવા.' એ પાટ, બેઠક, બિછાનું અને મેલાપની જગ્યા હતી. હું ત્યાં ગોઠવાયો. પંડિતજીએ દરેક કલાકારનું હસ્તકૃત અસલ ચિત્ર પ્રાપ્ત કર્યું હતું. આ તેમનો ખાસ નાદ હતો.

મેં પત્રમાં સ્પષ્ટ લખ્યું હતું કે રાત્રે અમે કશું ભોજન લઈશું નહિ, છતાં તેમણે પોતે કંઈ ખાધું નહોતું અને અલ્પાહારની તૈયારી રાખી હતી. એમણે અને ચિ. નરેન્દ્રે જોઈતો જવાબ કરી લીધો. બિછાનાં તૈયાર હતાં, પણ આવા વિદ્વાન યજમાનનો પરિચય કરવાની ઇચ્છાએ ઊંઘ ન આવી, એટલે વાર્તાલાપે ચડ્યા. એવામાં 'લીડર'ના રાત્રિના મૅનેજર આવી ચડ્યા, તેમને પાછો પરિચય આપ્યો. તેનું પરિણામ એ આવ્યું કે સવારની પ્રતમાં મારા આવ્યાના સમાચાર અને મળવાનો સમય બીબાંમાં ગોઠવાઈ ગયા ! શ્રી પાઠકજી 'લીડર' પત્રની હિંદી આવૃત્તિના 'પુસ્તકપરિચય'કાર અને પ્રેસ તરફથી પ્રકટ થતાં પુસ્તકોના વ્યવસ્થાપક હતા. યુ. પી.ના વિદ્વાનો થોડી અને સાદી સામગ્રી પર ઘર ચલાવી શકે છે; પણ અભ્યાસનાં પુસ્તકો અને સંગ્રહ પર બહુ પ્રેમ રાખે છે. શ્રી વાચસ્પતિજીનું મિત્રમંડળ બહુ બહોળું અને દેશની જુદીજુદી પ્રવૃત્તિઓ સાથે સંકળાએલું હતું. કળા ઉપર તેમણે કેટલી યે વાતો ધગશપૂર્વક કરી. તેમણે મારો બીજા દિવસનો પ્રોગ્રામ ગોઠવી કાઢ્યો. સવારમાં પ્રયાગસંગમ જઈ આવવું, બપોરે મિલાપનો સમય રાખવો, સાંજે મ્યૂઝિયમ જોવું. અલ્લાહાબાદ મ્યૂઝિયમમાં મહર્ષિ રોરીકે કેટલાંક ચિત્રો લોન તરીકે આપેલાં હતાં તે હું જાણતો હતો. મ્યૂઝિયમમાં તેની ગોઠવણ, સજાવટ અને પ્રચાર કરનારા કલાપ્રિય સજ્જન શ્રી રામચંદ્ર ટંડનને મારે મળવું છે એ વાત મેં પાઠકજીને લખેલી, એટલે સવારમાં પ્રાતઃવિધિથી પરવારી બેઠા કે તુરત એક કાશ્મીરી તરુણ કાળી ટોપી, લાંબો કાળો અચકન ને પહોળી બાંયના લેંઘામાં પોતાની સાઈકલ બારણા આગળ ખડી કરી અંદર આવ્યા. 'યે ટંડન સાહબ આ ગયે.' પ્રેમપૂર્વક નમસ્તે થયા. તેમના હાથમાં લીડરની સવારની પ્રત હતી, તેમાં અમારો પ્રોગ્રામ છપાએલો બતાવ્યો. તે વાંચી તેઓ તરત ખબર કાઢવા આવ્યા હતા




અલ્લાહાબાદના મ્યૂઝિયમની ગોઠવણ, સજાવટ અને પ્રચાર કરનારા કલાપ્રિય સજ્જન શ્રી રામચન્દ્રજી ટન્ડન

કે તેમને નીરાંતથી મળવા કયો સમય મળશે. મારી ઈચ્છા પ્રમાણે પાઠકજીએ વિદાય થવાને સાંજની ટ્રેનનો ટાઈમ પણ બહાર પાડી દીધો હતો, એટલે ટંડનજીને ચિંતા થએલી. પણ અમે ટૂંકમાં જણાવ્યું કે અલ્લાહાબાદમાં તેમને જ મળવાનું અને રોરીક ચિત્રાલય તથા મ્યૂઝિયમ જોવાનું જ માત્ર કામ હતું. અલ્લાહાબાદ મ્યૂઝિયમના પ્રસ્તાવક શ્રી વ્યાસજી પ્રવાસમાં હતા, એટલે તેમની ખોટ તો ભોગવવાની જ. ટંડનજીના ગયા પછી એક છકડો ભાડે કરી અમે પ્રયાગતીર્થ તરફ હંકારી ગયા. અલ્લાહાબાદ શહેરનો સરિયામ રસ્તો વીંધીને લગભગ ચાર માઈલ સુધી અમને લોકજીવન નીરખતાં જતાં વખત લાંબો લાગ્યો નહિ, પણ લગભગ સવા કલાકે ત્યાં પહોંચ્યા.

પ્રયાગ સંગમ

● પ્રયાગ સંગમ આગળ બંને મહાનદીઓના પટ શહેરની સપાટીથી ઘણા નીચા-લગભગ વીસ ફૂટ જેટલા-ઊતરી ગએલા છે, પણ યુગોથી નદીનાં પૂરોએ તેનો વિસ્તાર એટલો બધો વધારી દીધો છે કે બે નદી મળે છે તેની વચ્ચેના રેતાળ પ્રદેશમાં બાર વર્ષે ભરાતો કુંભ મેળો તેમાં સમાઈ જાય છે. લગભગ વીસ લાખ માણસોની મેદની ત્યાં જામે છે અને આખા હિંદુસ્તાનના ધર્મ સંપ્રદાયોનાં ભાવિક નરનારીઓ, વેરાગીઓ, વેપારીઓ અને રખડુઓનો ત્યાં સંપર્ક જામે છે. એનો બંદોબસ્ત રાખવા ખાસ પોલીસ, ખાસ મ્યુનિસિપાલિટી તથા અનેક સેવાસંઘોનો પ્રબંધ થાય છે. આ મેળો જગતનો મહામેળો ગણાય છે, કારણ કે આ મેળાની સંખ્યા જેટલી બીજા કોઈ મેળાની સંખ્યાપરંપરા થતી નથી. આખા આર્યાવર્તની એકતા સાધવા પ્રાચીન મહર્ષિઓ અને સંત મહાત્માઓએ આ સ્થાનનું માહાત્મ્ય કેવી રીતે જમાવી દીધું છે તે વિચારીએ તો આશ્ચર્યકારક પ્રકાર લાગે છે. ગઈ સાલ કુંભમેળો થયો હતો, પણ યુદ્ધના પ્રસંગોએ નવા આવનાર પર અંકુશો મૂકી દીધા હતા. અમે ગયા ત્યારે તો એ પ્રદેશ સાવ ખાલી હતો. માત્ર પંડાઓની કુટિરો અહીંતહીં નામો અને ચિહ્નોવાળા ધ્વજમરા ફરકાવી રહી હતી. અમે નદીના પટમાં ઊતર્યા કે તરત પંડાઓએ અમારો પીછો પકડેલો, પણ અમે જાત્રાળુ નથી, જ્ઞાનપ્રવાસીઓ જ છીએ એવો ખુલાસો પાઠકજી સ્થાનિક ઢબે આપી દેતા એટલે ચૂપ થઈ જતા. આ પંડાઓ જાત્રાળુઓને પોતાની કુટિરમાં મુકામ આપે, તેમનાં કપડાં જોડા વગેરે સાચવે, વિધિપૂર્વક



અલ્લાહાબાદમાં પ્રયાગ-સંગમ આગળ યાત્રાળુઓની હોડીઓ

સ્નાન કરાવે અને શ્રદ્ધાપ્રમાણે દાન ઉઘરાવે છે. અમારે કોઈનું કામ નહોતું, છતાં એક પંડ્યો જિદ્દ કરીને પણ અમે સંગમ આગળ જવા એક હોડી કરી તેમાં ચડી બેઠો. એને આશા હતી કે સ્નાન કરતી વેળા તો તેને તક મળશે. હોડી સંગમમાં યમુનાના પ્રવાહમાં જ ઊભી રહે છે. ગંગાનો પ્રવાહ બહુ વેગવંત હોવાથી કોઇ તે બાજુ નહાવા જતું નથી. સંગમ ત્રિકોણ આગળ લાકડાનો એક લાંબો ડક્કો બાંધેલો છે, તેને વળગી લોકો સ્નાન કરી લે છે. વળી ત્યાં યમુનાના કાચબાનું પણ બહુ જોર છે. ઘણી વાર તે માણસોને બચકાં ભરી જાય છે. કપડાં ધોવાનું સાધન તો ત્યાં હોય જ શાનું? ભીને કપડે હોડીમાં ચડી કોરાં બદલી લેવાનાં. અમે ઉપરની ચેતવણી અને સાવચેતીઓ પાળી સ્નાન કરી લીધું અને હોડી પાછી ફેરવી. પેલા પંડ્યાજીને કંઇ આશ્વાસન ન અપાયું, પણ હોડીવાળાને એક આનો વધારે આપ્યો. પંડાઓનું જોર એટલું બધું હોય છે કે તેઓ હોડી ઠરાવી આપે તો હોડીવાળા પર તેમનો હક ચડે ! અમસ્થા બેસવા દેવાની તો કોઈ પંડાને ના જ ન પડાય. આ પંડાઓ મુસાફરોની પ્રામાણિક સેવા કરે અને સંસ્કૃતિના આ દાનપ્રદાનના કાર્યમાં પ્રયાસ કરે તો આખા ભારતવર્ષને ઉપકાર કરી શકે. બરોબર એક વાગ્યે અમે મુકામ પર પહોંચ્યા અને યાત્રાના તપથી ક્ષુધાદેવી પ્રસન્ન થયાં હતાં તેમને પાઠકજીની અન્નકુટિરમાં વધાવી લીધાં. તે પછી થાકે પણ થોડો હક કરી આંખ મીંચાવી દીધી.

કલાકાર સુખવીરસિંહજી સન્યાલ

● પંદરેક મિનિટ બાદ જાગ્યો તો કોઈ યુવાન સાથે પાઠકજીને વાર્તાલાપમાં ગુંથેલા સાંભળ્યા. લીડરની સવારની જાહેરાત વાંચી એ ભાઈ આવી પહોંચેલા. લખનૌ આર્ટ સ્કૂલમાં કલાવિભાગમાં ડીપ્લોમા લઇ આવેલા એ યુવાન કલાકાર સુખવીરસિંહ સન્યાલે ભાઇ છગનલાલ જાદવ પાસેથી મારો પરિચય મેળવેલો, એટલે આકર્ષાઇ સંપર્ક સાધવા ધાર્યું હતું. એ ભાઇએ પોતાની કળાશાળા ઉઘાડી છે અને યુનિવર્સિટીના આશ્રયે એક કળાવર્ગ ચલાવે છે. તેમણે આગ્રહ કર્યો કે મારે તેમની શાળા જોવી. સમયની ખેંચ હતી, પણ નિરુપાયે તેમને વશ થવું પડ્યું. શ્રી પાઠકજીએ બે મિત્રોને બોલાવી, બીજા મુલાકાતીઓને ચાર વાગ્યે મ્યૂઝિયમનો વાયદો આપવો ઠરાવી, અમારાં બિસ્તરા પોટલાં સાથે ટાંગો ઉપાડ્યો. સામાન પ્રથમ વેઇટિંગ રૂમમાં મૂકી દીધો અને પછી આગળ ચાલ્યા. અંતર બહુ લાંબું જણાયું, પણ તેથી અલ્લાહાબાદની એક બીજી બાજુ જોવા મળી. માર્ગમાં નહેરૂજીના આનંદભવનનાં દર્શન કર્યાં. સુખવીરસિંહજીની શાળા એક બંગલાના નીચલા [illegible]માં હતી. પ્રકાશની કે બેઠકની ગોઠવણ બરોબર નહોતી, પણ તેણે

વિખ્યાત નૃત્યકાર ઉદયશંકરે, આલ્મોડાના પોતાના આ મંગલપ્રવચન સર્વ કક્ષાના

તમારા મનમાં ઘણી અભિલાષાઓ હશે. શીખીને, શીખવીને તેમજ આત્મસુધારણા કરીને તમે મહાનૃત્યકાર બનવા ચાહતા હશો. પરંતુ આ કેન્દ્રમાં તો ઘણું આપલેના સિદ્ધાન્તો પર આધાર રાખે છે. આ કેન્દ્રનો ખાસ હેતુ મહાન નૃત્યકારો બહાર પાડવાનો નથી; તેમજ તમને ધંધાપ્રવીણો બનવા પણ ટેકો નહિ જ મળે. એમ છતાં જો તમે પાયાના અસલ ગુણોનો વિકાસ કરી શકશો તો સારા નૃત્યકાર થવાની આશા જરૂર રાખી શકો. અને તે પણ ન થઈ શકે તો ય તમને પસંદ પડતી કોઈપણ જીવનશ્રેણીમાં કૌશલ્ય દાખવી શકશો. આજની કેળવણીમાં જેનો અભાવ છે એવા ઘણા આંતરબાહ્ય સંસ્કારો તમે આ તાલીમથી મેળવી શકશો. તમારી મૌલિકતાને દાબી દઇ ઈતર તત્ત્વોનો બોજો તમારા પર અમે જરા યે લાદવા માગતા નથી. તમારાપણું જ વિકાસ પામે, તમારો જ આત્મા પ્રકાશમાન થાય અને જીવનમાં તમારા માટે જે કંઇ કલ્યાણમય હોય તેને તમે પિછાની શકો એ જ અમારો આશય છે. આટલું કહી જવું જેટલું સરળ છે તેટલું જ તે કર્તવ્યમાં મૂકવું કે પાર ઉતારવું એ દુર્ઘટ કાર્ય છે

અહીંની તાલીમમાં તમે ચિત્તને એકાગ્ર કરતાં શીખશો, કલ્પના પામશો, વસ્તુનું યથાર્થ દર્શન કરતા થશો અને કોઇપણ જાતના ભ્રમ વિના અન્વેષણ કરતા થશો. બધી ક્રિયાઓ દ્વારા તમે તમારૂં આત્મસ્વરૂપ સ્પષ્ટપણે જોઇ શકશો. આ સ્થાનમાં તમારા આરામ ખાતર, વૈભવ કે વિલાસ ખાતર આપીએ એવી કોઇ સામગ્રી નથી. પણ તમને જે નાનકડો ખંડ રહેવાને મળેલો હોય તે સ્વચ્છ, સુઘડ અને સાફચટાક રાખજો. તમારી પાસે સાધન હોય તો તમારો વાસ ભલે શણગારો, પણ જો તમે અકિંચન હો તો તમે વધારે શ્રમ લઇ સ્વચ્છ અને ચપળ બની શકો છો. ફૂલો, પાનો, વૃક્ષડાળીઓ કે બીજી સેંકડો ચીજોથી કુદરત તમારા સાદા અને ચોખ્ખા વાતાવરણમાં આનંદ અને સુંદરતાની ભેટ કરશે. આ રીતે તમારા નિવાસગૃહ ઉપરાંત તમારૂં શરીર પણ બહારથી અને અંદરથી સ્વચ્છ અને પવિત્ર રાખજો. એ અત્યંત મહત્ત્વનું છે. ગમે તેવા ગંદા ગપાટાથી, બીજાને દુઃખ લાગે યા ગેરસમજ થાય એવા વાક્પ્રહારોથી બચજો. જે વાત તમે પૂરી જાણતા ન હો તેની ચર્ચામાં ઊતરી ન પડતા. એવી વાતના વેગમાં તમે સારૂં કરવાને બદલે કંઈક અવળું જ કરી બેસશો.

વર્ગમાં આવો ત્યારે તમારા અભ્યાસના વિષય ઉપર જ વિચાર કરજો. કળાતત્ત્વ બહુ ગહન અને ગંભીર છે. તે દ્વારા આપણે જીવનનું સંશોધન અને નિરાકરણ સાધવાનું છે. આજકાલ તો સમય બહુ બૂરો છે. બધો દેખાવ નિરાશાયુક્ત છે. અને તેનું કારણ એ પણ હોય કે આપણે જીવનમાં, સમાજમાં અને શાળામાં જોઇતો વિકાસ પામી શક્યા નહોતા. આપણે તો અંદર કે બહારની દુષ્ટતા અને મલિનતાઓ ઈચ્છતા પણ નથી. પણ કલા અને સંસ્કૃતિ દ્વારા જો આપણે આત્મદર્શન પામી શક્યા હોત, સમભાવપૂર્વક સૌંદર્યનું દર્શન કરી શક્યા હોત તો આ સર્વનાશના વંટોળમાં તણાયા ન જ હોત.

તેની સજાવટ બહુ સુંદર કરી હતી. લખનૌ આર્ટ સ્કૂલમાંથી તેણે રંગ અને રેખાની હથોટીમાં સારી પ્રવીણતા મેળવી હતી. ચિત્રના વિષયો મોટે ભાગે રાધાકૃષ્ણ કે પુરાણોના હતા. અદ્યતન જીવનની વિચારસરણી તેમાં પ્રવેશી નહોતી, તેમ શિક્ષણની કોઈ સ્થિર પ્રણાલિનો ખ્યાલ હજુ મળ્યો નહોતો. પણ તેનો ઉત્સાહ ઘણો હતો. તે જો

કલા-સંસ્કાર-કેન્દ્રના સત્રારંભે વિદ્યાર્થીઓને ઉદ્દેશીને કરેલું વિદ્યાર્થીઓને સર્વ કાળે ઉદ્બોધક નીવડે એવાં તત્ત્વો ધરાવે છે.



તમે બધા તો અહીં કળા શીખવા આવ્યા છો, પણ આજે કળાકારને જે અર્થમાં આપણે ઓળખીએ છીએ તેવા થવા કરતાં તમે લોકવિધાતાઓ બનો એવું ચાહું છું. તમે પોતે એક તત્ત્વ છો. તમ પ્રત્યેકમાં મહાન અંશ છે. પણ તમારી લાયકાત તમારે જ ઓળખીને તમારા ધ્યેયની સાધના પાછળ લગાડવી રહી.

અહીં આપણે ત્યાં બધા જુદાજુદા દેશો અને જાતિઓનો મેળો થયો છે. બીજાઓની જાતીયતા અને સંપ્રદાયને બરોબર સમજી તેની તરફ માનદૃષ્ટિ બતાવી આપણે ધર્મ અને જાતીયતામાં સમભાવ કેળવવો જોઇએ; એટલેકે એકબીજા પ્રતિ સદ્ભાવ જાળવવો જોઇએ.

તમે તમારો પિતૃધર્મ પણ ન વીસરતા. કેટલાંયે માબાપોએ પોતાનાં સગાંઓ અને પડોશીઓની ટીકા ને વિરોધ વહોરી પોતાનાં પુત્રપુત્રીઓને કંઈક નવો પ્રકાશ અને અનુભવ લેવા અહીં મોકલ્યાં હશે. તમારી કળા અને સંસ્કૃતિની પ્રીતિ સાચી હોય તો તમારો એ ધર્મ છે કે તેમની પાસે પાછા જાઓ ત્યારે તમારું વર્તન, વાતચિત અને દૃષ્ટિબિંદુ એવાં થયાં હોવાં જોઇએ કે તેમને જ પ્રતીતિ થાય કે તમારી અંદર કંઈક વિકાસ થયો છે અને આ સંસ્થામાં તમને મોકલવામાં તેમણે કશી ભૂલ કરી નથી. તમારા મિત્રો અને સંબંધીજનો તમારામાં થએલું પરિવર્તન જોઈ શકે ત્યારે અમને પણ સંતોષ થાય કે તમે અહીંથી કંઈક પામ્યા છો. અમે તો અમારી પાસે જે કંઈ પદ્ધતિ છે તે પ્રમાણે તાલીમ આપીશું, પણ આ બધી જવાબદારી તો તમારી પોતાની છે.

તમને ઘણી યે એવી વાતો મૂંઝવશે કે જેનો મને પણ ખ્યાલ ન હોય. સામે પડેલી એવી બાબત પર તમારે પૂરો વિચાર કરવો પડશે અને આપણું ધ્યેય લક્ષમાં રાખી તેનું ઉત્તમ નિરાકરણ કરવું પડશે. કાલ શું બનશે તે કોઈ જાણતું નથી. પણ યાદ રાખજો કે આપણે પણ મનુષ્યજીવો છીએ, અને હિંદમાં કે હિંદ બહાર દુઃખી થતા એવા બીજા જીવો માટે આપણે અનુકંપા ધરવી જોઇએ. તમે અહીં સલામત ને આરામરક્ષિત છો, પણ લાખો પર આજે યાતના ગુજરી રહી છે તે ચિત્ર ભૂલતા નહિ. તમારા બંધુઓને સહાય કરવા કંઈક જરૂર કરજો. તમારા પોતાથી જ, માત્ર ભોજનશાળામાંથી જ, શરૂઆત કરો. તમને કોઈ ઓછું પીરસે કે પીરસવાનું ભૂલી જાય, કોઇ વીસરી જાય કે તમને જવાબ આપી ન શકે, તો ફફડી ન ઊઠતા કે મનમાં દાઝ ન રાખતા. સામાની મુશ્કેલીનો વિચાર કરજો. આ એક નાનકડું સંસ્થાન છે, પ્રયોગશાળા છે. એકબીજાને મદદ કરો, ઉપકારક બનો; આનંદ આપો અને લ્યો. એમાંથી કોઈ દિવસે વધીને જગત્ આખાના માનવીઓ સુધી તમારી લાગણી વિસ્તરશે ને દરેક દેશ, ધર્મ ને જાતિમાં રહેલ પરમાત્મ-અંશ જોડે એકતા પામશે. અહીં જ તમે તમારી જાતને ઓળખી તથા સાથે બીજાને ઓળખી તેની લાગણી પિછાનતાં શીખશો.

તમારા વર્ગમાં નિયમિતપણે હાજર થજો. આવો ત્યારે અભ્યાસ માટે તાજગી, પ્રસન્નતા અને ગ્રહણ કરવા તથા શીખવાની તીવ્રેચ્છા સાથે આવજો. અમે અમારાથી બનતું સર્વ કંઇ કરીશું. આ કલાગૃહમાં આવો ત્યારે દિલ ખુલ્લું રાખજો, જે કંઇ શીખવાનું હોય તે માટે તત્પરતા દાખવજો, અને બહાર જાઓ ત્યારે જે શીખ્યા હો તે પર ચિંતન કરજો અને ક્યાં જઇ રહ્યા છો તે સમજજો.

કદી નિરુદ્યોગીપણે વખત જવા ન દેતા. તમે અતિશય બોજો ખેંચો એવું હું નથી કહેતો; પણ તમારા સમયનો કંઇ ને કંઈ સદુપયોગ કરજો. જેમ તમે કંઇ કામ શોધશો તેમ તમને પ્રયોગની, વિચારવાની અને શીખવાની તકો મળતી જશે. તે સાથે તમને મોટો આત્મસંતોષ થશે અને સુખ જણાશે. કેટલાકમાં એવી શક્તિ હોય છે કે બતાવેલી ચાલ તુરત સમજી જાય છે કે પકડી લે છે. તેઓ ઘણીવાર માને છે કે હવે વધુ કંઈ કરવાનું નથી અને સમય જવા દે છે. આ તેમની ભૂલ છે; કારણકે કરવાનું, શીખવાનું, સમજવાનું એટલું બધું છે કે જેમને ભાન છે તેમને એક નહિ પણ અનેક જન્મો પણ પૂરતા લાગતા નથી.

છેવટે એટલું જ કહું છું કે આ આશ્રમમાં હો ત્યાં સુધી તમારા ઘરમાં જ છો એમ માનજો. જરા યે મૂંઝાશો નહિ. અમે તમારી પડખે જ છીએ. જૂના વિદ્યાર્થીઓને હું કહું છું કે નવા આવેલાને મદદ કરજો. તમે જે કંઇ શીખ્યા હો તે તેમને બતાવજો. તમારામાં સાચી ધગશ હશે, જીવન અને કળા એક જ છે એવું તમે માનતા હશો તો જ તમે શીખેલું સાર્થક થશે. અહીં તમે જે ગુરુઓ પાસે શીખવાના છો તે પ્રત્યેકને સંપૂર્ણ માન અને સદ્ભાવ અર્પજો. તેઓ એમના ક્ષેત્રના મહાન આચાર્યો છે. તમારા અંતઃકરણની અધીનતા વિના તમે એમની પાસેથી કશું શીખી શકવાના નથી. પ્રાચીન કાળમાં ગુરુશિષ્યો વચ્ચે એવો પવિત્ર અને ઉચ્ચ સંબંધ હતો અને તેથી જ આ દેશ મહાન બની શક્યો હતો. સદ્ગુરુનું માહાત્મ્ય અપાર ગણાયું છે.

દેશના શિક્ષણવિધાયકો તથા ઘડાતી રાષ્ટ્રીય શિક્ષા તરફ નજર રાખી પોતાના પ્રયોગો કરે તો તેને કાર્ય કરવાને મોટું ક્ષેત્ર હાથ લાગ્યું હતું ને તેમાં સફળ થાય એમ હતું. વિદ્યાર્થીઓને તો હું ન જ મળી શક્યો, પણ ત્યાં આવવા જવામાં જે વખત ગયો તેના પ્રમાણમાં હું ત્યાં વખત ગાળી શકું એમ નહોતું એટલે જલ્દી વિદાય લઈ ચાર વાગ્યે મ્યૂઝિયમમાં ટંડનજી પાસે હાજરી આપવા ઉતાવળ કરી. માર્ગમાં મ્યુનિસિપાલિટી તરફથી દર વર્ષે ઔદ્યોગિક પ્રદર્શન ભરાય છે તેની તૈયારીઓ જોઈ. મ્યુનિસિપાલિટીએ ચોક્કસ જગ્યા નક્કી કરી રાખી છે, ત્યાં દર વર્ષે દુકાનો બાંધી આપે છે અને તેમાં સ્વદેશી માલની જ દુકાનોનું પ્રદર્શન ભરે છે. સાથે તમાશા, ગમ્મત અને રંજનનાં

સાધનો અને સંસ્થાઓ પણ હોય છે. મોટાં શહેરોએ આ દાખલો લેવા જેવો ખરો.

અલ્લાહાબાદ મ્યૂઝિયમ

• અમે જે કૉમ્પાઉન્ડમાં દાખલ થયા ત્યાં મ્યુ. ઝાડુવાળાઓની મોટી મેદનીએ ચોગાન રોકી લીધું હતું. તેનો ખુલાસો પૂછતાં જણાયું કે અલ્લાહાબાદના મ્યૂઝિયમને પોતીકું મકાન નથી, એટલે મ્યુનિસિપાલિટીએ ઑફિસોના મકાનમાં નીચેના ભાગમાં થોડા ઓરડા કાઢી આપ્યા છે. તેમાં એજ્યુકેશનલ ઑફિસર શ્રી વ્યાસજીના પ્રયાસથી તેનો પ્રારંભ થયો છે; અને આજે નોકરોનો પગારનો દિવસ હોવાથી જ નોકરોની ત્યાં ગિર્દી દેખાતી હતી.

મકાનના પાછળના ભાગમાં જતાં જ ચારે તરફ ખંડેરોમાંથી આણેલી આખીપાખી મૂર્તિઓ તથા સ્થંભોના ઢગલા ને ઢગલા દેખાયા. અત્યંત મહત્ત્વની મૂર્તિઓ જ મકાનમાં મૂકવાની જગ્યા મળી હતી. મકાનના દરવાજે ટંડન સાહેબ અમારી પ્રતીક્ષા કરી રહ્યા હતા. હાથ પરની ઘડિયાળ જોઇ તુરત કહેઃ 'મારે આપનો વખત વિચારવો પડશે. વ્યાસજી પોતે અહીં હોત તો આપને આમ જવા ન દેત. આ મ્યૂઝિયમ જોવાને કમતીમાં કમતી ત્રણ દિવસ તમને રોકી શકે એટલું તેમને દરેક વસ્તુ માટે કહેવાનું હોય છે. બોલો, ક્યાંથી શરૂ કરીશું? રોરીક ભવન પહેલું જોઈ લઇએ.' ત્યાં એક જ ખંડમાં વીસેક જેટલાં અસલ રોરીક-ચિત્રોનો સમાવેશ સુંદરરીતે કરેલો હતો. મકાનની ગોઠવણ જોઈએ તેવી નહોતી, એટલે પ્રકાશ માટે વીજળીક રોશની ગોઠવેલી હતી. ખંડો નાના હોવાથી રોરીક-ચિત્રોને ઉચિત રચના તો નહોતી થઈ શકી, પણ તેમણે શક્ય એટલું કરી નાખ્યું હતું. ભીંત પર તેમનાં છપાએલાં ચિત્રોની પ્લેટો મૂકી હતી. ઉપરાંત તેમના પરિચય સાથે ચિત્રો ઉપર વિવેચના કરતું એક કૅટલગ પણ છપાવી નાખ્યું હતું. શ્રી રોરીકનું દૃષ્ટાંત લઈ લખનૌના કલાધ્યક્ષ શ્રી અસીત હાલદારે પણ પોતાનો કેટલોક ચિત્રસંગ્રહ ત્યાં આપી દીધો છે. તેને હાલદાર ભવન નામ આપેલું છે. અહીં મને એ કલાકારનાં કેટલાંક નાનાં સુંદર કાવ્ય-ચિત્રો જોવાનાં મળ્યાં. તેમનાં મોટાં ચિત્રો કરતાં એમાં તેમણે વિશેષ ગીતપ્રતિભા બતાવી છે. તેઓ સારા કવિ પણ છે એ મેં અહીં જાણ્યું.

ત્રીજા કલાકાર શ્રી અનાગરિક ગોવિંદનાં સુંદર ધાર્મિક ભાવના-વાળાં ચિત્રોનો એક ખંડ ત્યાં જોયો. આ કલાકાર જન્મે યુરોપીઅન અને ધર્માંતરથી બૌદ્ધ થએલા છે અને હિંદમાં કાયમ માટે વસ્યા છે. જન્મથી જ આધ્યાત્મિક ભાવનાવાળા હોઈ એ મહાપંડિત, કવિ અને જબરા પ્રવાસી છે. એમની કળામાં ચિંતન, સર્જકતા તથા શાંત આધ્યાત્મિક સૌંદર્યભાવ પ્રવર્તે છે રંગ અને ચિત્રવિધાનમાં તે પૂર્ણ કુશળતા દાખવે છે. એમણે પોતાનો વિશાળ ચિત્રસંગ્રહ અને પુષ્કળ સ્કેચ બુકો અહીં અર્પણ કર્યા છે અને સંગ્રાહકોએ પણ બહુ કાળજીપૂર્વક તેનું પ્રદર્શન ગોઠવ્યું છે. તેમના વિષે અંગ્રેજીમાં શ્રી રામચંદ્ર ટંડને લખેલું પુસ્તક કિતાબિસ્તાને પ્રસિદ્ધ કર્યું છે અહીંનું કિતાબિસ્તાન આખા હિંદમાં ઉત્તમ અને સુંદર પુસ્તકો પ્રકટ કરનાર સંસ્થા તરીકે જાણીતું છે.

આવા ભેટના સંગ્રહો ઉપરાંત શ્રી જવાહરલાલજીએ પોતાને દેશે-દેશમાંથી મળેલાં માનપત્રો અને ભેટપદાર્થો પણ અહીં આપી દીધા છે, તેથી તેનો આખો એક ઓરડો ભરચક બનેલો છે. તેમાં અમદાવાદની જાળીવાળું માનપત્ર પણ ધ્યાન ખેંચતું હતું.

પ્રાચીન કૌશામ્બીના અવશેષો

● અલ્લાહાબાદ મ્યૂઝિયમનું ખાસ આકર્ષણ તો ૨૭૦૦ વર્ષ પૂર્વે જાહોજલાલી ભોગવી ગએલી પ્રાચીન કૌશામ્બી નગરીમાંથી જથ્થાબંધ મળી આવેલી મૃણ્મૂર્તિઓ છે, ને તેનું માન મ્યુનિસિપલ વિદ્યાધિકારી શ્રી વ્યાસજીને ભાગે જાય છે. વિદ્યા અને કળાના એ મહા વિદ્વાન સેવકનાં દર્શન તો મને ન થઇ શક્યાં, પણ તેમના સહધર્મીઓ તેમની વાત કરતાં થાકતા ન હતા. આ કામ પાછળ વ્યાસજીએ નથી જોયા રાત કે દહાડો. નોકરી ઉપરાંતની આવી સંસ્કૃતિસેવા બજાવનારા અધિકારીઓ વિરલ હોય છે. અલ્લાહાબાદથી ચાળીસ માઇલ ઉપર જંગલમાંનાં ખંડેરો ખોદીખોદી તેમણે હજારો માટીમૂર્તિઓ અને શિલ્પમૂર્તિઓ ગાડાંમાં નાખી અહીં ભેગી કરી છે. સરકારી પુરાતત્ત્વના વડા પાસેથી પણ મથુરા, સાંચી, મોંહે-જો-ડેરો વગેરે સ્થળોના અવશેષોમાંથી ભાગ મેળવ્યો છે. જગ્યાનો અભાવ હોવાથી કેટલાક તો બહાર પતરાંની છત્રીઓ ને છાપરાં કરી ખડકી દીધાં છે. હવે મ્યૂઝિયમની કિંમત બહારની ગણત્રીમાં આવી છે, એટલે મ્યુનિસિપાલિટીએ પણ એક અલાહેદું મકાન બાંધવા તજવીજ આદરી છે. હાલ તો એક કારકુન અને થોડા નોકરોથી કામ નભે છે. વાર્ષિક માત્ર રૂા. ૨૦૦૦ જેટલા જૂજ ખર્ચમાં આ મહાન ઉપયોગી જનકાર્ય ચાલે છે. તેનો યશ શ્રી વ્યાસ જેવા સેવાભાવી સજ્જન ને શ્રી રામચંદ્ર ટંડન જેવા તેમના સહધર્મીઓને ઘટે છે. કૌશામ્બીની માટીપ્રતિમાઓમાં કેટલીક બાળકોએ કરેલી લાગે તો કેટલીકમાં ઉસ્તાદી હાથોએ ભાવ-લાવણ્ય ને મુદ્રાની પરિપૂર્ણતા દાખવેલાં લાગે. આપણને એમ જ લાગે કે ઘેરેઘેર આ કળા હસ્તગત કરવાની રૂઢી પડી હશે. મૂઠી કે ખોબામાં સમાય એવડી આ પૂતળીઓમાંથી એ કાળનાં હજારો નરનારી-ઓનાં મોં, વસ્ત્રપરિધાન, કેશગુંફન, ચહેરાની દાઢી, મૂછો કે વાળની ઢબો વગેરે સ્પષ્ટ સમજતાં વાર લાગતી નથી. એ ખંડેરોમાંથી કેટલીક માળાઓ ને મણકા નીકળ્યાં છે, તેના આધારે મૂર્તિઓના આકાર પ્રમાણે એમણે સ્થાનિક કલાકાર પાસે સંપૂર્ણ મોટાં ચિત્રો કરાવ્યાં છે, તે જોતાં આજની વસ્ત્રરૂપની સજાવટ ઝાંખી પડે છે. આ વસ્તુ-ઓનાં સુંદર ચિત્રો વિના તેનો ખ્યાલ આપવો મુશ્કેલ છે અને એ કાર્ય તો ઘણા કુશળ કલાકારોનો સહકાર માગે છે. મ્યૂઝિયમમાં મુઘલ અને રાજપુત યુગનાં અસલ ચિત્રોનો પણ સારો સંગ્રહ જોયો. શ્રી ટંડનજીએ મને બતાવવા યોગ્ય તસ્વીરો અને ચીજો આગળથી બહાર કઢાવી મૂકી હતી, એટલે એ ટૂંક વખતમાં પણ કલાવૈભવના સામ્રાજ્યમાં હું ડૂબકી મારી શક્યો, અને પેધડેપગનો બ્રહ્મોપદેશ લઇ બહાર નીકળ્યો. બહારના કૉમ્પાઉન્ડમાં પણ કોઈકોઈ ચીજો મારી આંખ ખેંચી પકડતી હતી. હિંદનું કલાશિક્ષણ અને સૌંદર્ય-ભાવના પ્રકટાવવાને આટઆટલો વિપુલ ભંડાર તૈયાર હોવા છતાં તેનો પ્રયોગ કેમ નથી થઈ શક્યો તે જ વિમાસણ મને થઈ.

મ્યૂઝિયમ સ્ટેશનની નજીકમાં જ છે, એટલે છેલ્લી ઘડી સુધી જોવાય તેટલું જોયું. પા કલાક રહ્યો એટલે ટંડનજીએ ઘડિયાળની સાક્ષી પૂરી અને સ્ટેશન તરફ સૌ ચાલી નીકળ્યા. આ પરિચયસમય દરમ્યાન અમારે વચમાં ઘણી વાતો થઈ. એક જ ભાવનાવાળા સજ્જનો થોડા સમયમાં પણ ચિરસંબંધી બની શકે છે તેનો અનુભવ થયો. ભવિષ્યમાં કલાસમુદ્ધારની કોઈ યોજના થઈ શકે તો તેમાં સંપૂર્ણ સહાય અને સહકારની તેમણે ખાત્રી આપી. ટ્રેન આવતાં પહેલાં તેમણે સ્ટેશન ઉપર પોતાની સાથે ઉપાહાર લેવાનો લહાવ અમને આપ્યો. તેમણે ઘણી ઇચ્છા કરી કે વધુ રોકાઈ બીજાઓને મળવા સભા કરવી, પણ હું હવે વધુ રોકાવા તૈયાર નહોતો. ટ્રેન ઊપડી ત્યાં સુધી શ્રી વાચસ્પતિ પાઠકજીની પણ હૃદયોર્મિઓ ઊછળતી જ જોઇ. સુજનતા તથા મિત્રતાનો પમરાટ મારા હૃદયપટ પર છવાઇ ગયો.

(ચાલુ)

ર. મ. રા.

ભાવનાશીલ અને તરવરાટભર્યા, મુંબાઈના તરુણ-તેજસ્વી મેયર



યુસુફ મહેરઅલી

મુંબઈના મેયરની ચૂંટણી દર વર્ષે થાય છે, તેમાં હિંદુ પારસી અને મુસ્લિમ વ્યક્તિઓને વારાફરતી પસંદગી મળે છે. આ વર્ષે એ જગ્યા મેળવનાર શ્રી યુસુફ મહેરઅલી, એ સ્થાન આજ સુધીમાં મેળવવા ભાગ્યશાળી બનેલાઓમાં સૌથી નાની વયના છે.

હમણાં હમણાં તેઓ જ્યાંત્યાં તેમની શુભ્ર ખાદીની તુમાન, શેરવાની, ટોપી અને સફેદ કૅનવાસ જોડામાં નજરે પડતા; પણ યૂથ લીગના દિવસો પૂર્વે કૉલેજના દિવસોમાં ભણતા ત્યારે તો સર્જનો કડકડતો લીલો કોટ, પૅન્ટ, તેવા જ રંગની નેકટાઈ અને આસ્ત્રાખાની કાળી ટોપી પહેરી ફરતા. એવા જ પોષાકમાં તેઓ એકવાર મારવાડી વિદ્યાલયની જાહેર ચર્ચામાં ભાગ લેવા હાજર થયા. 'સ્વદેશી અને બહિષ્કાર'ની ચર્ચા થતી હતી અને મહેરઅલી સ્વદેશી ને બહિષ્કાર-નું સમર્થન કરતા હતા. વિરુદ્ધ બાજુ પુરુષોત્તમદાસ ત્રીકમદાસ–જે સ્વરાજપક્ષમાં સામીલ થયા હતા અને બૅરિસ્ટરના ધંધામાં ઝૂકી પડ્યા હતા તથા એકવાર કૉંગ્રેસ સોશ્યાલિસ્ટ પક્ષનું સરસ કામ કરનાર હતા–તેણે ચર્ચાનો સામનો કરતાં મહેરઅલીના અંગ પરનાં કપડાં વિલાયતી છે એવું માની લઈ તેને ખીજવવા કંઇક કહ્યું, એટલે મહેર-અલી પોતાની જગ્યાએથી એકદમ ઉછળીને તાડુક્યા: 'વાદવિવાદમાં વ્યક્તિગત વાંધાસાંધા કાઢવાની રીતનો જોકે નિષેધ છે; પણ તે વાત બાજુ રાખી હું આવ્હાન કરું છું કે મારા અંગ પરનાં કપડાં વિલાયતી છે એવું સાબિત કરી આપનારને મારૂં નાક કાપવા ધરીશ!'

મહેરઅલીનો એ વખતનો આવેશ અને તડફડાટી, તે આસ્તે આસ્તે ચાળીસ વર્ષ પાર કરી ગયા છતાં, હજુ કાયમ જ છે. જોકે તારુણ્ય-સુલભ ઉત્સાહ તેને કોઇકોઇવાર હજુ પણ ઉછ્રૃંખલ બનાવી દે છે; તો પણ બીજી બધી રીતે એ અતિ મનોહર પ્રકૃતિના, પરોપકારી ને લોક-કલ્યાણની બધી બાજુઓની હીલચાલમાં યશસ્વી થએલા ગૃહસ્થ છે.

કૉલેજમાંથી જ એમણે સાર્વજનિક જીવનની શરૂઆત કરી ને એ વખતે જ તે નેતા તરીકે બહાર પડ્યા. નેતાગીરી સિવાય નીચેનું કામ તે કરતા જ નથી એવું કંઇ નથી; પણ નેતાગીરી તેની બધી હીલ-ચાલનું લક્ષ્ય બને છે. યશસ્વી નેતા બનવામાં જે થોડીઘણી અભિનય-ક્રિયાની જરૂર છે તે તેનામાં શોભી ઊઠે છે. યૂથ લીગની ચળવળમાં, સાયમન કમિશનના બહિષ્કારમાં, સત્યાગ્રહની હીલચાલમાં, મુંબઈ-ની ૧૯૩૯ની કૉંગ્રેસના જી.સી.ઓ.(સ્વયંસેવકોના પ્રમુખ) થઇને, કૉંગ્રેસ સમાજવાદી પક્ષના એક સંસ્થાપક થઇને, તેમજ મુંબઈ પ્રાંતિક કૉંગ્રેસ કમિટીના અને અખિલ ભારતીય કૉંગ્રેસ કમિટીના અનેક વર્ષોથી સભાસદ થઈને મોટી જવાબદારીનાં કામો તેઓ ઉત્સાહથી પાર પાડી શક્યા છે. અમારો તેમની સાથેનો પરિચય તો ચૌદેક વર્ષોનો જૂનો છે. ઈ. ૧૯૨૮માં નીકોરા મુકામે ભરાએલા યુવક સંમેલનમાં તેમણે 'કુમાર'ના તંત્રી સાથે ખૂબ અંગત ભાગ લઇ મહત્ત્વના ઠરાવો કરાવ્યા હતા. જુઓ અંક ૫૪મો.

મુંબઈ યુનિવર્સિટિના તેઓ બી. એ. એલએલ. બી. થયા છે, પણ રાજકીય પ્રવૃત્તિમાં નેતાપણું કરવાના આક્ષેપના કારણે મુંબઇ હાઈ-કોર્ટે તેમને સનદ આપી નહિ. તેમનું વક્તૃત્વ અસ્ખલિત ને હૃદય-સ્પર્શી છે. અંગ્રેજી, ગુજરાતી અને હિંદુસ્તાની એ ત્રણે ભાષાઓ તે પૂર્ણ પ્રભુતાથી વાપરી શકે છે. ગુમાસ્તા મંડળમાંની તેમની સફળતા આ ભાષાજ્ઞાનને પુષ્કળ આભારી છે. ઈ.૧૯૨૭માં મદ્રાસમાં અખિલ ભારતીય વિદ્યાર્થીઓના વક્તૃત્વની સ્પર્ધા થઈ તેમાં તેમને સુવર્ણપદક મળ્યો હતો. પંદરસોળ વર્ષના છેલ્લા આયુષ્યક્રમમાં તેમણે અનેકવાર તુરંગવાસ વેઠ્યો છે. ગયા એપ્રિલ માસમાં તેમની મેયરપદ માટે નિમણૂક થઈ તે પહેલાં ત્રણચાર દિવસ થયાં જ લાહોરની તુરંગમાંથી પંજાબ સરકારે તેમને છૂટા કર્યા હતા. આજે ફરી તે તુરંગમાં જ છે.

બહુ જ નાનપણથી મહેરઅલીનો સ્વભાવ મહત્ત્વાકાંક્ષી હતો અને એ સિદ્ધ કરવા તેણે સતત પ્રયાસ કર્યો છે. લોકપ્રિયતાની કળા તેણે ખૂબ અવગત કરી છે. મીઠી વાણી, હસતો ચહેરો, આકર્ષક વાર્તા-લાપ, બીજાનું મન પરખી યુક્તિથી પોતાની બાજુ વાળી લેવાનું કૌશલ્ય વગેરે ગુણો તેણે પરિશ્રમથી પ્રાપ્ત કર્યા છે, અને એ વક્તૃત્વ-ગુણના જોર પર જ તેમણે પરિણામકારી કામો બજાવ્યાં છે.

તેમની બધી કારકિર્દીની પાછળ તેમના કુટુંબનું મોટું પીઠબળ રહેલું છે. મહેરઅલીનો નિવાસ હજી સુધી ગોવાળીઆ ટૅંક પર એક જૂના બાંધકામવાળા મકાનમાં ભાડાના જ બ્લૉકમાં પોતાના ભાઇની જોડે છે. બીજા મજલા પર તેમનાં બહેન રહે છે. તેમની સાર્વજનિક પ્રવૃત્તિઓને કારણે કુટુંબના સંબંધોમાં તેમને જરા યે વાંધો આવ્યો નથી; કારણકે મહેરઅલી ગમે તે જોખમ વહોરે તો તેમાં તેની સાથે સોસવું અને સહાય કરવી એવો તેના ભાઇ અને ભ્રાતૃપત્ની તથા બહેન અને બનેવીનો પક્કો નિર્ધાર છે. ગમ્મતની વાત તો એ છે કે આ હકીકતથી ઘણા તેના એ મોટા ભાઈ હશે એમ માને છે, પણ ખરે-ખર તો તે નાના ભાઈ છે.

તેમની રાજકીય અને સાર્વજનિક કારકિર્દીથી જ મુખ્યતઃ તેમની મેયર તરીકે ચૂંટણી થઇ હતી. પણ તે સાહિત્ય, સંગીત અને કળાના ભારે ઉપાસક અને જાણકાર છે. હિંદુસ્તાનના લોકનેતાઓમાં તેમના જેવા રસિક થોડા હશે. તેમનો પોતાનો ગ્રંથસંગ્રહ ઘણો મોટો છે અને પોતાના મિત્રમંડળને તેનો લાભ મુક્ત હસ્તે આપે છે.

'કૉંગ્રેસ સોશ્યાલિસ્ટ' અને 'વાન્ગાર્ડ' પત્રો ચલાવવાની જવાબ

દારી તેમણે ઘણાં વર્ષો સંભાળી હતી. 'વાન્ગાર્ડ સીરીઝ' નામની એક માળા પણ તેમણે શરૂ કરી હતી, પરંતુ તેનું માત્ર એક જ પુસ્તક બહાર પડ્યું હતું. આજે વર્ષોથી તેમણે પોતાની વાતો અને પુસ્તકોથી હજારો તરુણોને પોતાની અસર તળે આણ્યા છે.

ત્રણચાર વર્ષ પહેલાં તે યુરોપ અને અમેરિકાનો પ્રવાસ કરી આવ્યા. ન્યૂ યૉર્કમાં અખિલ જગતના તરુણોની પરિષદ થઈ તેમાં મહેરઅલી હિંદુસ્તાનના યુવકોના પ્રતિનિધિ તરીકે ગયા હતા. અમેરિકા, મેક્સિકો અને ત્યાંનાં અનેક સંસ્થાનોમાં હિંદુસ્તાન વિષે ભાષણ આપવા માટે તેમને બહુ નિમંત્રણો મળ્યાં હતાં. બર્ટ્રાંડ રસેલ, જૉનસ્ટ્રાચી, લૉર્ડ લોથિયન, મેક્સિકોના પ્રમુખ કાર્ડેનાસ જેવા માણસો સાથે તેમણે મુલાકાત લઈ વાર્તાલાપો કર્યા છે. તુર્કસ્તાન, ઈરાન, મિસર ઇરાક, સીરિયા વગેરે ઈસ્લામી દેશમાં પણ પ્રવાસ કરી બહુમૂલ્ય અનુભવ પ્રાપ્ત કર્યો છે. મેક્સિકોમાં હતા ત્યારે ત્યાંનાં લોકનૃત્યોની એક ચોપડી 'કુમાર'ના તંત્રી પર મોકલી તેમણે જણાવેલું કે આવું હિંદુસ્તાન માટે ક્યારે કરશો?

મેયરપદ ઉપર તેઓ આવ્યા પછી તેમના પર અનેક ધર્મો, જાતિ અને કોમના તરુણોની ભિર્દી જામતી. મેયરની ખુરશી મળી છતાં તેમનો સ્વભાવ એનો એ રહ્યો છે. મોટા ખુલ્લા હાસ્યથી તે સર્વને મળે, ચાપાન સ્વાગત કરે, હસે ને જૂના સમાનભાવે મળે.

છતાં તેમણે મેયર તરીકે પોતાની તકેદારી ને તત્પરતા બધે સ્થળે બતાવી છે. મરીન ડ્રાઇવ પરની હોનારત કે એ.આર.પી. બાબતમાં ગવર્નરને સચોટ જવાબ વગેરે તેમની લાક્ષણિકતાના નમૂના છે. એક વર્ષમાં એ જગ્યાએથી બહુ કામ કરવાનો અવકાશ મળતો નથી. મેયરને ઘણી સભાઓ, જલસાઓ, ખાનપાનના મેળાવડાઓમાં હાજર રહેવું પડે છે. હિંદુસ્તાનની મ્યુનિસિપાલિટીનાં કર્તવ્યો કાયદાથી મર્યાદિત કરેલાં હોય છે. પાણી, ગટર, રોશની, રસ્તાની સફાઈ, નિશાળો, દવાખાનાં એવુંએવું કર્યું એટલે તેનું કામ પત્યું. એકાદ વાંચનાલય કે ઇસ્પિતાલ વધારે ત્યારે હદ થઈ કહેવાય. પણ કેળવણીની દષ્ટિએ, કળાની દષ્ટિએ, નાગરિકોનું જીવન નીરોગી, પ્રસન્ન અને સુસંસ્કૃત કરવાનો નિર્દેશ પણ થતો નથી. પ્રગતિમાન દેશોમાં મ્યુનિસિપાલિટી તરફથી સંગીત-શ્રવણની વ્યવસ્થા હોય છે. તેઓ તો માને છે કે યુરોપ-અમેરિકાની રીતે પ્રગતિ કરવી હોય તો એક સુંદર નાટકશાળા જોઇએ; વ્યાખ્યાનગૃહ જોઇએ. મુંબાઈ જેવા શહેરમાં ધોબી તળાવ, ગીરગામ, પરેલ વગેરે સ્થળે એકએક સુંદર થીએટર જોઇએ; લંડનના કૅકસ્ટન હૉલના નમૂના પર એક નાટકગૃહ સાથે વાચનાલય જોઈએ, જેમાં હિંદુસ્તાનનાં સર્વ પત્રો, યૂરોપ-અમેરિકાનાં ખાસ પત્રો, કલા સાહિત્ય સંગીતના ખાસ ગ્રંથો, હોવા જોઈએ, તથા ત્યાં તે પર ભાષણો તેમજ વખતોવખત શિક્ષણપ્રવૃત્તિઓ થવી જોઇએ; ભીંત પર સરસ ચિત્રો જોઈએ; પ્રદર્શનો થવાં જોઇએ અને તેનો લાભ લેવાને ફી નામની જ હોય. ઉદયશંકર, પૉલ રોબ[illegible] જેવાને મેયર ખાસ આમંત્રણ આપે અને જનતાને તેનો લાભ મળે. ઉત્કૃષ્ટ કલાનો સંપર્ક થતાં લોકોની જીવનભાવના ઉચ્ચ થવાની જ.

આવા નાટકગૃહની જોડાજોડ એક ઉપાહારગૃહ પણ હોવું જોઈએ. ત્યાં આરોગ્યવર્ધક પદાર્થો, સ્વચ્છ દૂધ, ફળો વગેરે મળી શકે. મ્યુનિસિપાલિટી હસ્તક ચાલતી ડેરી અને બેકરીનો જ માલ ત્યાં વેચી શકાય. દરેક ચીજ ખાત્રીની અને મોંઘા ન હોય એવા ઠરાવેલા ભાવોની જ મળી શકે. તમાકુ દારૂ વગેરેની સખ્ત બંધી હોવી જોઇએ. આપણા દેશને નિઃસત્વ કરનારા એ પદાર્થો ઉપર તેમનો બહુ કટાક્ષ છે.

મહેરઅલી પોતે બીડી, પાન, તમાકુ, સીગરેટ વગેરેથી તદ્દન અલિપ્ત છે; તે સાથે ફૅશન ગણાતા બીઅર વગેરે મદ્યને સ્પર્શ પણ કરતા નથી. થીએટરની હીલચાલ સાથે, મુંબઇ જેવા મોટા શહેરની મ્યુનિસિપાલિટી કેમ કામ કરી રહી છે તે બતાવનારી ફિલ્મો કર ભરનારાઓને બતાવવી જોઇએ એવો તેમનો આગ્રહ છે. એથી લોકો આરોગ્યરક્ષણમાં, શિક્ષણમાં, બચાવમાં વધુ સાવધાન બનશે.

વિહાર, તુળસી ને તાનસા સરોવરોમાંથી નળ સુધી પાણી કેમ પહોંચે છે તેની એક ફિલ્મ થાય; ગોવર્ધનદાસ મેડિકલ કૉલેજ શી સેવા બજાવે છે તેની બીજી ફિલ્મ હોય; ડેરીઓ, બાલગૃહ, મીલ-કામદારોનું જીવન વગેરે ફિલ્મો પણ મ્યુનિસિપાલિટી શાળાઓમાં કેટલું બધું નવું જ્ઞાન અને પરિચય આપી શકે!

મહેરઅલી પોતે ચિત્રપટોના બહુ શોખીન છે. દેશ અને પરદેશી ફિલ્મોમાં કઈ સારી છે તે પોતે બરોબર જાણે છે. 'પડોશી' જેવાં હેતુપૂર્ણ બોલપટોની બહુ જરૂર છે એમ તેઓ માને છે અને કહે છે કે સદ્‌ગુણસંવર્ધક, કર્તવ્યપ્રેરક ફિલ્મોને જ ઉત્તેજન મળવું જોઇએ.

બદરૂદીન તૈયબજી, ઈબ્રાહીમ રહીમતુલ્લા, ઝીણા વગેરે મહેરઅલીથી વયમાં અને વડિલપણામાં આગળ છે. હાલના નેતાઓ પૈકી મુંબઈ હાઇકોર્ટમાં જજ બનેલા મહમદ કરીમ ચાગલા મુંબઈના મુસ્લિમોના મોવડી છે. તેમની પાસેથી મહેરઅલીએ દેશભક્તિની, લોકસેવાની અને સાર્વજનિક કામોની પ્રેરણા મેળવી. પણ મહેરઅલીની વિશેષતા એ છે કે તેણે એ વડિલોની વચ્ચેનું કાળનું અંતર પોતાની કર્તવ્યદક્ષતાથી હટાવી સમોવડિયાનું પદ મેળવ્યું. પેલા ગૃહસ્થો પૈકી કોઇ પણ કદી જેલમાં ગયું નથી. મહેરઅલી ચારવાર તુરંગની સહેલ કરી આવ્યા. લોકોની વચ્ચે જઈ, સમરસ બની, જીવતોડ મહેનત કરી તેમનો વિશ્વાસ સંપાદન કર્યો. સમાજવાદ અને ગાંધીવાદની વચ્ચે તે પૂલ સમા છે. કચ્છ રાજ્યની પ્રજા પરિષદ્‌ના પ્રમુખ તરીકે મુંબઈમાં એ પાછળ રહેલા સમાજમાં એમણે જાગૃતિ આણી. ગુમાસ્તા, ગરીબ નોકરો, કારકુનો વગેરેના હિતમાં તેમણે કરેલાં કામ તો ઇતિહાસરૂપ છે. અને હજુ તો તેના આયુના મધ્યાહ્નકાળમાં તે છે, છતાં તેમની હિંમત અને પરિત્યાગ કોઇને પણ ચમત્કારપૂર્ણ લાગશે. હજુ પણ હિંદના ભાવી ઘડતરમાં તેના પર કેટલી યે મહાન ફરજો પડશે ને તે યુવકોને દોરવણી આપશે તેની અપેક્ષા રહ્યા જ કરવાની. (કિર્લોસ્કરમાંથી)

અથાણું

'ઘઢેરો! ઘઢેરો!' દોરાબજી ઊંઘમાંથી ઝબકી ઊઠી ભીંત સામે જોતા બોલ્યા.

'શું છે? શું છે?' આલાંમાયે પૂછ્યું.

'આય જોની, ભીંત પર ઘઢેરો છે તે!' દોરાબજી બોલ્યા.

'અરે દોરાબજી, એમ ગી શું મરોચ? આય તો તમારો ઓલો છે.'

શેઠ– (ઉમેદવારને) ના, ભાઈ ના, અમારે માણસની જરૂર જ નથી. એટલું બધું કામ પણ અમારી પાસે નથી.

ઉમેદવાર–પણ સાહેબ! હું બહુ કામ નહિ કરું!

'હું જ્યારે તમને જોઉં છું ત્યારે મને મણિભાઇ યાદ આવે છે.'

'પણ અમે બે સરખા નથી.'

'એ ખરૂં, પણ એની પાસે પણ મારા દસ રૂપિયા લેણા છે.'

વેપારી–આ કોટ તમને ખૂબ મોટો પડશે.

ઘરાક–કાંઈ વાંધો નહિ. હું રોજ જમ્યા પછી પહેરીશ.

આચારધર્મ અને વિચારધર્મ બંને પ્રકારે વ્યાયામ દ્વારા ગુજરાત-મહારાષ્ટ્રના યુવાનોનું ઘડતર કરવાના મૂક અને અવિરત કાર્યમાં જીવનની પ્રત્યેક ક્ષણ ગાળનાર

શ્રી આબાસાહેબ મુજુમદાર



સને ૧૯૨૩-૨૪માં મને એમનો પ્રથમ પરિચય થયો. એ વખતે વેઈટલિફ્ટિંગનો મને નાદ લાગ્યો હતો. કુશ્તીની ઉપાસના કરવાથી મનુષ્યમાં બળની જેટલી પરાકાષ્ઠા આવે છે તેટલી જ વેઈટ-લિફ્ટિંગના અભ્યાસથી આવે છે એમ હું અભ્યાસ અને અનુભવથી શીખ્યો હતો. એ અભ્યાસની પરિપૂર્ણતા અર્થે આપણા પ્રાંતનાં વિવિધ વ્યાયામતીર્થોની ઉપાસના-યાત્રા કરતો કરતો હું એક વખત વડોદરા જઈ ચડ્યો. શ્રી નારાયણગુરુની તાલીમ એ વખતે ખૂબ વખણાતી હોવાથી હું ત્યાં ગયો. વ્યક્તિત્વની કોઈપણ મોટાઈ મારામાં ન હતી, છતાં મળતાં વેંત શ્રી આબાસાહેબે મારી સાથે ખૂબ પ્રેમપૂર્વક અને સાદાઈથી વાતો કરી. ગુજરાતી છતાં હું કુશ્તી અને વેઈટલિફ્ટિંગમાં આટલી શ્રદ્ધા ધરાવું છું એ જાણી એમને ખૂબ નવાઈ લાગી. પછી તો એમણે બીજી વાતો છોડી દઈ મારી સાથે વેઈટલિફ્ટિંગની જ વાતો કરવા માંડી. સ્વભાવે ઉદારમતવાદી હતા, એટલે ભારતવર્ષની પ્રાચીન વ્યાયામપ્રણાલિકાના અનન્ય ઉપાસક હોવા છતાં પણ એમણે વેઈટલિફ્ટિંગ વિષે ખૂબ ચર્ચા કરી ને શરીર કેળવવાના અમોઘ સાધન તરીકે જે દૃષ્ટિબિન્દુથી એ વ્યાયામપ્રણાલિકાનો હું પુરસ્કર્તા બન્યો હતો તે સમજવા શાંત ચિત્તે એમણે પ્રયત્ન કર્યો. આ વિદ્યા સંબંધમાં મેં પ્રાપ્ય એટલું સાહિત્ય વાંચ્યું હતું, પરંતુ અનેક તજ્જ્ઞોમાં મને ઍલન કૅલ્વર્ટનો મત ગ્રાહ્ય હોવાથી એના 'સ્ટ્રેન્ગ્થ મૅગેઝીન' નામક માસિકના પાછલા અંકો વાંચવાની મને ખૂબ ઉત્કંઠા હતી એ પણ વાતવાતમાં એમણે જાણી લીધું. જાણતાંવેંત એ ઊભા થયા અને મૂંગે મોંએ ઘરમાં ગયા. કદાચ મારી કોઇ બાલિશ વાતથી એમને માઠું તો નહિ લાગ્યું હોય એવા વિચારે હું ક્ષોભ પામતો હતો ત્યાં એ અંદરથી આવ્યા. એમના બે હાથમાં જૂનાં માસિકોના થોકડા હતા. એ મારા હાથમાં મૂકી બોલ્યા: 'લ્યો, આ તમારાં પ્રિય "સ્ટ્રેન્ગ્થ". મારી પાસે એ ઘણું કરીને એના પહેલા વર્ષના પહેલા અંકથી છે. જોઇ જજો. ઉપયોગ પૂરો થાય એટલે અવકાશે મોકલી આપજો.' આશ્ચર્યથી દિઙ્મૂઢ બની હું ઘડીભર અવાક બની ગયો. જે વ્યાયામમન્દિરમાં દક્ષિણી-ગુજરાતીનો ભારે ભેદ રાખવામાં છે, ગુજરાતી વિદ્યાર્થીઓને પૂરૂં શીખવવામાં આવતું નથી ને વિદ્યાચોરી થાય છે, એવા આક્ષેપો થતા એ જ વ્યાયામમન્દિરના અધ્યક્ષ, સ્વયં પોતાનાં અમૂલાં પુસ્તકો વગર માગ્યે મારા જેવા અજાણ્યા ઊધરતા ગુજરાતી યુવકને નિઃસંકોચ આપે, એની તો ઘડીભર હું કલ્પના પણ કરી શક્યો નહિ. પરંતુ મારૂં આશ્ચર્ય આવરી લઇ મેં એમનો ખૂબ આભાર માન્યો. મારૂં સરનામું અને માસિકોની પહોંચ લખી આપવા મેં કાગળ માગ્યો, તો એ વાત હસીને એમણે અળગી કરી અને મારી તન્મયતા એ જ એમનાં પુસ્તકોની ગૅરંટી છે, એમ એમણે કહ્યું. અંતઃકરણપૂર્વક આભાર માની હું એમને ત્યાંથી નીકળ્યો.

આજે આ વાતને અઢારેક વર્ષ થયા હશે. ત્યાર પછી હું અનેક દેશી વિદેશી વિદ્વાનોના સંબંધમાં આવ્યો છું. પ્રતિષ્ઠાના બળથી હું અનેક વ્યક્તિઓ પાસેથી દુર્લભ પુસ્તકો વાંચવા પણ મેળવી શક્યો છું. પરંતુ જે મહાનુભાવે કેવળ પચીસેક વરસના એક અજાણ ગુજરાતી યુવકને, એના શૉખમાત્રથી આકર્ષાઇને પોતાનાં દુર્લભ પુસ્તકો વગર માગ્યે વાંચવા આપવાની તત્પરતા દેખાડી હતી એમના જેવી સુજનતા મેં કદિ ક્યાંય જોઈ નથી. આ વાત શ્રી આબાસાહેબ તો આજે ભૂલી ગયા હશે; ત્યાર પછી હું એમને બેએક વખત જ મળ્યો હોઇશ અને તે પણ ઘડીભર; છતાં એમના એ કૃપાપ્રસાદના સ્મરણથી આજે આટલાં વર્ષે પણ મારૂં મસ્તક ઉપકારભારથી એમના પ્રત્યે નમી જાય છે.

એ અભિજાત વ્યક્તિનું પૂરૂં નામ શ્રી દત્તાત્રય ચિંતામણ (કરંદીકર) મુજુમદાર. શ્રીમંત ગાયકવાડ સરકારના એ માનવંત સરદાર, સદ્ગત ફતેહસિંહરાવના સહાધ્યાયી ને વડોદરાની (એક રીતે તો મહારાષ્ટ્રાન્વિત અશેષ ગુજરાતની) વ્યાયામપ્રવૃત્તિના સમર્થ સંચાલક, પાલક, પોષક.

શ્રી આબાસાહેબનો જન્મ સને ૧૮૮૨માં થયો હતો. એમના પિતાશ્રી વડોદરા સરકારના પ્રતિષ્ઠિત ગર્ભશ્રીમંત આસામદાર હતા, એટલે નાનપણથી જ શ્રી આબાસાહેબને ખૂબ સંભાળપૂર્વક ઉછેરવામાં આવ્યા હતા. એમના શિક્ષણના દિવસોમાં વડોદરાની ગાદીના ઉત્તરાધિકારી યુવરાજ શ્રી ફતેહસિંહરાવ ગાયકવાડના શિક્ષણ અર્થે રાજમહેલમાં એક ખાનગી શાળા ઉઘાડવામાં આવી હતી અને વડોદરાના ભાવિ રાજવીને કેવળ એકલવાયા ન રાખવા માટે શહેરની જાહેર શાળાઓમાંથી ચૂંટીચૂંટીને યુવરાજના સમવયસ્ક વિદ્યાર્થીઓને એ શાળામાં ભણવા બોલાવવાનો પ્રબંધ પણ થયો હતો. એમાં શ્રી આબાસાહેબની પણ વરણી થયેલી. આ વરણી આગળ જતાં શ્રી આબાસાહેબ ને યુવરાજની વચ્ચે મૈત્રીના રૂપમાં પરિણમી હતી. રાજકુમારો માટેના ખાસ શિક્ષણ-વિદ્યાલયમાં યુવરાજને મોકલતી વખતે શ્રી સયાજીરાવે એમના સહાધ્યાયી તરીકે પણ શ્રી આબાસાહેબને જ મોકલ્યા હતા. રાજમહેલમાં શિક્ષણ લેતી વખતે ત્યાંની ક્રિડાપ્રવૃત્તિઓમાં પણ શ્રી આબાસાહેબે ખૂબ રસ પૂર્વક ભાગ લીધો હતો. એ રીતે બાલ્યાવસ્થાથી જ એમના કુલને છાજતી શિક્ષણ પ્રણાલિકા ભેગી વ્યાયામની અભિરુચિ પણ એમને સહજ પ્રાપ્ત થઈ અને આમ એમના ભાવિ જીવન ધ્યેયનાં શુભ બીજ રોપાયાં.

અંગ્રેજી શિક્ષણ પૂરૂં કરી એ એલ્લએલ. બી. થયા અને રાજ્ય બહાર ભારે પગારની નોકરી મળતી હતી તે છોડી દઈ વડોદરા સરકારની નોકરી સ્વીકારી.

ભગવાન ભવાનીપતિનો દીક્ષાપ્રસાદ પામીને પ્રાચીન કાળથી ભારતવર્ષની અશેષ વિદ્યાઓ જેના આધારે ઊછરી વૃદ્ધિંગત થતી આવી છે, એ પુણ્યભૂમિ વારાણસીમાં શ્રી બાળંભટ્ટ નામના દાક્ષિણાત્ય વિદ્વાન થઈ ગયા. અનેક શાસ્ત્રો ભેગી મલ્લવિદ્યા પણ એમને વરી હતી. એ વિદ્યાના પારદર્શી એમના સત્પુત્ર અને શિષ્યપ્રવર શ્રી નારાયણગુરુએ ગુજરાતમાં આવી વડોદરામાં વાસ કર્યો ને વ્યાયામવિદ્યાનો વિન્યાસ કરવાનું ચાલુ રાખ્યું. કાળબળે એમની શિષ્યપરંપરા ભિન્ન થતાં એકની બે વ્યાયામશાળાઓ થઈ. એમાંની અસલ તાલીમને જીર્ણપ્રાય બનતી જોઈ શ્રી આબાસાહેબને એનો પુનરુદ્ધાર કરવાની પ્રબળ ઉત્કંઠા થઈ આવી અને વડિલની અનુજ્ઞા લઇ પોતાના મકાનના પાછળના ભાગમાં

આવેલા વાડાના એક ખૂણામાં 'શ્રી આદ્ય નારાયણગુરુની વ્યાયામશાળા' સ્થાપી. ટૂંક વખતમાં જ એના અંગનું મકાન એમણે સ્વખર્ચે કરાવી આપ્યું અને એની વ્યાપકતા તથા ઉપયોગિતા વધારવા માટે એમાં કુસ્તી ઉપરાંત અન્ય વ્યાયામપ્રણાલિકાઓનું શિક્ષણ આપવાનો સંકલ્પ કર્યો. એના આરંભ રૂપે એમણે ફરીગદકાના અઠંગ અભ્યાસી ઉસ્તાદ ભૈયા કનૈયાસીંગને રોકી લીધા. વ્યાયામમંદિરના અંગનું ક્રીડાંગણ પણ જોઇએ, એટલે વાડાનો થોડો વધારે ભાગ પણ જુદો કાઢ્યો, અને એટલું જાણે પૂરતું ન હોય તેમ વ્યાયામપ્રેમી નરનારીઓને સ્નાનતરણની સુવિધા અર્થે પોતાના ખર્ચે એન્જિનપંપ સાથેનું વિશાળ સ્નાનગૃહ (સ્વિમિંગ બાથ) પણ બંધાવી આપ્યું.

વ્યાયામપ્રચારની ધ્યેયસિદ્ધિમાં એ રીતે આચાર ધર્મ તો પાળ્યો, છતાં એમના વિચારધર્મની પરિતૃપ્તિ ન થઇ. વ્યાયામને લગતું વિશાળ અંગ્રેજી સાહિત્ય તો એમણે ખૂબ વાંચ્યું હતું, પરંતુ દેશી ભાષામાં એ વિષયનું કંઈ પણ સાહિત્ય પ્રસિદ્ધ થયેલું ન જોયું. વળી અંગ્રેજી સાહિત્યનાં વિવેચન ઉપરછલ્લાં હોવાથી ભારતીય વ્યાયામની પ્રાચીન પ્રણાલિકાની ગંભીર અને તલસ્પર્શી વિદ્યાની સરખામણીમાં તે સાવ નજીવાં અને નિરર્થક હતાં. એટલે દેશી ભાષામાં વ્યાયામવિષયક સંશોધનનું અને પ્રયોગાત્મક સાહિત્ય પ્રસિદ્ધ કરવાની ઉત્કંઠા એમને થઈ. એ વખતે મહારાષ્ટ્રમાં વિવિધ વિષયની ચર્ચા કરતું સચિત્ર પત્ર પૂણાનું 'ચિત્રમય જગત' એકલું હતું. એમાં દર અંકે ચાર છ પાનાં વ્યાયામના લેખો માટે અલગ રાખવામાં આવે તો પોતાના ખર્ચે ચિત્રોના બ્લૉક બનાવી તદ્દંગની લેખસામગ્રી પૂરી પાડવાની એમણે તત્પરતા દર્શાવી પરંતુ ભારતવર્ષની વ્યાયામપ્રિય જનતાના સદ્‌ભાગ્યે 'ચિત્રમય જગત'ના સંચાલકોએ શ્રી આબાસાહેબની યોજના પ્રત્યે નાપસંદગી દર્શાવી. એટલે પારકાંના આધારે વ્યાયામપ્રચાર કરવાના મનોરથનો ત્યાગ કરી શ્રી આબાસાહેબે સ્વપુરુષાર્થમાં જ શ્રદ્ધા રાખવાનો નિશ્ચય કર્યો અને સને ૧૯૧૫ના અરસામાં મરાઠી 'વ્યાયામ' માસિકનું પ્રકાશન શરૂ કર્યું, અને એ રીતે સમગ્ર ભારતવર્ષના વ્યાયામવિષયક સ્વતંત્ર પ્રથમ માસિકનો જન્મ થયો. ત્યાર પછી દેશી તેમજ અંગ્રેજી ભાષામાં વ્યાયામનાં કેટલાં યે માસિકો નીકળ્યાં છે અને નામાવશિષ્ટ થઇ ગયાં છે, પરંતુ 'વ્યાયામ' તો દિન પર દિન વધુ ને વધુ વ્યાપક બનતું જાય છે. એનું કારણ શ્રી આબાસાહેબની એ માસિકના પ્રકાશનની વિશિષ્ટ નીતિ છે. એ નીતિને લીધે જ સેંકડો મહારાષ્ટ્રીઓ આજે એને પ્રેમપૂર્વક વાંચે છે.

આ તો મરાઠી પ્રકાશનની વાત થઇ. વ્યાયામ પ્રત્યેની ગુજરાતી જનતાની ઉદાસીનતાથી એ અપરિચિત ન હતા છતાં એમનું હિત વાંછી એમણે મરાઠી 'વ્યાયામ'ની ગુજરાતી આવૃત્તિ પણ પ્રસિદ્ધ કરવા માંડી. કમનસીબે એમનો એ પુરુષાર્થ વન્ધ્ય રહ્યો છે કારણ જ્યાં મરાઠી 'વ્યાયામ'ની હજારો નકલો વેચાય છે, ત્યાં ગુજરાતી આવૃત્તિની ભાગ્યે જ સો નકલો વેચાતી હશે. એમાં દોષ માસિકનો નથી, પણ ગુજરાતી વ્યાયામ જનતાનો છે; કારણ, ગુજરાતી વ્યાયામ કરનારાઓ ગંભીર અને શાસ્ત્રીય વ્યાયામમાં રસ નથી લેતા, એ જાણીતી વાત છે. ખરૂં પૂછો તો આવા વ્યાયામની બુભુક્ષા ગુજરાતીઓના લોહીમાં જ નથી હોતી. પંજાબ, બંગાળ અને મહારાષ્ટ્રના સામાજિક જીવનમાં પૂર્વકાળથી શારીરબળને ખૂબ ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે. એને અંગે લાઠી, કુસ્તી વગેરે અનેકવિધ વ્યાયામપદ્ધતિઓની તાલીમો સ્થપાઈ છે, અને આજે પણ એ બળની ઉપાસના અર્થે હજારો પંજાબી બંગાળી મરાઠી નવજુવાનો પ્રતિદિન પુરુષાર્થ કરી રહ્યા છે. જ્યારે ગુજરાતનો ઇતિહાસ જુઓ. દેલમાળના જેઠીમલ્લોની પરંપરા સિવાય એકેય વ્યાયામપ્રણાલિકાનું નામ પણ કહીં યે કદિ કોઇને જડ્યું છે? આનાં પ્રતિબિમ્બ આજે આપણા જીવનમાં પ્રત્યક્ષ દેખાય છે. શરીરને સબળ અને સુંદર કરવાના વ્યાયામનો પ્રચાર કરનારાના પુરુષાર્થને નિષ્ફળ કરતી ગુજરાતી જનતા આજે કેવળ લોકરંજની વ્યાયામપ્રણાલિકાથી રાચી રહી છે. એટલે 'વ્યાયામ' માસિકમાં આવતા અભ્યાસમય સાહિત્યથી એ ન રાચે એ સ્વાભાવિક છે. મહારાષ્ટ્રીઓ પણ લોકરંજની વ્યાયામપદ્ધતિના વિરોધી નથી, પણ એમાં જ વ્યાયામની પર્યાપ્તિ છે એવું પણ એ માનતા નથી. એટલે જ આજે એમનામાં કુસ્તી, મલખંભ, લાઠી, લકડી વગેરે અત્યંત પરિશ્રમસાધ્ય અને બુદ્ધિગમ્ય વ્યાયામનો અભ્યાસ, પરિશીલન અને પ્રચાર વ્યાપકપણે થઈ રહ્યો છે. અને એથી જ એવા વ્યાયામના સમગ્ર ભારતવર્ષના એકમાત્ર માર્ગદર્શી માસિક 'વ્યાયામ'નો એ પરમ સત્કાર કરે છે.

ગુજરાતીઓની 'વ્યાયામ' માસિક પ્રત્યેની નિરાદરતાથી શ્રી મુજુમદાર હતોત્સાહ થયા નથી. એમને તો વ્યાયામ જ્ઞાનગંગા વહેતી જ રાખવી છે. કોઈ કાળે કોઈક પણ એનું અંજલિ જળ પીનાર નીકળશે જ, એવી દૃઢ શ્રદ્ધાથી એ ગુજરાતી 'વ્યાયામ' છપાવ્યે જ જાય છે. "એક પણ નકલ ખપશે ત્યાં સુધી હું ગુજરાતી 'વ્યાયામ' બંધ કરવાનો નથી." અમારી પ્રથમ મુલાકાત વખતના એમના આ શબ્દો મારા મનમાં કોતરાઈ રહ્યા છે. એમનો અવિરત પ્રયત્ન છતાં ગુજરાતી વ્યાયામોપાસકોને ઉદાસીન રહેતા જોઈ એમને ઉદ્વેગ તો થાય છે જ. એનો કંઈક માર્ગ કાઢવાના આશયથી ગુજરાતી 'વ્યાયામ' માસિકનું સંચાલન કરવાની વિનતિ પણ એ કેટલાક ગુજરાતી વ્યાયામ પથપ્રદર્શકોને કરી ચૂક્યા છે. પણ શોકની વાત છે કે હજુ કોઇ પણ ગુજરાતી એ માટે તૈયાર થયો નથી.

ગુજરાતી પેઠે 'વ્યાયામ'ની હિંદી આવૃત્તિ પણ એમણે કાઢી છે. થોડો વખત અંગ્રેજી આવૃત્તિ પણ પ્રસિદ્ધ કરી હતી.

માસિકની પ્રવૃત્તિ શરૂ થતાં જ અન્ય ઉપાધિઓ એમને માથે આવી પડી. પ્રથમ તો માસિક નિયમિત છાપી આપે એવા પ્રેસની વ્યવસ્થા કરવાની રહી. વડોદરામાં છાપખાનાં તો અનેક હતાં, પરંતુ એમને આવશ્યક હતી એવી નિયમિતતાની બાંહેધરી કોઈ પણ પ્રેસ પાસેથી ન મળી, એટલે ખૂબ વિચારને અંતે એમને પોતાનું જ છાપખાનું કાઢવાનું યોગ્ય લાગ્યું અને આમ વ્યાયામપ્રચારના અન્ય ઉપાંગનો પાયો નંખાયો.

માસિક કાઢ્યું. પ્રેસ કર્યું, પણ ચિત્રોનું શું? વ્યાયામની પદ્ધતિઓનું જ્ઞાન કંઈ ચિત્રો વિના આપી શકાય? એટલે એ ચિત્રો પૂરાં પાડવા એમણે પ્રોસેસ સ્ટુડિયો પણ કાઢ્યો. અને પછી તો વ્યાયામપ્રકાશનનો ધોધ જ શરૂ થયો. ત્રણ ત્રણ ભાષાનાં માસિકો સાથે વિવિધ વિષયનાં પુસ્તકોનું પ્રકાશન કરવા માંડ્યું અને વડોદરાના વ્યાયામ કાર્યાલયની કીર્તિ ભારતવર્ષના ખૂણેખૂણે ફેલાઈ ગઈ.

આ કીર્તિમંદિરનો સુવર્ણકળશ એમણે ચડાવ્યો છેલ્લા પ્રકાશન 'વ્યાયામ જ્ઞાનકોષ'થી. અંગ્રેજીમાં બર્નાર મૅકફૅડનનો 'ફીઝીકલ કલ્ચર એન્સાઈક્લોપીડિયા' ખૂબ જાણીતો ગ્રંથરાશિ છે. એ ગ્રંથરાશિથી ય વધુ વ્યાપક, વધુ તલસ્પર્શી અભ્યાસથી પરિપૂર્ણ આ 'વ્યાયામ જ્ઞાનકોષ' એમની ત્રીસત્રીસ વર્ષની પ્રચંડ તપશ્ચર્યાનો કેવળ પરિપાક છે. 'હું જ બધું કરૂં' એવા અહંભાવ વિનાના શ્રી આબાસાહેબમાં બીજા પાસે લખાવીને પોતાના નામે કઢાવી દેવાની ઈચ્છા ન હોવાથી, વ્યાયામનાં વિવિધ અંગોના તજ્જ્ઞોનો સહકાર એમણે શોધ્યો છે અને એમની સહાયથી આ મહાભારત ગ્રંથની શરૂઆત કરી છે. પ્રાચીનતમ કાળથી

અદ્યપર્યંત જીવિત રહેલી વ્યાયામપ્રણાલિકાઓની ઐતિહાસિક સમા-લોચનાપૂર્વક, દેશી અને વિદેશી, ઉસ્તાદી અને લોકભોગ્ય, મર્દાની ને જનાની, મેદાની તેમજ ગૃહાભ્યન્તરસુકર, વૈયક્તિક અને સાંઘિક, સ્વાસ્થ્યપ્રદ તેમજ બલવર્ધક અને સુસંહત શરીર ઘડનારી વ્યાયામ-પદ્ધતિઓ તેમજ ક્રીડાસરણીઓનો, વિચાર વિવેચન અને સચિત્ર શિક્ષણ પદ્ધતિ રૂપે, બૃહત્સંદર્ભ આ ગ્રંથમાળામાં કરવાનો એમનો મનોરથ છે. મરાઠી આવૃત્તિના છ ભાગ તો પ્રસિદ્ધ થઈ ચૂકયા છે એ જ એની ઉપયુક્તતા અને લોકપ્રિયતાની સાબિતી છે. હિન્દીમાં તથા ગુજરાતીમાં પણ એકએક ભાગ છપાઈ ચૂકયો છે.

શ્રી આબાસાહેબની ત્રીસત્રીસ વર્ષની આ તપશ્ચર્યાનાં પૂરાં સહભાગિની છે શ્રી લક્ષ્મીદેવી, એમનાં અર્ધાંગિની. મીરજ સંસ્થા-નાધિપતિનાં સુપુત્રી અને શ્રીમંતપદભાક કરંદીકર કુટુમ્બનાં કુલ-પ્રતિષ્ઠા હોવા છતાં એમણે સુકોમળતા અને એશઆરામનો ત્યાગ કરી, સુદક્ષિણાના તપસ્યાકઠિન માર્ગે ચાલી વ્યાયામકામધેનુને એકનિષ્ઠપણે ઉપાસી છે. આરંભથી જ 'શ્રી નારાયણ ગુરુ વ્યાયમ-શાળા'ના સ્ત્રીઓ અને બાલિકાઓનાં વ્યાયામકાર્યનાં એ સૂત્રધાર છે. સાથેસાથે પતિને માથેથી પ્રકાશનમંદિરનો મહત્ત્વનો ભાર પણ એમણે પોતાના માથે ઓઢી લીધો છે; ને આજે તો કૅમેરા ઉઘાડીને ગોઠવવાના કાર્યથી શરૂ કરી યોગ્ય વ્યાયામજ્ઞોને આમંત્રી, એમની ગોઠવણપૂર્વક જે ક્રિયાદર્શક ફોટો લેવાનો હોય એને અનુરૂપ આકર્ષક પોઝ ગોઠવાયો છે કે કેમ, તે જોવાની ઝીણવટભરી ખાતરી રાખવા ઉપ-રાંત ફિલ્મ ધોઈ તૈયાર કરવાના તથા બ્લૉકની દેખરેખ રાખવા સુધીના પ્રોસેસ વિભાગના તમામ કાર્યની પૂરી જવાબદારી એમના શિરે છે, અને એ રીતે આ અભિજાત કુલાઙ્ગનાએ જીવનની પ્રત્યેક ક્ષણ પતિના પ્રિય માર્ગે સંચરવામાં વ્યતીત કરી છે.

આ જ્ઞાનયજ્ઞના બે અધ્વર્યું તે શ્રી વિદ્વાંસ અને શ્રી સહસ્રબુદ્ધે. 'વ્યાયામ' માસિકના સાચા તંત્રી અને પ્રકાશન વિભાગના એકમાત્ર સર્વાધિકારી શ્રી વિદ્વાંસ પ્રથમ પરિચયે તો વડોદરા રાજ્યના મુલ્કી ખાતાના અવલ કારકુન જેવા અતડા ભારેખમ અને તોછડા લાગે છે; પરંતુ એક વખત વાત શરૂ થયા પછી એ તોછડાઇ અને ચીડિયાપણું ભૂલાઇ જાય છે, અને એકાદ ઉદરંભરી બ્રાહ્મણ પેઠે નહિ પણ વ્યાયામ-પ્રચારના [illegible] જીવનના સમગ્ર શક્તિને હોમનાર, શ્રી આબાસાહેબની જમણી ભુજા સમા, શ્રી વિદ્વાંસની અગાધ શ્રદ્ધા ને કર્તવ્યપરાયણતા જ તમારા ચિત્તમાં વસી રહે છે.

શ્રી સહસ્રબુદ્ધેની વાત એથી ઊલટી. એકાદ પ્રાચીન ઋષિ સમી એમની શાંત મુખમુદ્રા જોતાંવેંત જ આકર્ષે. બહુ જ ઓછાબોલા અને રજ પણ અભિમાન વિનાના આ સાદાસીધા બ્રાહ્મણપ્રવર પાસે મલ્લવિદ્યાનો અગાધ ભંડાર હશે, એમ પ્રથમ નજરે તો તમે ન જ માનો. શ્રી નારાયણગુરુની કુશ્તીવિષયક પરંપરા સજીવ રાખનાર એ એકલા જ.

આટલી સર્વતોમુખી પ્રવૃત્તિના સંચાલક છતાં શ્રી આબાસાહેબ ધંધાદારી વ્યાયામપ્રચારક નથી. નથી એમણે કોઈ પરંપરા ઊભી કરી. દેશસેવા કે સમાજસેવાના સુલભ યશવાળા માર્ગ પણ એમણે શોધ્યા નથી. સ્વપ્રતિષ્ઠાનાં ડિંડિમ પણ એમણે વગાડયાં નથી. કીર્તિ-ની રજ પણ આકાંક્ષા સિવાય, કેવળ પરમેશ્વર પ્રીત્યર્થે બલોપાસના કરનાર અને કરાવનાર આ દ્વિજશ્રેષ્ઠે વિદ્યાદાનઅર્થે પ્રાચીન ભારતના કુલપતિની પરંપરા નભાવવામાં જ ઇતિકર્તવ્ય માન્યું છે. એમના ચારિત્ર્યની ઉજ્જ્વળ રેખા તો એ છે કે શ્રી નારાયણગુરુની આદ્ય વ્યાયામશાળાની અશેષ પ્રવૃત્તિના પૂરા ભાગ્યવિધાતા હોવા છતાં એમણે, બધું ય પોતાના ઉપર જ નભે છે એવી અહંતા, વાણી વર્તન કે વિચારમાં કદી દાખવી નથી. એમની વ્યાયામશાળામાં જનારને પ્રકાશનવિભાગના સ્વામી શ્રી વિદ્વાંસ જ લાગે; અખાડાવિભાગમાં શ્રી સહસ્રબુદ્ધેનું જ સ્વારાજ્ય દેખાય. એવું અન્ય વિષયોના અધિ-ષ્ઠાતાઓનું પણ. આ બધાય મણિઓમાં ઓતપ્રોત રહેવા છતાં 'सूत्रे मणिगणाः इव' જાતે સૂત્રરૂપે અદૃશ્ય જ રહેવાના. આથી જ, નિરર્ગલ સ્વતંત્રતા ભોગવતા હોવા છતાં, એમના સાથીઓમાં રજ પણ ઉચ્છૃંખલતા કે મદાંધતા નથી દેખાતી. એથી જ એમનું વ્યાયામ-મન્દિર ઉસ્તાદોનું તાલીમખાનું કે રંગરૂટોનું ભરતીસ્થાન નથી બની ગયું.

આવી લોકોત્તર વ્યાયામભક્તિવાળા શ્રી આબાસાહેબ આ ઑક્ટોબરમાં ૬૦ વર્ષ પૂરાં કરે છે. જનકલ્યાણ અર્થે સમગ્ર જીવનનો વ્યય કરનાર એ નિરભિમાની પુરુષવર સપરિગ્રહ શતાયુ થાય, એવું પ્રત્યેક વ્યાયામપ્રેમી ઈચ્છે છે.

હરિનારાયણ આચાર્ય

જીવી જાણનારા] ૨૨ [જે માનવજીવનનું સાચું મૂલ્ય શીખવી ગયા

વીર બાલક આલ્બર્ટ સ્પેકબાખેર

ફ્રેન્ચ લોકોએ ટીરોલ ઉપર ચડાઇ કરી, તેને અંગે તેઓ આર્ડ નદીને કાંઠે આવેલા એક ગામડા આગળ આવી પહોંચ્યા. ગામડે પહોંચવા સારુ ઊંડી ખાડને તળિયે વહેતી વેગવતી નદી તેઓને ઊતરવાની હતી. ખાડને આડું એક ઝાડનું મોટું થડ પડયું હતું, જેને કાંપીને કાંઠા ઉપર પડવા દીધું હતું, એટલે થડ સામે કાંઠે પહોંચીને પૂલનો અર્થ સારતું હતું.

આ પૂલની રક્ષા કરવા ૩૦૦ ટીરોલવાસી પુરુષો ને એક છોકરો ઊભા હતા. છોકરાનું નામ આલ્બર્ટ સ્પેકબાખેર (Speckbacher) હતું. ફ્રેંચ લશ્કર ધસી આવ્યું એટલે ટીરોલવાસી કુહાડા લઈ ને પૂલ તોડવા મંડયા, પણ ફ્રેંચ સૈનિકની બન્દુકોમાંથી ગોળીઓ ઉપરા-ઉપર છૂટવા મંડી, અને શૂરા ટીરોલીઝ એક પછી એક પડવા મંડયા. આમ જે મરાણા તેમાં આલ્બર્ટનો બાપ પણ હતો. બાપનું સ્થાન બહાદુર છોકરાએ લીધું. પૂલ લગભગ તૂટી પડયો હતો; કુહાડીના એક ઘા એના ઉપર પડે એટલે શત્રુને નદી ઊતરવાનો માર્ગ રહે નહિ એમ હતું. આલ્બર્ટ કુહાડો લઈને ફ્રેંચ બંદુકોના ગોળીબાર સામો ઊભો, અને જીવને જોખમે ઝાડ કાપવા મંડયો. એણે તે લગભગ કાપી કાઢયું; એક નાનકડો કટકો જ બાકી રહ્યો, એટલે એણે કુહાડો ફગાવી દીધો, અને એટલું બળ કરીને ઝાડ ઉપર કૂદ્યો, કે પાતળો કટકો હજી વળગી રહ્યો હતો તે એના ભારથી બટકી ગયો, અને પૂલ તથા છોકરો ઉતાવળી નદીમાં એક હારે પડયા. આલ્બર્ટના શૂરાતનથી ફ્રેંચ લોકો પણ ચકિત થયા, એને તેમણે માનસહિત દાટયો, અને એનું સ્મારક ઊભું કર્યું.

(ટર્નરના ઉતારા ઉપરથી)

દેસાઇ વાલજી ગોવિન્દજી



કૂતરાં

એ પરિચિત પ્રાણીના સ્વભાવલક્ષણ પર ટોળ કરતો નર્મલેખ

વિચાર કરતાં કરતાં માથું ફરી ગયું. 'ગેઝેટીઅર્સ'ને પૂછ્યું, પશુવિજ્ઞાનના અધ્યાપકોને સવાલો કરી જોયા, પણ સમજમાં ન આવ્યું તે ન જ આવ્યું કે કૂતરાઓથી લાભ શો છે? ગાય જુઓ, દૂધ આપે છે. બકરી જુઓ, દૂધ આપે છે. બાકી, સાંજના સાત વાગ્યાથી ભસવાનું શરૂ થાય, તે એક સરખું, જરા યે અટક્યા વગર, સવારના છ સુધી ચાલુ રહે એનું નામ જો વફાદારી હોય તો તો અમે 'બેવફા' જ ભલા.

ગઇ કાલે જ રાતના અગિયારેક વાગ્યે એક કૂતરાને 'કંઇ' થઈ આવ્યું, તે એણે, બહાર સડક પર આવીને એ સમસ્યા, પૂર્તિ માટે મૂકી. અર્ધી મિનિટ પછી સામેના બંગલાના એક કૂતરાએ એનું પુનરાવર્તન કર્યું. હવે સાહેબ, એક જૂના અભ્યાસી કરતાંદને જે ગુસ્સો આવ્યો, તે એક હલવાઇની ભઠ્ઠીમાંથી બહાર નીકળી એની પૂર્તિ કરી નાખી. ઉત્તરપૂર્વ તરફના એક મર્મજ્ઞ કૂતરાએ એની અનુપૂર્તિ કરી. હવે તો મુશાયરો એટલો ગરમ થયો કે વાત જ ન પૂછો. કેટલાક કમબખ્તો તો લાંબી કવિતાઓ જોડવા લાગ્યા! આ ઠંડુ પડતું જ ન હતું. બારીમાંથી મેં કેટલી યે વાર 'ઑર્ડર, ઑર્ડર'ની બૂમ મારી. પણ આવે વખતે પ્રમુખનું કોણ સાંભળે? એમને કોણ કહે કે મહાશય, તમારે આવો મુશાયરો કરવાની જરૂર જ હતી તો દરિયાને કિનારે ખુલ્લી હવામાં જઇને કરવો હતો ને? વસતિની વચ્ચે આવી, સૂતેલાંને સતાવવાં એ કઇ જાતની સંસ્કારિતા છે?

એમાં વળી આપણા દેશી કૂતરાઓ તો બહુ જ અસભ્ય હોય છે. એમાંના કેટલાક તો એવા દેશભક્ત હોય છે કે કોટપાટલૂન જોતાં જ ભસવા લાગે છે. પણ જવા દો; એક રીતે એ પ્રશંસાયોગ્ય વસ્તુ છે.

આ ઉપરાંત એક બીજી વાત છે. ઘણી વાર 'સાહેબલોકો'ને બંગલે મારે જવું પડ્યું છે. ભગવાનના સોગંદ, સાહેબલોકોના કૂતરા એવા સભ્ય હોય છે કે 'વાહ' કહીને પાછો ફરું છું. બંગલાના દરવાજામાં જેવો પગ મૂકું કે તરત એક નાજૂક 'બખ' એવો ઉચ્ચાર કરે અને હું ત્યાં પરસાળમાં જ ઊભો રહી જાઉં. હું જરા આગળ વધું કે એ પણ જરા કૂચ કરે અને એક નાજૂક ને 'પવિત્ર' અવાજમાં 'બખ' કહે. ચોકીદારનો ચોકીદાર ને સંગીતકારનો સંગીતકાર! અને આપણા કૂતરા? ન રાગ, ન સૂર; ન માથું, ન પગ. તાન ઉપર તાન મારે, પણ તાલનું ઠેકાણું નહિ. ન સમય જુએ, ન મોકો. કંઠાલાપ કર્યે જ જાય. અને ઘમંડ એ વાતનો રાખે કે તાનસેન પણ આ દેશમાં જ જન્મ્યા હતા ને?

એ નિઃશંક છે કે કૂતરાં સાથેનો મારો સંબંધ જરા 'તંગ' છે. પણ તમે કહો એના સોગંદ ખાઉં, જો એવે કોઈ પ્રસંગે મેં અહિંસા છોડી હોય અથવા સત્યાગ્રહ કર્યો હોય તો! ભગવાન સાક્ષી છે કે આજસુધી કોઈ પણ કૂતરા પર હાથ જ ઊપડી શક્યો નથી. મિત્રોએ સલાહ આપી કે રાતવખતના લાઠી અથવા સોટી પાસે રાખવી જોઇએ, કારણ કે એથી બિલ્લીઓ દૂર રહે છે. પણ એમ કોઈની પણ સાથે નાહકનું વેર બાંધવાથી શો લાભ? કૂતરાના ભસવા સાથે જ મારી સ્વાભાવિક શિષ્ટતા મારા પર એવો કબજો જમાવી લે છે કે એ વખતે તમે મને જુઓ તો મને ડરપોક જ માનો. કદાચ, તમે એમ પણ માની લો કે મારે ગળે શોષ પડે છે. અલબત્ત, આ સાચું છે. એવે વખતે જો હું ગાવાનો પ્રયત્ન કરું તો ષડ્જના સૂર સિવાય બીજો કોઈ સૂર ન નીકળે. મારા જેવો જ જો તમારો પણ સ્વભાવ હોય તો તમને ખબર પડશે કે એવા પ્રસંગે તમારી બુદ્ધિમાંથી ઈશ્વરની સર્વવ્યાપકતા ભાગી જશે ને તમે પથદર્શનની પ્રાર્થના કરવા માંડશો.

ઘણી વાર બન્યું છે કે રાતના બેએક વાગે સોટી ફેરવતો ફેરવતો થીએટર પરથી પાછો ફરતો હોઉં ને નાટકના એકાદ ગીતની તર્જ મગજમાં બેસાડવાનો પ્રયત્ન કરતો હોઉં. ગીતના શબ્દો યાદ ન હોય અને નવો 'અભ્યાસ' છે એટલે સીટી પર જ સન્તોષ માન્યો હોય. કદાચ બસૂરો પણ થઈ જાઉં. તોપણ સાંભળવાવાળો તો એમ જ સમજે કે અંગ્રેજી સંગીત છે! એટલામાં જરા વળાંક લઉં કે સામે એક બકરી બાંધેલી હોય. હું સમજું કૂતરો છે! એક તો કૂતરો અને તેમાં ય બકરી જેટલો લાંબો પહોળો! બસ, જોતાં જ ગાત્ર ઢીલાં થઇ જાય. ફરતી સોટી ધીરે ધીરે બંધ થતાં આખરે હવામાં એક વિચિત્ર કોણ પર અટકી જાય. સીટીસંગીત પણ બંધ થઇ જાય. લાગે કે અવાજ વગરની લય હજી પણ નીકળી રહી છે. ડૉક્ટરો કહે છે કે આવે પ્રસંગે, શિયાળાની ઋતુમાં પણ, જો પસીનો આવી જાય તો હરકત નથી; પાછળથી એ સુકાઈ જાય છે!

સાવધાન રહેવાનો મારો સ્વભાવ જ હોવાથી આજ સુધી કોઇ કૂતરો મને કરડ્યો નથી. એવી કોઈ અનિચ્છનીય ઘટના બની હોત તો તો આ લેખને બદલે મારા 'મરસિયા' જ છપાતા હોત અને...

જ્યાં સુધી આ દુનિયામાં કૂતરા જીવે છે અને એ ભસવાના છે ત્યાં સુધી આપણા પગ ચિતા પર (અથવા કબરમાં) જ છે. એ એક એવો ચેપી રોગ છે જે બાળક, જુવાન ને બુઢ્ઢા સૌને થાય છે. એકાદ મોટો 'સિકન્દર કૂતરો' પોતાના રોફ ને દબદબો જાળવી રાખવા ભસી લે તો હું પણ કહું કે ઠીક, ભાઇ, ભસ! (જોકે એ વખતે એ સાંકળથી બાંધેલો હોવો જોઇએ.) પણ આ કમબખ્ત બબ્બે વરસનાં, ત્રણ ત્રણ તોલાનાં નાનાં ગલુડિયાં પણ ભસ્યા વગર રહી શકતાં નથી! નાનકડું ડાચું ને બારીક અવાજ; તેમ છતાં એટલા જોરથી ભસે છે કે ભસવાનો થરથરાટ પૂંછડી સુધી પહોંચે છે! ને પાછા ભસે છે ચાલતી મોટરની સામે! જાણે એને અટકાવી દેશે! હા, જો હું મોટર ચલાવતો હોઉં તો જરૂર, મારા હાથ કામ કરવાની સાફ ના પાડી દેશે. પણ કંઇ બધા એનો પ્રાણ નહિ બચાવે.

કૂતરાના ભસવા સામે સૌથી મોટો વાંધો મને એટલા માટે છે કે વિચાર કરવાની બધી શક્તિઓ એથી અલોપ થઈ જાય છે;—ખાસ કરીને તો ત્યારે, કે જ્યારે એકાદ દુકાનના પાટિયા નીચે મળેલું એમનું ગુપ્ત અધિવેશન, જાહેર સડક પર આવીને ખુલ્લી બેઠકના રૂપમાં ફેરવાઈ જાય. તમે જ કહો, કે માથું ઠેકાણે રહી શકે ખરું? દરેકની તરફ, એક પછી એક, ધ્યાન દેવું પડે એમનો ગરબડાટ અને કંઇક વિચારધારાનો, હોઠની અંદર જ રહેલો, અવાજ; કઢંગી અકળામણ અને નિશ્ચલતા

(અનુસંધાન આગળ પાન ૨૭૭ મે)



અપરિમેય શક્તિ

૧–વિચિત્ર વૈજ્ઞાનિક

પ્રોફેસર ——————— એક પ્રખર બુદ્ધિશાળી ને જબરદસ્ત પ્રતિભાવાનપુરુષ હતો. એનું વ્યક્તિત્વ બીજાથી ખાસ જુદું પડી જતું હતું. એ એના અભ્યાસ ને શોધખોળોમાં એટલો રચ્યોપચ્યો રહેતો કે એને એક મનુષ્યવિશેષ તરીકે ઓળખાવીએ તો ખોટું કહેવાય નહિ. આણુ કેવી રીતે બંધાયો છે, તે શાનો બનેલો છે અને તેને વિભક્ત કરી એમાંથી અપરિમેય શક્તિ ઉત્પન્ન કરવાનું વિજ્ઞાનશાસ્ત્રીઓનું સ્વપ્ન કેમ પાર પડે તેનું એ રાત ને દિવસ ચિંતન કરતો. વળી, તે શક્તિ ઉત્પન્ન થતાં તેને કેવી રીતે નિયમનમાં રખાય તેનું તેના મનમાં અહર્નિશ મંથન ચાલી રહેતું. તેનો અભ્યાસ કરી તેના સંબંધમાં તે અવિશ્રાન્ત પ્રયોગો કરતો. રુથરફોર્ડ અને બીજા વિજ્ઞાનીઓએ જ્યાંથી આ કાર્ય છોડચું હતું ત્યાંથી એણે શરૂ કરી આગળ ચલાવ્યું હતું.

તેણે આના સંબંધમાં વૈજ્ઞાનિક સામયિકોમાં ચમત્કારી પરિણામો દર્શાવતા લેખો છપાવ્યા હતા, અને તેનાથી વિજ્ઞાનશાસ્ત્રીઓ ચકિત થયા હતા. આણુઓને વિભક્ત કરી એમાંથી છુટેલાં વિદ્યુત્કણોથી કેવાં ક્રાન્તિકારક કાર્યો થઈ શકે એની આગાહીઓ કરીને એણે બધાને આશ્ચર્યમાં ગરકાવ કર્યા હતા. હું એક જ એનો એવો મિત્ર હતો, જેને એણે પોતાના વિશ્વાસમાં લીધો હતો. મારી એવી માન્યતા હતી કે તે માત્ર સત્યશોધનની તીવ્ર ઈચ્છાને અધીન થઈ આ વિષયમાં આટલો બધો રસ લેતો હતો. મેં અનેક વખત આ અખૂટ શક્તિને વ્યાપારિક કાર્યમાં કે દ્રવ્યોત્પાદનના કાર્યમાં ઉપયોગમાં લેવા એને સમજાવ્યો હતો, પણ તેનો એ એટલો જ ઉત્તર આપતો કે એ તો તે શક્તિને સિદ્ધ કર્યા પછી જોઇ લેવાશે. આ વાતનો આગ્રહ કરવામાં આવતો ત્યારે જાણે તે મનના ઊંડાણમાં કોઈક વિચારમાં લીન થઇ ગયો હોય એમ બેદરકારીથી જવાબ આપતો.

આ વિચારશ્રેણી એને કેવા ભયકારક અંતિમ માર્ગ પર લઇ જતી હતી તે કોણ કલ્પી શકયું હશે? એ ચોખ્ખો નિરાશાવાદી ને કડવો નિઃસારવાદી (cynic) હતો. જર્મન ફિલસૂફ શોપનહોરનો એ ચેલો હતો; પણ ચેલો ગુરુ કરતાં કયાં યે આગળ વધી ગયો હતો. હું આ વસ્તુસ્થિતિથી વાકેફ હતો, પણ તેને માટે હું તેની શારીરિક અસ્વસ્થતા અને વંશપરંપરાગત ખાસિયતને જવાબદાર માનતો હતો. થોડા સમય માટે બહારગામ જઇ પાછો આવતાં મેં વર્તમાનપત્રમાં પ્રોફેસરની પ્રયોગશાળામાં એ ગંભીર અકસ્માત થયાની ખબર વાંચી. તરત જ હું પ્રોફેસરને મળવા ગયો તો તેમને હાથે અને માથા પર પાટા બાંધેલી સ્થિતિમાં મેં જોયા. બીજી બધી રીતે તે સ્વસ્થ હતા અને પોતાના કામમાં પ્રથમની માફક નિમગ્ન હતા. હવે મને કાંઇક સત્ય વસ્તુ સમજાવા માંડી.

૨–એક મહાન પ્રયોગ

એક સમયે અમે બંને પ્રોફેસરની પ્રયોગશાળામાં એમના છેલ્લામાં છેલ્લા પ્રયોગનું નિરીક્ષણ કરતા ઊભા હતા. આણુ પર મારો ચલાવી તેને તોડવાને મોટી વિદ્યુત્પાદક શક્તિઓ ઉપયોગમાં લેવાને બદલે તે અંશુવિકરણ (radiation)ની પદ્ધતિએ અમુક શીઘ્ર વિદ્યુદ્ગ્રાહી વસ્તુઓનું મિશ્રણ કરી રહ્યો હતો.

★ આણુને વિભક્ત કરવાનું વૈજ્ઞાનિકોનું સ્વપ્ન પાર પડે તો તેમાંથી અનહદ શક્તિ પ્રાપ્ત થઈ શકે. આ ખાલી સ્વપ્ન નથી. કદાચ કોઈ કહેશે કે આણુ જેવો પદાર્થ જેને આપણે આંખે દેખી યે શકતા નથી, તેમાંથી અગાધ શક્તિ કેવી રીતે ઉત્પન્ન થઈ શકે? તો તેને સમજવા માટે વરાળ અને વિદ્યુત્નો દાખલો લઈએ. આમ તો, પાણી અને વરાળ તથા વિદ્યુત્ના (+) કણો અને (−) કણો પદાર્થ તરીકે મામૂલી જણાય છે, પણ જ્યારે એને એના કાર્યક્ષમ સ્વરૂપમાં મૂકી ઉપયોગમાં લેવાય છે ત્યારે તે કેવાં મહાન, મનુષ્યની શક્તિ બહારનાં રાક્ષસી કાર્ય કરી શકે છે? વળી, બીજી એ વાત પણ જાણવા જેવી છે કે આ વસ્તુઓનો દુરુપયોગ કરવામાં આવે છે અગર તેનો ઉપયોગ અણઘડ માણસોને હાથે થાય છે તો તે પારાવાર નુકસાન કરે છે. એ જ પ્રમાણે આણુને વિભક્ત કરી તેની શક્તિનો દુરુપયોગ કરવામાં આવે તો કેવું નુકસાનકારક પરિણામ આવે એની કલ્પના આ વાર્તામાં રજૂ કરવામાં આવી છે. ★

'હવે હું ખરા માર્ગ પર ચડયો છું, દોસ્ત.' તેણે મને કહ્યું: 'આપણે એક વિદ્યુત્કણને છૂટો કરવા લાખો વોલ્ટ વિદ્યુત વાપરવી પડે તો તેનો કાંઈ અર્થ નથી. હું તો અતિશય નાની પ્રાથમિક શક્તિથી તે કાર્ય કરવા માગું છું. મોટી ભારે બંદુક ફોડવા માટે પણ આપણે એક નાની ચાંપ જ ખેંચવી પડે છે ને?'

એનું એ આખું યંત્ર, વાલ્વ, બૅટરીઓ, ટ્રાન્સફૉર્મર (વિદ્યુત્પ્રવાહનું સ્વરૂપ બદલનાર યંત્ર) અને બે નાની સીલ કરેલી સીસાની ટાંકીઓ, એટલી વસ્તુઓનું બનેલું હતું. પહેલાના પ્રમાણમાં તે અતિશય નાનું હતું. છતાં તેમાંથી નીકળતો અવાજ બહુ ભારે હતો અને ટાંકીઓ વચ્ચેના એક સૂક્ષ્મ કાણામાંથી જે વિદ્યુતનો પ્રસ્રાવ તેજસ્વરૂપે બહાર ફેંકાતો હતો તેનાથી આંખો અંજાઈ જતી હતી. ત્યાં તો એકાએક આખો સાજ જબરદસ્ત ધડાકા સાથે ફાટયો! તેથી બારીઓ તૂટી ગઈ, વિજળીના ગોળાઓનો ભુક્કો થઈ ગયા, અને અમે બંને જમીન પર ફસડાઇ પડયા. અમારાં ભવાંના વાળ બળી ગયા ને મોં કાળાં થયાં.

'જબરો મશાલો બન્યો!' પ્રોફેસરે વેદના સાથે ઊભા થતાં કહ્યું: 'ઠીક થયું કે હાડકાં આખાંશુદ્ધ રહ્યાં છે અને આંખોને નુકસાન થયું નથી. કાંઇક સખત બની ગયો, એમ લાગે છે. પણ, મેં ઓછામાં ઓછી વસ્તુઓનો ઉપયોગ કર્યો છે. આ થોડા આણુઓને ખાંડના લોચામાં સમાએલા કરોડો આણુઓથી ગુણો એટલે આપણે કાંઈક શરૂ કર્યું ગણાશે. દુશ્મનને એ ઔષધિની માત્રા આપવા સરકારને પણ મન થશે! જો તેનો ઉપયોગ થઈ શકે તો ડાયનેમાઈટ તો એના આગળ છીંકણી જેવો પુરવાર થશે. પણ હશે, એ વાત જવા દો.'

'કેમ વારુ?' મેં પૂછ્યું, 'તેને પ્રમાણસર લેવું અને વાપરવામાં સંભાળ રાખવી એ બે જ બાબતો જોવી પડે. હવે જલ્દી એ કામમાં મચી પડ! ખરેખર આ ગુપ્ત અસ્ત્ર આ યુદ્ધસમયમાં બહુ કિંમતી થઈ પડશે!'

પ્રોફેસરે ઓઠ પીસતાં કહ્યું, 'પણ તું ધારે છે એટલું આ સહેલું નથી. આ નાનો પ્રયોગ કરવામાં મારે બહુ સંભાળ લેવી પડી છે. મારે મારી પ્રયોગશાળાને બચાવવા મારા સઘળા જ્ઞાનનો ઉપયોગ

કરી યંત્રનો વિદ્યુત્પ્રવાહ કાપી નાખવો પડ્યો હતો. જો તેમ ન કર્યું હોત તો આસપાસના પદાર્થના સઘળા અણુઓના એક ભયંકર ધડાકા સાથે ચૂરેચૂરા થયા હોત અને સાથેસાથે બીજાઓ પર પણ તેની જ અસર થાત. પરિણામે માઇલો સુધી સત્યાનાશની પાટી ફેલાત, અને તે ક્યાં જઇને અટકત તે હું કહી શકતો નથી.

આપણે અત્યારે એક મહાન વસ્તુ કરી રહ્યા છીએ. તેની સાથે કલ્પનાવિહોણાં લશ્કરી માણસો ચેડાં કરે એ ઈચ્છવાયોગ્ય નથી. હું એનો જે ઉપયોગ કરવા માગું છું તે કરવાને સમર્થ થતાં પહેલાં મારે ઘણું કાર્ય અને ઘણી સંભાળભરેલી ગણતરીઓ કરવી પડે એમ છે.'

'જો એ એટલું બધું જોખમકારક હોય તો તો પછી પડતું જ મૂક.'

'પડતું મૂકું? તું મને હજી પૂરો ઓળખી શક્યો નથી એમ જણાય છે. મારે હવે તે પૂરું કર્યે જ છૂટકો છે. આ ગોટાળાભરેલા વિશ્વમાં મારે કાંઇપણ કાર્ય કરવાનું હોય તો મારે તેની ગુપ્ત વસ્તુઓનું જ્ઞાન મેળવી પેલી દુષ્ટ વસ્તુ 'પ્રકૃતિ' એ શું છે તે જાણવું છે. મારે તેના પર કાંઇક કાબુ મેળવી, તેણે જીવન ઉત્પન્ન કરવામાં જે મહાન ભૂલ કરી છે તે સુધારવી છે.'

'તું કહે છે એમાં મને કાંઇ જ સમજ પડતી નથી. એમાં વળી સુધારવાનું શું છે?'

'એ બધું હું તને જણાવું તો તો તું સ્તબ્ધ જ બની જઈશ!' એણે ખૂબ કટુતાથી કહ્યું: 'તેં યોગ્ય કેળવણી લીધી જણાતી નથી. તું ધર્મના દંભથી રંગાએલો લાગે છે. હું તારા હૃદયમાં બુદ્ધિની જ્યોત પ્રકટાવીશ એટલે તું તે બરોબર સમજીશ. પણ તે હમણાં નહિ. મારે હજી આ પ્રયોગમાં ઘણું કરવાનું છે. અત્યારે માત્ર એટલું જ જણાવીશ કે મને આ કામમાં ધાર્યા કરતાં વિશેષ ફતેહ મળી છે અને એનાથી મારી મોટામાં મોટી આશાઓ પરિપૂર્ણ થાય એમ છે...

પણ અત્યારે તો તું તારું મોં ધોઇ ઘેર જા અને આ વાત કોઇને કરતો ના; નહિ તો વળી પેલા ધાંધલિયા છાપાવાળાઓ, "એક વૈજ્ઞાનિક અણુને તોડે છે," ને એવીએવી નકામી વસ્તુઓ છાપી મારશે. મારે હજી ચોક્કસ કાર્ય કરવાનું બાકી છે.'

૩–પ્રેમવંચના

મારા મનમાં તો ખૂબ દહેશત લાગી; છતાં એણે પોતાને દર્શાવ્યો એટલી હદે તે નિઃસારવાદી નહિ હોય એવી માન્યતા સાથે હું તેનાથી જુદો પડ્યો. અમે પોતપોતાના કામે વળગેલા હોઈ ઘણા દિવસ સુધી એકમેકને મળ્યા નહિ. તે અરસામાં હેમલતાએ તેના જીવનમાં પ્રવેશ કર્યો.

કદાચ આ વાત ન માનવા જેવી લાગશે; પણ એ સત્ય હકીકત છે કે પ્રોફેસર કે જે કદાપિ કોઇને ત્યાં જતો નહિ તેને એક સંબંધીજનને ત્યાં આનો ઓચિંતો મેળાપ થયો, અને સ્ત્રીઓ પ્રત્યે હમેશાં નફરત ધરાવતો આ પ્રોફેસર તેને જોતાંની સાથે જ તેની સુંદરતા, તેની સુકુમારતા અને અપ્રતિમ બુદ્ધિથી અંજાઈ ગયો અને તેના પ્રેમમાં પડ્યો. પ્રોફેસર કદી સ્ત્રીઓનો પ્રશંસક ન હતો. તે હમેશ સ્ત્રીઓથી દૂર ભાગતો અને 'જાતીયધર્મ'ને અતિ શોચનીય કૃત્ય તરીકે તિરસ્કારતો. છતાં તે આ સ્ત્રીનું મુખકમળ જોઇ મોહ પામ્યો.

'સ્ત્રી એટલે જીવન, બલ્કે જીવનની વૃદ્ધિ; અને જીવન ખસુસ કરીને એક પ્રકારનું અનિષ્ટ જ છે' એમ તે વારંવાર કહેતો.

જીવન એ એક પ્રકારનો ભૌતિક પદાર્થનો વ્યાધિ છે, આદિ કારણરૂપ સાગરનો ગાળ યાને કચરો છે અને સ્ત્રીઓ તેને ફેલાવવામાં કારણભૂત બને છે એવાં વચનો એક સમયે કહીને તે સ્ત્રીઓની નિંદા કરવાનું યે ચૂક્યો ન હતો. એ, ખરેખર એક વિપરિત પ્રકારની માન્યતા હતી, પણ હેમલતા મળતાં સુધી તેનો અભિપ્રાય એવો જ હતો!

એના જેવા મનુષ્યોની બાબતમાં બને છે એમ તે આમાં પૂર્ણ જોસથી ઝંપલાયો. તે પ્રેમઘેલો બન્યો. એનું જો શુભ પરિણામ આવ્યું હોત અને તેનું લગ્ન થયું હોત તો કેવું સારું થાત!

થોડા સમય માટે તો તે હેમલતાને છાયાની જેમ અનુસર્યો. એને પણ એ ગમવાથી થોડા સમય માટે એણે તેને ઉત્તેજ્યો, પણ પછી તે કંટાળી અને એની લગ્નની માગણી તેણે નકારી.

પ્રોફેસરને અતિશય લાગી આવ્યું. બે અઠવાડિયા સુધી તે ઘરની બહાર ન નીકળ્યો. હું પણ ડહાપણ વાપરી તેને મળવા ગયો નહિ. ત્યાર બાદ એક દિવસ હું ગયો ત્યારે તે પ્રયોગશાળામાં પાછળ હાથ બીડી જોસથી પગલાં ભરતો આમતેમ ફરી રહ્યો હતો.

'કેમ? મૂર્ખા પર શી અસર થઈ છે તે જોવા આવ્યો છે?' તેણે કડવાશથી કહ્યું: 'ખાલી કુતૂહલ સંતોષવા ખાતર, ખરું ને? જા, જઇને બધાને કહેજે કે પ્રોફેસર હવે સાજાસમા થઈ ગયા છે. મગજનો વ્યાધિ જ તો, બીજું શું? ઠીક થયું કે એણે મને નકાર્યો, નહિ તો એક સામાન્ય માણસ તરીકે હું મારું જીવન પૂરું કરત!

પણ કેવો આબાદ બચી ગયો છું! જહન્નમમાં જાય તે! જ્યાં સુધી સ્ત્રીઓ ડાકિનીઓનો ભાગ ભજવશે અને પુરુષો મૂર્ખા બન્યા કરશે ત્યાં સુધી આ ચેતનમય, દુઃખમય જીવનનું આગળ વધવાનું કાર્ય ચાલ્યાં કરશે. એને કોઇ પણ હિસાબે અટકાવવું જોઇએ, અને હું તે અટકાવીશ!' એક ગાંડા માણસની જેમ બરાડા પાડી તે ગર્જી ઊઠ્યો.

૪–દ્વિતીય પ્રલયંકર

તેની કાંઇ જ અસર મારા પર થઇ ન હોય એવો ડોળ કરી મેં કહ્યું: 'ખાલી મોટી વાતો! તું જીવનના ક્રમને કેવી રીતે અટકાવીશ? અમુક વસ્તુ તને પસંદ ન પડી એટલે શું એનો સદંતર નાશ કરવો? જરા અક્કલનો ઉપયોગ કર અને વિચાર કે તું સંસ્કૃતિમય યુગનો એક શિષ્ટ સભ્ય છે.'

'સંસ્કૃતિમય યુગ! તું સંસ્કૃતિ કોને કહે છે?' પ્રોફેસરે ઊકળીને જવાબ આપ્યો: 'આ આપણા બૉમ્બો, ટૅંકો, તોપો, ઝેરી ગૅસો, ગેસ્ટાપો,[1] ઑગ્પસો[2] અને નજરકેદીઓનાં કેન્દ્રસ્થાનો, તથા સાર્વત્રિક જુઠાણાં અને દગાફટકા પ્રત્યે નજર કર, અને પછી કહે કે જગતના ઇતિહાસમાં આના જેવો કલંકિત યુગ કદી જોવામાં આવ્યો છે? ખરેખર, આપણા જેવાનું દુર્ભાગ્ય છે કે આપણામાં અતિ નાજુક, સૂક્ષ્મ લાગણીઓનો ઉદ્ભવ થએલો છે, એટલે આપણને વિશેષ લાગી આવે છે; અને તેમાં વળી દુનિયામાં થતા અત્યાચારો વિષે વાયરલેસ, ટેલીફોન અને વર્તમાનપત્રો દ્વારા અતિશય ત્વરાથી આપણને સમાચાર મળતા હોવાથી કોઈ પણ સ્થળે તે બનતા હોવા છતાં આપણી કલ્પનામાં તે આપણે દૃષ્ટિ સમક્ષ બનતા અનુભવીએ છીએ.

એટલે જ હું તને ફરીથી કહું છું કે આ ચેતનમય જીવન જ એક શાપિત વસ્તુ છે. તેનો કદી પ્રારંભ જ થવો જોઇતો ન હતો. અચેતન વસ્તુઓને તો તેની સાથે કાંઈ લેવાદેવા નથી; પ્રાણીઓને સહેજસાજ સંબંધ છે. પણ બુદ્ધિમાન ચેતનમય વ્યક્તિઓને માટે તો આ સમસ્ત વિશ્વની રચના મહાન અનર્થ રૂપ છે.'

'લગાર સમજણ રાખ.' મેં વાંધો દર્શાવતાં કહ્યું: 'જીવન એટલી તો મહાન વસ્તુ છે કે આપણે તેને સમસ્તને સારી કે ખોટી કહી શકતા નથી. ખરું પુછાવે તો આપણે તેના વિષે પૂરું જાણતા યે નથી.'

---

[1] ગેસ્ટાપો=નાઝીઓની જાસૂસી સંસ્થા. [2] ઑગ્પસ=સોવીએટની જાસૂસી સંસ્થા.

'તું સત્ય કહે છે,' તેણે સંમતિ દર્શાવતાં કહ્યું: 'કે આપણે તેને પૂરું જાણતા નથી; પણ આપણી નજરે જે પડે છે તે બધું બરોબર નથી. અને તું એટલું તો સ્વીકારીશ કે જ્ઞાત વસ્તુની મદદથી અજ્ઞાતનું જ્ઞાન મેળવી શકાય છે. ચોખ્ખું કહું તો આ વિચાર કરતું, બીતું, સહન કરતું જીવન એક શોકમય ઘટના છે અને તેનો જલદી અંત આણવો જોઇએ. હું ધારું છું કે હું તે પાર પાડી શકીશ.'

હું ખૂબ ગંભીર બની ગયો, કારણકે તેણે ઉન્માદાવસ્થા પ્રાપ્ત કરી હોય એમ જ હવે મને લાગ્યું. અતિશય અભ્યાસનો ભાર, એની ઉદાસીન પ્રકૃતિ, ઈચ્છાનુસાર મહાન બળ વાપરી શકવાની ખાતરી, અને એમાં છેલ્લે ઉમેરાએલો એના પ્રેમકિસ્સાનો કરુણ અંત, એ સર્વેથી એનું મગજ ફરી ગયું હતું. અત્યારે તો મારે તેની વાતનો સ્વીકાર કર્યા સિવાય છુટકો ન હતો.

'અરે, પણ તું જીવનનો—સમસ્ત જીવનનો—અંત કેવી રીતે લાવીશ?' મેં પૂછ્યું. 'તો તો પછી તું તો બીજો ઈશ્વર બને!'

આથી તે વિશેષ વાચાળ બન્યો. તેણે કહ્યું: 'તેં મારો પ્રયોગ તો જોયો'તો ને? તને ખાતરી થઈ હશે કે આણુમાં રહેલું જબરદસ્ત બળ હું છૂટું કરી શકું છું. થોડા પ્રયોગો બાદ તું જોઈશ કે હું એક એવી જાતનું ધડાકા સાથેનું વિભંજનકાર્ય કરી બતાવીશ કે તેનાથી પૃથ્વીના ચૂરા થઇ જશે અને મનુષ્યના દુ:ખનો અંત આવશે. હું આ જગતનો બીજો પ્રલયંકર બનીશ.' તે સહેજ અટક્યો. મતાંધતાના અગ્નિથી તેની આંખો પ્રજ્વલિત થઇ અને તેણે ફરી ચલાવ્યું: 'આમ હું પૃથ્વીની દુ:ખમય કથાનો અંત લાવી દઈશ. અને તે કથા યે કેવી! ભૂખ, દુર્ભિક્ષ, વ્યાધિ, યુદ્ધ, ખૂન, ધિક્કાર, દ્વેષભાવ અને નિ:સારતા. છોકરાઓ બાપની સામે, એક પ્રજા બીજી પ્રજા સામે, એક જાતિ બીજી જાતિ સામે બાખડે છે, અને થોડા સમયમાં તું જોશે કે હજી સુધી તારા જોવામાં નહિ આવ્યાં હોય એવાં શસ્ત્રોથી એક ખંડ બીજા ખંડ સામે ત્રાટકશે. જીવન એટલે શોક અને દુ:ખ, તે વિના બીજું કાંઇ નથી; અને ગમે તે માર્ગે તેનો અંત આણ્યે જ છૂટકો છે!'

થોડી વાર અટકીને તે ત્રાડ નાખી બોલી ઊઠયો: 'આ વિશ્વ એક આફત સમાન છે અને તેનો કોઇ પણ હિસાબે અંત લાવવો જોઇએ. હું આણુબળને છૂટું કરીશ અને આ પૃથ્વીનો નાશ કરીશ. ચેતનશક્તિ કે જેણે વિશ્વના આ ભાગને દુ:ખિત કર્યો છે તેનો અંત આવશે. ખડકો ઓગળી જશે, સમુદ્રો ઊકળશે અને આ પૃથ્વીનો ગોળો છિન્નભિન્ન અવસ્થામાં છૂટો પડી જશે. જે સ્થળે અત્યારે ધબકારા મારતું જીવન છે, દુ:ખથી રીબાતા જ્ઞાનતંતુઓ છે અને ભયથી ચીરાઈ જતાં મન છે ત્યાં લાખો માઈલ સુધી ચેતનરહિત ભૌતિક પદાર્થોના ટુકડા વેરાએલા માલૂમ પડશે. આ તો મારા કાર્યની રૂપરેખા હું તને દોરી બતાવું છું, અને મને આશા છે કે બીજા ગ્રહો પર પણ એવા બુદ્ધિમાન પુરુષો જાગશે કે જે મારું કાર્ય આગળ ધપાવશે.'

મારા મન પર કોઈ ફટકા મારતું હોય એવો આઘાત મને થયો. પ્રોફેસર ગમે તેટલો બુદ્ધિશાળી અને પ્રતિભાવાન વ્યક્તિ હોય, છતાં તે સમયે તેનું મગજ સ્થિર હોવા વિષે મને શંકા થઈ. આખી પૃથ્વીનો નાશ કરે એટલું આણુબળ તે મુક્ત કરી શકે એ માની શકાય તેમ ન હતું, છતાં તેની પાસેથી વિશેષ વાત મેળવવાને, મને જાણે તેમાં રસ પડતો હોય, અને તેની વાત ન માનતો હોવા છતાં જો મને ખાતરી થાય તો માનવા તૈયાર હોઉં, એવો ડોળ મેં કરી બતાવ્યો.

'જીવન તું ધારે છે એટલું ખરાબ નથી.' મેં એક તર્કશાસ્ત્રીની અદાથી કહ્યું: 'જોઇએ તેટલા લોકો જીવનમાં સુખ માણે છે અને મરવાને માટે ભાગ્યે જ કોઈ રાજી હોય છે. વળી, આ બધી મોટી વાતો તું કરે છે તો ખરો, પણ ૮૦૦૦ માઈલના વ્યાસના આ ગોળાનો ભુક્કો કરવા જેટલું આણુબળ પેદા કરવા શું તું શક્તિમાન થવાનો હતો?'

ગુસ્સાથી તેણે ઉત્તર દીધો: 'હજી તને એ વાતમાં સંશય પડે છે? તું ગણિતશાસ્ત્રમાં સાધારણરીતે ઠીક રસ ધરાવે છે, તો મારા પ્રયોગો અને ગણતરીઓની આ નોંધ તપાસી જો. અને તેથી યે વધારે સારો માર્ગ એ છે કે આજથી એક અઠવાડિયા બાદ તને એક નિર્જન પ્રદેશમાં લઈ જઇને મારો પ્રયોગ કરી બતાવીશ. આપણે પેલા બેટના ખડકો પર ભરતીના સમયે હોડીમાં બેસીને જઈશું.'

સંમત થઇને હું તેનાથી છૂટો પડયો. હજી મને એના વિષે પૂરી સમજણ પડતી ન હતી. એની પાસે પુષ્કળ પૈસો હતો, વિજ્ઞાન પ્રત્યે અભિરુચિ હતી, જોઇએ તેટલા નોકરો હતા અને સમુદ્રની આરોગ્યવર્ધક હવા અને સુંદર દરિયો અનાયાસે પ્રાપ્ત થઈ શકે એવા સ્થળે તેનો નિવાસ હતો. છતાં એના મનમાં આ કેવું ભ્રમતિયું ભરાયું હતું તે સમજાતું ન હતું. શું તેની બુદ્ધિ વિનાશના માર્ગે ચઢી હતી? કે પછી તેની પાસે, તે કહેતો હતો એવી ભયંકર સત્તા હતી? નવીન યાંત્રિક બળોનું મારું જ્ઞાન એની વાત સાચી હોય એમ માનવાને મને પ્રેરતી તો હતી. છતાં એક માણસ આખી પૃથ્વીનો નાશ કરવા જેટલું જબરદસ્ત બળ ઉત્પન્ન કરી શકે કે કેમ તે વિષે મને દગદગો રહેતો હતો. મને તો એનું મગજ જ બગડેલું હોવું જોઇએ એમ લાગ્યું. પણ તેની ખાત્રી કરવાને માત્ર એક જ અઠવાડિયું આડે હતું ને?

૫-અપૂર્વ અનુભવ

અઠવાડિયું વીતી ગયું. વસંતઋતુનું રમણીય પ્રભાત હતું. પ્રોફેસરનું મોટરહોડકું દરિયામાં સુસવાટા સાથે ચાલતું હતું. જડિત્ર કાચ સમું પાણી સ્થિર હતું અને વાયુની એક પણ લહેરકી વાતાવરણને કંપાવતી ન હતી. પાછળની બાજુ પર એક ઊંચી ખડકની ટેકરી નીલ આકાશથી કપાઇને જુદી પડતી હોય એમ જણાતી હતી, અને પવનની દિશામાં ખરબચડો સમુદ્રકિનારો આવી રહ્યો હતો. હોડીમાં અમે બે જણ જ હતા. લીલોતરી વિનાના એ નાના બોડા ખડકોની સમીપ અમે આવ્યા. એના પર દરિયાનાં કેટલાંક પક્ષીઓ નિરાંત કરી બેઠાં હતાં. પવનની દિશા તરફ માછીમારોની બે હોડીઓ પડેલી હતી.

'બસ, આ ચાલશે;' તેણે કહ્યું: 'છેલ્લા પ્રયોગમાં મેં ઉપયોગમાં લીધો હતો તેના કરતાં થોડો વધારે મસાલો મેં રાખ્યો છે. આ પડીકામાં ક્રિટિકલ (critical)* તત્ત્વનાં જરૂરી આણુઓ છે; અને સાથે રીએજન્ટ (re-agent)+ છે કે જે, તે પડીકાના ઓગળી જાય એવા બહારના આચ્છાદનમાંથી હવા અને સાગરનું જળ અંદર નીતરશે એટલે તરત અસર ઉપજાવશે. જરા પેલા ખડક નજીક જઇને હું તેને હોડીમાંથી ફેંકીશ. પછી આપણે ખૂબ જ ઉતાવળથી અહીંથી ચાલ્યા જવું પડશે. તને થોડી મિનિટમાં ખબર પડશે કે હું શું કરી શકું છું. . . . . જો, ધ્યાન રાખ!'

એમ કહીને તેણે તે પાકીટ પાણીમાં ફેંકયું અને મોટરએ ટની ઝડપ એકદમ વધારી દઇને ધનુષમાંથી તીર છૂટે એમ તેને તે સ્થળેથી પાછી હંકારી. બરોબર સાત મિનિટ થઈ એટલે એક જબરદસ્ત સફેદ અગ્નિશિખા સમુદ્રમાંથી અને ખડકોમાંથી બહાર નીકળી અને તેના તેજની ઝાળથી અમારી આંખો દઝાઈ. થોડી પળ પછી એક જબરા ધડાકાથી અમારા કાનના પડદા ભેદાયા અને અમારી હોડી કોઈ રાક્ષસી હાથથી ઉચકાઇને બહાર ફેંકાતી હોય એમ પાણીમાં ઉછળતી

---

* ક્રાન્તિકારક તત્ત્વ + ક્રિયાત્મક તત્ત્વ, કસોટી-તત્ત્વ.

જણાઈ. અમે બંનેએ તો, એના ભાંગીને ભુક્કા થઈ જશે એમ માન્યું; પણ હરકોઈ પ્રકારે તે ઠેકાણે આવી ગઈ. આગળ ધક્કો મારનારા પંખાથી એન્જિન બંધ થઈ ગયું, પણ તેને અમે ફરી ચાલુ કર્યું.

ઊકળતા, વરાળો કાઢતા એ સમુદ્રમાંથી, વમન થતા અને તોફાને ચઢેલા અગ્નિના એ ફુવારા આગળથી, અમે બની શકે એટલી ત્વરાથી જમીન તરફ હંકારી ગયા. અમે ચઢાણના માર્ગ તરફ દોડ્યા ત્યારે પણ આકાશ અને સમુદ્રજળના નીલવર્ણમાં એ આકાશ-દીવા કિંવા દીવાદાંડી સમાન અગ્નિનો ભડકો જાજ્વલ્યમાન તેજસ્વી ધાબા જેવો લાગતો હતો. જેમજેમ વિદ્યુત્કણોની ઉથલપાથલનો વિસ્તાર વધતો ગયો અને તેમાં વધારો થતો ગયો તેમતેમ થોડા સમયને માટે તો તે વિશેષ મોટો અને તેજસ્વી થતો જણાયો. પછી તેનું જોર કમી થવા માંડ્યું.

પ્રોફેસરે કહ્યું: 'આના સંબંધમાં ખૂબ પૂછપાછ થશે. આપણને અહીં કોઈએ આવતા યે જોયા હશે, અને તેઓ આપણને અનેક પ્રશ્નો પૂછશે. આપણે તો માત્ર એટલો જ જવાબ આપવાનો કે કોઈ નવીન પ્રકારના બળવાન સ્ફોટક પદાર્થનો ધડાકો થયો હશે. અમે તેની નજીક ગયા હતા, પણ ત્યાંથી ખસીને માંડ બચી શક્યા. આપણા કામમાં કોઈ પરવારતા નવરા લોકો માથું મારે એ મને પસંદ નથી. . . . હવે ઘેર ચાલ, તને મારી ગણતરીઓ બતાવું.'

પણ હું તો એ ચઢાવ પર ઊભો રહી અતિશય ભયત્રસ્ત નજરથી દરિયા તરફ જોઈ જ રહ્યો હતો.

પ્રોફેસરે અધીરાઈથી મને કહ્યું, 'ચાલ જલદી, નહિ તો પકડાઈ જઈશું. ત્યાં શું જોઈ રહ્યો છે?'

'શું જોઈ રહ્યો છું? અરે, શું નથી જોઈ રહ્યો એ પૂછને! પેલાં માછીમારનાં બે હોડકાં ક્યાં ગયા? ખરેખર તેં એનો નાશ કર્યો છે અને તેમાં બેઠેલાં માણસોનું ખૂન કર્યું છે.'

'એ તો ખરેખર એક કમનસીબ, અણધારેલી ઘટના—એક અકસ્માત જ હતો. હું તને ખાતરીથી કહું છું કે વિનાશના વર્તુળની ત્રિજ્યા એટલે સુધી ફેલાશે એવો મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. માછીમારો બાબતમાં તો અતિ ખેદદાયક વાત બની છે; પણ તેનો કાંઈ ઉપાય જ નથી. વારુ, તું શું કરવા માગે છે? બધાને સત્ય હકીકત જણાવી મને પકડાવવા માગે છે? તારું કહેવું પોલીસ માનશે ખરી?

ચાલ, ચાલ; લાગણીપ્રધાન બનીશ મા. ઘેર ચાલ, તને પેલા આંકડા બતાવું. કદાચ તને હાલ તે જોવાની ઈચ્છા નહિ પણ હોય. પણ યાદ રાખજે કે મારી મૈત્રીને ભૂલી જઈ તું અનાડી બનવા માગતો હોઈશ તો તેની યે મને દરકાર નથી.'

૬–વિલક્ષણ પ્રકારની ધમકી

મારું મગજ જાતજાતના વિચારોના વંટોળે ચઢ્યું. મેં તેની સાથે જવાનો નિશ્ચય કર્યો, કેમકે એ પાગલ પાસે તેના કહેવા પ્રમાણેની શક્તિ હોય તો તે જાણી લેવું વધારે સારું હતું.

દરિયાકિનારે ખૂબ ધાંધલ થતી જણાઈ; પણ અમે બંને સિફતથી ત્યાંથી છટકી ગયા. ઘેર ગયા બાદ પ્રોફેસર મને એની પ્રયોગશાળામાં લઈ ગયો. બારીમાંથી બહાર નજર નાખતાં પેલા વિચિત્ર ભડકાના, હજી સુધી યે પ્રકાશ ફેલાવી રહેલા વર્તુળની તપાસ કરવા કેટલીક હોડીઓ ત્યાં ફરતી માલૂમ પડતી હતી.

'આ અકળાવનારી બાબત બની ગઈ, નહિ વારુ? હવેથી મારા પ્રયોગોમાં મારે બહુ સાવચેતી રાખવી પડશે.' પ્રોફેસરે બડબડતાં કહ્યું. પછી એક કબાટમાંથી આંકડા, ગણિતનાં ચિહ્નો અને વિચિત્ર પ્રકારના અક્ષરોથી ભરેલા કાગળોની થોકડી બહાર કાઢી.

ઊવટનો સિદ્ધાંત પ્રાપ્ત કરવા એણે જે ગણતરીઓ કરી હતી તેને સમજતાં મને ત્રણ કલાક ગયા. ઊવટનું સમીકરણ મગજમાં ઊતર્યું એટલે મને માલૂમ પડ્યું કે તે સમીકરણનો ક્ષ (અજ્ઞાત વસ્તુ) અર્થાત્ આખી પૃથ્વીને ઉડાડી નાખી શકે એટલો શીઘ્ર વિદ્યુદ્ગ્રાહી (radio-active) પદાર્થ, જે નું ધારેલું કાર્ય કરી શકે એમ હતો. એણે કરેલાં મૂળભૂત પ્રાથમિક વિધાનો સાચાં હોય તો તેમાં લેશ પણ શંકા રાખવા જેવું ન હતું.

પણ તે કદાચ સાચાં ન હોય એવી આશા રાખી શકાય. છતાં પ્રોફેસરનું જબરદસ્ત જ્ઞાન અને તેની કીર્તિ આ આશાને નિર્મૂળ કરતાં હતાં. એટલે પ્રોફેસરને જોઈતો પદાર્થ મળી શકે તો પૃથ્વીના ગોળાના ભુક્કા ઉડી જાય એ વાત ચોક્કસ હતી.

'હવે તો સંતોષ થયો ને?' તેણે પૂછ્યું. મારા મોં પર વિષાદની છાયા છવાઈ.

'તું મને આ કાર્ય કરવા દેવા નથી માગતો, ખરું ને? તું બહુ ચિપાસિયો લાગે છે. કદાચ તું એમ પણ ધારતો હશે કે હું આ કામ કરવાની હિંમત નહિ કરું. પણ એવી આશા રાખતો જ નહિ. મનુષ્યોની વેદના એટલી હદે પહોંચી છે કે તેનો હું હવે અંત આણ્યા વિના રહેવાનો નથી. જીવનના બદલામાં શાંતિ, અને તરફડાટને બદલે વિશ્રાંતિ આપવા હું માગું છું.'

મેં કહ્યું: 'તું કદી એ કરી શકવાનો નથી. ઇતિહાસમાં વાંચવામાં આવેલી બધી ખૂનરેજીને ટપી જાય એવી આ છે. કોઈ પણ હિસાબે હું તે અટકાવીશ.' મેં આમ કહ્યું તો ખરું, પણ મને તરત મારી ભૂલ માલૂમ પડી. ખરું જોતાં મારે તેની હા યે હા કરીને આ સંબંધમાં વિશેષ જાણી લેવું જોઈતું હતું.

'તું મને કેવી રીતે અટકાવશે?' તેણે આશ્ચર્ય પામ્યાનો ડોળ કરીને કહ્યું: 'તું પોલીસને ખબર આપશે કે મને ગાંડો ઠરાવી પરહેજ કરાવશે. પોલીસને ખબર આપ, મૅજિસ્ટ્રેટને જણાવ કે પછી ઠેઠ પ્રધાનમંડળના સભ્યો પાસે જા, તો યે હું ક્યાં ડરું છું? પ્રધાનને કહેજે કે તમારો મિત્ર પ્રોફેસર આખી દુનિયાનો નાશ કરવાનો છે, એટલે તે તરત તને હસી કાઢશે, અગર જો તેઓ તારી વાત સાંભળશે તો તેઓ એમ માનશે કે મારા પ્રયોગોથી અથવા વાતોથી તું નિરર્થક ભયભીત થયો છે. હા, મને તેમ કરતાં અટકાવવાને માત્ર એક શક્યતા છે, અને તે કેવળ મારા મૃત્યુથી જ પાર પડી શકે એમ છે.'

૭–યુદ્ધમંત્રીની મુલાકાત

'તું પાગલ છે–તારું ચસકી ગયું છે!' મેં નિરાશાથી કહ્યું.

'કદાચ એમ હોય; દુઃખિત જનતાના અથાગ દુઃખે મને ગાંડો બનાવ્યો હોય! પણ તું એટલું તો સ્વીકારશે કે મારું ગાંડપણ પદ્ધતિસરનું છે. તારે કરવું હોય તેમ કરજે, પણ એટલી ખાતરી રાખજે કે હવેના પ્રયોગ સમયે તને હાજર રહેવા હું નિમંત્રણ મોકલીશ. તેને ઓછામાં ઓછાં ત્રણ અઠવાડિયાં જોઈશે. ત્યાં સુધીમાં મારું નામ દેતો ના.'

આમ વાત ચાલતી હતી એટલામાં ટેલીફોનની ઘંટડી વાગી. પ્રોફેસર ટેલીફોન પર ગયો. અચાનક મારા મનમાં ઓચિંતો એક વિચાર આવ્યો. મેં પેલાં કાગળિયાં ઝડપી લીધાં અને ફાઉન્ટન પેન કાઢીને . . . .

પછી હું તરત જ ત્યાંથી રવાના થઈ ગયો. ઘેર જતાં એને કેવી રીતે આ ગાંડા કાર્યમાં નિષ્ફળ બનાવવો એના જ વિચારો મને આવવા લાગ્યા. ખરેખર, મનુષ્યજાતિને એ ભય સમાન હતો, એક હૃદયહીન ખૂની હતો, કિંવા રાક્ષસી સત્તા ધરાવનાર એક પાગલ સમાન હતો. હરકોઈ પ્રયત્ને એને આ ભયંકર કાર્ય કરતાં અટકાવવો જ જોઈએ.

પણ, એના જ કહેવા પ્રમાણે, શું કોઈ અધિકારી અથવા વિજ્ઞાન નહિ જાણનારો મનુષ્ય આ વાત માનશે? ના, ઉલટા તેઓ આવા સમાચાર આપનારને ગાંડો ગણશે, કેમકે સૌકોઈ એના કાર્યથી અને બુદ્ધિથી માહિતગાર હતા.

એમ છતાં બે દિવસ બાદ હું યુદ્ધ કચેરીમાં ગયો અને ત્યાં યુદ્ધમંત્રી સર ——ને મળ્યો. તે આકાશી પદાર્થવિજ્ઞાનમાં સારો રસ ધરાવતા હતા. વળી તે એ પ્રોફેસરને સારીરીતે ઓળખતા હતા. મેં મારી સઘળી વાત એમને કહી, અને સ્પષ્ટતા માટે મુખ્ય હકીકતોનું પુનરાવર્તન કર્યું. એ સાંભળી એમણે કહ્યું: 'પણ વારુ, આવી અસાધારણ બાબતમાં હું શું કરી શકું એમ છું?'

'એમ કેમ?—બેશક—તમે—આ કાર્યને—અશક્ય બનાવવા—પગલાં લઈ શકો—એમ મારા ધારવામાં આવે છે.' મેં અચકાતાં અચકાતાં કહ્યું.

'હવે હું સમજ્યો. આ પ્રોફેસર, કે જે આખી દુનિયામાં મોટામાં મોટો વિજ્ઞાનશાસ્ત્રી છે, સર્વ સ્થળે પ્રખ્યાત છે અને જેની સત્યનિષ્ઠા પર તલભાર શંકા લાવી શકાય એમ નથી, એ દુનિયાનો નાશ કરવાનો છે એમ હું સત્તાવાળાઓને જઇને કહું, ખરું ને? જોકે તમારી સચ્ચાઇ અને સાચા ભય પ્રત્યે સંદેહ લાવવો એ અસભ્ય ગણાય, છતાં મારે આવું પગલું લઈ મૂર્ખ બનવું એવું તો તમે નહિ જ ઈચ્છતા હો. મારું તો ધારવું એવું છે કે તમારો ભય કાલ્પનિક છે, અગર તો તમે પ્રોફેસરનું કહેવું ઊંધું સમજ્યા છો. કદાચ તે તમને આવું કહી બનાવવા યે માગતો હોય!'

મેં તેની સાથે દલીલ કરી સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો. આખરે મારા કહેવાની કાંઈક અસર થયાથી એણે પ્રોફેસરને મળીને આ સંબંધમાં માહિતી મેળવવા કબૂલ કર્યું. વળી, વિશેષમાં એટલે સુધી એણે નમતું મૂક્યું કે આ મુલાકાતનું કાંઈ પરિણામ ન આવે તો જે દિવસે પ્રોફેસર એનો છેલ્લો પ્રયોગ કરે તે દિવસે હાજર રહીને અનિષ્ટ ઘટના બનતી અટકાવવાનું તેણે વચન આપ્યું, અને તે દિવસ વિષે તેમને ટેલીફોનથી જાણ કરવા મને કહ્યું. તેમ છતાં મારો ભય અકારણ હતો એ મતને તો એ વળગી જ રહ્યા.

૮—અણીનો સમય

હવે મારે રાહ જોયા વિના છુટકો જ ન હતો. એક અઠવાડિયા બાદ મારા પર યુદ્ધમંત્રીનો ટેલીફોન આવ્યો.

તેણે કહ્યું: 'હું પ્રોફેસરને મળ્યો છું. મારી ને તેની મુલાકાત બહુ રસાળ હતી. તેના કહેવા પ્રમાણે આણુબળ સંબંધી તે કેટલાક નાજુક પ્રયોગો કરી રહ્યો છે, કે જેમાં લગાર ગફલત થાય તો બહુ ગંભીર પરિણામ આવે. આ સિવાય બીજું કાંઈ નથી, એટલે બીવાનું કાંઈ કારણ નથી. છતાં તે દિવસે મેં આવવાનું જે વચન આપ્યું છે તે હજી કાયમ છે. આપણે કોઈપણ પ્રકારનું પગલું લેવા વખત આવશે નહિ. બસ; આ સંબંધમાં મૌન ધારણ કરજો.'

ત્યાર પછીનું પખવાડિયું મેં બહુ ચિંતામાં પસાર કર્યું. મને મનથી એમ પણ લાગ્યું કે કદાચ હું ભૂલ કરતો હોઇશ, અને પ્રોફેસરનો એવો કોઇ ઈરાદો નહિ હોય. પણ મેં પેલો હિસાબ જોયો હતો તેમજ પેલા છેલ્લા પ્રયોગનું શોચનીય પરિણામ નજરે જોયું હતું. બધા લોકો એ અકસ્માત, દુશ્મને મૂકેલા કોઇ અજાણ્યા સ્ફોટક પદાર્થને લીધે થએલો માનતા હતા, પણ હું તે સંબંધમાં વધારે સારી માહિતી ધરાવતો હતો.

એટલામાં મને પ્રોફેસરની ચિઠ્ઠી મળી. તેમાં તેણે અણધાર્યા કારણને લીધે ઢીલ થયાનું તેમજ એક પ્રયોગ કરતાં અકસ્માતથી પોતે માંદ બસ્યાનું જણાવ્યું હતું, અને છેવટના મહાન કાર્ય માટે એક માસની મુદ્દત નાખી હતી. તેની સામે મેં પગલાં લીધેલાં હોવા છતાં તે હજી છૂટો હતો એવી ટકોર પણ તેમાં કરવામાં આવી હતી.

એ આખો મહિનો મેં ઉચાટમાં પસાર કર્યો. મારે કોઈ વાત કરવાનું સ્થળ ન હતું, નહિ તો તેમ કરી હૃદયનો ભાર હળવો કરત. એક ગાંડો માણસ કરોડો મનુષ્યોથી વસાયેલી પૃથ્વીનો નાશ કરે એવો વિચાર પણ અસહ્ય હતો. છતાં યુદ્ધમંત્રીના મોઘમ અસંતોષકારક વચન પર મારો સઘળો આધાર હતો.

છેવટે પ્રોફેસરનો ટેલીફોન મને મળ્યો. અંતિમ દાવ માટે બધી તૈયારી કરેલી હોઇ મને સવારે સાડા નવ વાગ્યે આવવાનું જણાવ્યું હતું.

તેનો ટેલીફોન પૂરો થયે એક ગાંડાની માફક મેં ડાયલ ફેરવી યુદ્ધમંત્રીને ટેલીફોન કર્યો. તે સરકારી કામે બહાર ગએલા હતા, પણ મેં ઉતાવળથી મારું નામ અને પ્રોફેસરનું સરનામું આપ્યાં. પ્રોફેસરના ઘરનું બારણું મેં ઠોક્યું ત્યારે હું કોઇ દુઃસ્વપ્નમાં પડ્યો હોઉં એવું મને લાગ્યું.

૯—મારી કમબખ્તી

જાણે અમારો ઉપહાસ કરતો હોય એમ, આજનો દિવસ—જે પૃથ્વીનો છેલ્લો દિવસ બનવાનો હતો તે—તેના પૂર્ણ બહારમાં ઊગ્યો. મંદ વાયુ અમને લાડ કરતો ધીમેથી સ્પર્શી રહ્યો હતો અને અતિ પ્રકાશિત સૂર્યનો તાપ એની હૂંફથી ઓર પ્રકારની સ્ફૂર્તિ આપતો હતો. નીલવર્ણા આકાશે અને સમુદ્રે અતિ આહ્લાદક ચિત્રનું સ્વરૂપ ધારણ કર્યું હતું. મૃત્યુ અને વિનાશ માટે આ કેવો સમય કહેવાય!

કદાચ ખરાબ પરિણામ આવે તો તેના પ્રતિકાર અર્થે મેં તમંચો સાથે રાખ્યો હતો.

પ્રોફેસર પર પણ આજના ખુશનુમા દિવસે અસર કરી હતી. તે એક ગીતની કડી ગણગણતો ઊભો હતો. તેણે મારું સ્વાગત કર્યું ત્યારે તેના મોં પર સહેજ સ્મિતની છાયા જણાઇ. તેના દુષ્ટ કાર્યમાં વિજય મેળવવાની શ્રદ્ધાને લીધે તે ખૂબ જ આનંદમાં જણાતો હતો.

'તું આવ્યો એ બહુ સારું થયું.' તેણે કહ્યું. 'ચાલ, આપણે આપણો અંતિમકાળ સાથે બેસી નાસ્તો કરીને ઊજવીએ.'

થોડી કૉફી પીધાથી મને કાંઇક ચેતન આવ્યું. નાસ્તો કરી અમે પ્રયોગશાળામાં ગયા. એક મોટા ટેબલ પર છ ફૂટ લાંબી અને ચાર ફૂટ પહોળી, વજનદાર, સીલ કરેલી ધાતુની પેટી પડી હતી. તેના એક છેડા પર દબાવવાની ચાંપ હતી. ટેબલ પર તે સિવાય બીજી કોઇ વસ્તુ ન હતી.

'આ એજ વસ્તુ, દોસ્ત! તેમાં કાંઇ જોવા જેવું નથી. ચાંપ દબાવીએ ત્યાં સુધી તદ્દન નિરુપદ્રવી! એ સીલ કરેલી પેટીમાં પેલું મિશ્રણ ક્રિયાત્મક સ્થિતિમાં છે. એક બૅટરીનો નબળો વિદ્યુત્પ્રવાહ તેમાં વહેતો કરવામાં આવશે અને તે તેના કેન્દ્રમાં પહોંચી અંદરના આણુઓ પર મારો ચલાવશે એટલે પછી એવી કોઈ શક્તિ નથી કે જે તેની પ્રવૃત્તિને અટકાવી શકે . . . .'

આ વાત ચાલતી હતી તે સમયે મારું મગજ ભમવા માંડ્યું હતું અને મને આખો ઓરડો ચકરચકર ફરતો જણાતો હતો. ત્યાર બાદ હું બેભાન બન્યો. ભાનમાં આવ્યો ત્યારે પ્રોફેસર મારા મોંપર કાંઇક ભીની ઠંડી વસ્તુ લગાડી રહ્યો હતો.

'કેમ, હવે તો ઠીક છે ને? શાંત બેસી રહે; લેશ પણ શ્રમ લેશો ના.' તેણે કહ્યું. એમ કહીને તે લુચ્ચાઈથી હસ્યો. મને એક મોટી ભારે ખુરસી સાથે બાંધવામાં આવ્યો હતો.

તે બોલ્યો: 'હા, મેં તારી કૉફીમાં માદક પદાર્થ નાખ્યો હતો

અને મેં તને બેભાનીમાં બાંધ્યો છે. હું જે કરું તે શાંતિથી જોયા કરજે. તારી ઈચ્છાનુસાર મારા કામમાં તું વચ્ચે પડે તે હું માંગતો નથી. વળી, આ તમંચો જો. ખરેખર, મિત્રને ત્યાં લઇ જવા યોગ્ય વસ્તુ તો એ ન જ કહેવાય !'

'તું પાગલ છે!' હું બરાડી ઊઠચો: 'મને છોડી દે! મૂર્ખ ન બન!'

'તું જ્યાં છે ત્યાં જ ઠીક છે, દોસ્ત.' તેણે ધીમા ધ્રુસકિયા સાથે કહ્યું: 'હવે હું કોઈ વસ્તુ નસીબ પર મૂકવા માગતો નથી. તેં યુદ્ધમંત્રીને ત્યાં ઠીક છબરડો વાળ્યો લાગે છે. પણ મેં તેને આબાદ સમજાવી કાઢચો છે. મારી ઈચ્છા વિરુદ્ધ મારે આ સાવચેતીનાં પગલાં લેવાં પડયાં છે, તેને માટે હું દિલગીર છું. હવે તારી સમક્ષ મારું કાર્ય હું કરું છું, અને તેના નિરીક્ષકો માત્ર આપણે બે જણ જ છીએ. આપણે હવે જીવવા માટે માત્ર દસ મિનિટ છે; પણ તેટલો સમય મહાન યશનો સમય છે.

૧૦–બલિદાન

મારા બંધનમાંથી છૂટવા હું ખૂબ અમળાયો. પ્રોફેસર અતિશય શ્રદ્ધાવાન હતો. મેં મનથી વિચાર્યું: 'શું અંત આવો આવશે ? એમાં કાંઈ આઘુંપાછું નહિ થાય ?' પછી મેં મોટેથી કહ્યું: 'ખબરદાર, કાંઈ કર્યું છે તો. ઈશ્વરની સત્તા પર તરાપ મારનાર તું કોણ છે?'

'પાછી એની એ વાત ?' તેણે કરડાકી સાથે કહ્યું: 'જો, આની ક્રિયા શરૂ થઈ ગઇ છે. શીઘ્ર વિદ્યુદ્ગ્રાહી પદાર્થ એકઠા થવા માંડચા છે. દસ મિનિટમાં મધ્યવર્તી અણુઓના લક્ષાવધિ કટકા થશે. તેમાંથી ઊડતાં વિદ્યુત્કણો આસપાસના સર્વ પદાર્થની શક્તિને મુક્ત કરશે, અને તે બીજાની, અને તે વળી બીજાની . . ., એમ વિદ્યુદ્વેગથી સતત વધતા ક્ષેત્રમાં વિભંજન કાર્ય ચલાવશે. આના પરિણામે એક એવો પ્રચંડ અગ્નિનો ભડકો ઉત્પન્ન થશે કે તે આ નક્કર પૃથ્વીને વિદારીને તેના ભુક્કા કરી નાખશે, અને આગળ ને આગળ પ્રસરી આખા ગ્રહના પદાર્થોને ભરખી જશે.

અંતકાળ નજીક છે આઠનવ મિનિટમાં આખું નાટક પૂર્ણ થઇ જશે. પછી આ જીવનના સતત જ્વરનો અંત આવશે ને અચેતન અવકાશમય સ્થિતિ પ્રાપ્ત થશે. આજે સમસ્ત ભૌતિક દુઃખ અને વેદનાનો નાશ થશે ને પ્રત્યેક અશાંત આત્મા અનંત શાંતિ અનુભવશે.'

જાણે પ્રેરણા પામ્યો હોય એમ કાવ્યમય ભાષામાં એ બોલ્યે જતો હતો. એની આંખો મતાંધતાના અગ્નિથી પ્રજ્વલિત થઈ હતી. પ્રથમનો યુગ હોત તો જરૂર તેને કોઇ ફિરિશ્તો અગર તો શહીદ ધારત.

નિર્ણિત સમય પસાર થયો અને તેના પર બીજો અરધો કલાક વીતી ગયો, પણ કાંઇ બન્યું નહિ! માત્ર પેટી પર બાષ્પકણ જણાતાં હતાં. પ્રોફેસરે તેને હાથ લગાડયાં ત્યારે તે હિમ સમ ઠંડી લાગી.

તે મુંઝાયો. 'મેં બરાબર ગણતરી કરી હતી અને આમ કેમ થયું?' તે બબડચો: 'મેં બધું જાતે કર્યું છે ને આમ કેમ?'

ગાંડાની માફક હું બોલી ઉઠચો: 'મેં જાતે તારી ગણતરી ફેરવી ઊંધી વાળી છે! મેં જગતને બચાવ્યું છે. એક ક્ષણ માટે પણ તારે તારાં કાગળિયાં વીલાં મૂકવા જોઇતાં ન હતાં.'

આનંદના ઉછાળામાં હું એક ગાંડા માણસના કબજામાં છું એ વાત ભૂલી ગયો હતો. પણ હવે મારે બીવાની જરૂર ન હતી. નિષ્ફળતાના આઘાતથી પ્રોફેસરનું મગજ ઠેકાણે આવી ગયું હતું. ક્ષણવાર તો એને મારા બોલવામાં સમજ પડી નહિ. પછી તેણે કહ્યું: 'મારા મિત્ર, મારા એકના એક મિત્ર! તેં જ મારું કાર્ય બગાડચું. તારા વિના બીજું કોણ મારા જીવનકાર્યને બગાડે? હશે, હરકત નહિ; તને હું છૂટો કરું છું. પણ હું પુનઃ તેનો પ્રારંભ કરીશ, અને એ સમયે કોઈ પણ મિત્રને પડખે રાખીશ નહિ.'

એમ કહીને તેણે મને છૂટો કર્યો. મારાં અકડાએલાં અવયવ ઠેકાણે આવ્યાં એટલે ઊઠીને બારણા આગળ જઈ હું ઊભો રહ્યો. પ્રોફેસર એના પ્રયોગમાં શી વિકૃતિ થઈ હતી તે જોવાને અધીરો બન્યો હતો. પેલી પેટીનો એક બંધ ઢીલો કરી એનું ઢાંકણું ઊંચું કરી તે અંદર નજર કરવા લાગ્યો. પણ ત્યાં તો એક ઝાંખી અગ્નિશિખા ફૂટીને બહાર નીકળી અને તેની આસપાસ ફરી વળી. એટલી ત્વરાથી તે આવી કે તેને ત્યાંથી ખસવાનો કે બૂમ મારવાનો યે વખત રહ્યો નહિ.

પણ એ કાર્ય શીઘ્રવિદ્યુદ્ગ્રહણના પ્રસરતા અગ્નિનું ન હતું. મારા મન પર તે પળે જે ક્ષણિક છાપ પડી હતી તેનું સ્મરણ કરતાં, જાણે કોઇ અદૃશ્ય અગમ્ય શક્તિએ તે વૈજ્ઞાનિકને પકડીને દબાવી, માટીના પીંડાની માફક પીસી નાખી મનુષ્યાકારમાંથી ટાળી નાખ્યો હોય એમ મને લાગ્યું. એની આકૃતિનો ઘાટ નાશ પામ્યો, કિંવા ઓગળી ગયો, અને ભય ઉત્પન્ન કરે એવો આકાર વિનાનો ઢગલો થઇને તે જમીન પર પડચો! એ વિચિત્ર વિદ્યુત્કણોની જ્વાળાએ તેના આખા શરીરમાં સંલગ્નતા કિંવા સંયોગના આકર્ષણનો નાશ કર્યો હતો.

સારું થયું કે હું ઓરડા બહાર ઊભેલો હોવાથી આ બધા બનાવથી દૂર હતો. પ્રયોગશાળાની ઘણીખરી વસ્તુઓનો નાશ થવાથી તે ઢગલો થઇને ત્યાં પડી હતી. બસ, હવે બધું ખલાસ થઈ ગયું હતું. પ્રોફેસરનું બલિદાન દેવાઈ ચૂક્યું હતું.

૧૧–ઉપસંહાર

હું એ મકાનમાંથી કેમ નાસી છૂટચો અને ત્યાર બાદ યુદ્ધમંત્રી અને બે પોલીસોની મને કેવી રીતે મુલાકાત થઈ તથા મારી વાર્તા મેં તેમને કેવી રીતે કહી સંભળાવી તેના વિષે મારી સ્મૃતિ તદ્દન ઝાંખી થઈ ગઇ છે; પણ એટલું ખરું કે એ કાર્યે અતિશય સનસનાટી ઉપજાવી અને પ્રોફેસરના સર્વ સ્થળે જાણીતી થએલી કાર્યપદ્ધતિ તથા યુદ્ધમંત્રીની સાક્ષી જો મારી મદદે ન આવ્યાં હોત તો કદાચ પ્રોફેસરના મરણમાં મારો હાથ હોવાની શંકા પણ જાત. પણ આમ તો તેનું મૃત્યુ એક વીર શોધકના મૃત્યુ તરીકે લેખાયું અને તેનું નામ વૈજ્ઞાનિક શહીદોની યાદીમાં ઉમેરાયું.

એનાં કાગળિયાંની અને કાર્યોની વૈજ્ઞાનિકોની એક સમિતિએ તપાસ કરી અને તેઓ એવા નિર્ણય પર આવ્યા કે વિભંજક પદાર્થના અમુક જથ્થાઓએ અમુક પ્રકારના અણુબળને મુક્ત કર્યું હતું અને તેના પરિણામે અમુક ક્ષેત્રમાં પદાર્થોના સંલગ્નતાના ગુણનો નાશ થયો હતો.

મને તો ખાતરી થઇ હતી કે પ્રોફેસરનું જગદ્વિભંજકનું કાર્ય મિથ્યા સ્વપ્ન ન હતું. જો એના હિસાબમાં ફેરફાર કરવામાં ન આવ્યો હોત તો જરૂર એનું સ્વપ્નું પાર પડચું હોત.

કેટલાક દિવસ બાદ યુદ્ધમંત્રી–જે પોતે વૈજ્ઞાનિકોની સમિતિનો એક સભ્ય હતો–તેની મને મુલાકાત થઇ. તેણે પોતાના ગજવામાંથી એક કાગળ કાઢી મને બતાવ્યો અને કહ્યું: 'સ્વ. પ્રોફેસરની અણુબળની ગણતરીનો આ એક મુદ્દાનો કાગળ છે. ખરેખર, તમે મને જે હકીકત કહી હતી તે સાચી જ હતી. આનાથી સ્પષ્ટ થાય છે કે તે અણુબળને અતિશય મોટા પાયા પર મુક્ત કરવાની શક્તિ ધરાવતો હતો. એ શોધ અને તેનું પરિણામ એની હાથવેંતમાં હતાં. સરવાળા બાદબાકીના એક જ ચિહ્નમાં ભૂલ થવાને લીધે તે નિષ્ફળ થયો. પણ આ જ્ઞાન દુનિયાને માટે અનિષ્ટકારક છે, એટલે એનો નાશ કર્યે જ છૂટકો! વળી, આ હકીકત કોઇને જણાવવાની જરૂર નથી.'

એમ કહીને તેણે તે કાગળ સળગાવી દીધો. એ ચિહ્નમાં શાથી ફેરફાર થયો હતો તે વિષે મેં મૌન ધારણ કરવાનું જ ઉચિત માન્યું.

ચન્દ્રમણિશંકર જેઠાલાલ પંડિત

ભૂતકાળની શોધમાં

કચ્છના રણપ્રદેશ પર જ્યાં એક કાળે સાગર ઘૂઘવતો તેના અવશિષ્ટ બેટો ને અંદિયેર બંદરોની ભાળ કાઢવા માટે કરેલા પગપાળા પ્રવાસની લેખમાળા

૫ સરસ્વતી-સાગર-સંગમ

'એઈ, આ કોણ સૂતું છે? જરા ઊભા થઈ જજો ભાઈ, અમારે મહાદેવનાં દર્શન કરવાં છે.'

કોઈક આગંતુકનો આ અવાજ કાને અથડાતાં મારી ઊંઘ ઊડી ગઈ અને તત્કાળ ઊભો થઇ હું એ ઘોર અંધકારથી ભરેલી દહેરીની બહાર આવ્યો. હવે શરીર મને સાવ હલકું જણાયું. તાવ જાણે કે હતો જ નહિ તેવો અનુભવ થયો. વોકળાના, દરિયાના જેવા ખારા પાણીએ દવાની ગરજ સારી કે શું? ગમે તેમ, કોઇ ચમત્કારિકરીતે હું સ્વસ્થ થઇ ગયો

બહાર આવી મેં ચારે કોર દૃષ્ટિ ફેરવી. દહેરીને ઘેરી વળતા ક્ષિતિજ સુધી પ્રસરેલી વઢિયારની આછી વનસમૃદ્ધિ ઉપર આછેરા તિમિરની ચાદર પથરાએલી હતી. સુસવાટા મારતો પવન વનવૃક્ષોને વારેવારે ખડખડાટ હસાવી મુકતો હતો. આભમાં તારા ઝબુકતા હતા ને પૂર્વ દિશાના એક ખૂણામાંથી ચંદ્ર ચડતો નજરે પડતો હતો એટલે હજી તો રાતનો પહેલો જ પહોર છે એમ મને સમજાયું.

અનહિલ્લવાડ પત્તન (પાટણ)ને આંગણે જેનો પટ હજી યે એક માઇલનો વિસ્તાર ધરાવે છે તે પ્રાચી સરસ્વતી સાગર સાથે જે સ્થળે પુરાણપ્રસિદ્ધ સંગમ પામે છે તે સ્થળે તેની દીનહીન દશા જોઇ મન ગ્લાનિ પામે છે. છ-છ સાત-સાત ડગલાં પહોળી બે ધારાઓ ૨૫-૨૫ ડગલાંને સમાનાંતરે વહે છે ને એ જ નિર્બળ ધારાઓના રૂપે, યુગયુગથી નિર્જળ થઇ પડેલા કચ્છના રણસાગરના આ અજાણ્યા ખૂણામાં, પ્રાચી સરસ્વતી તેના ખોળામાં સમાઇ જાય છે. પુરાણોમાં સરસ્વતી–સાગર–સંગમ ઉપર અધ્યાયોના અધ્યાયો ભરેલા પડ્યા છે, પણ અહીં તો કોઇને ખબરે નથી ને દરકાર પણ નથી કે આવું મહત્ત્વપૂર્ણ સ્થળ અહીં આવેલું છે. ગામલોકોને મન 'કુંવારકા નદી અહીં રણને મળે છે' બસ એટલું જ. બાકી આ સ્થળના પ્રત્યે પવિત્રતાની ભાવના મારા જોવામાં આવી નહિ. હા, હું સૂતો પડેલો હતો એ મહાદેવનાં દર્શને પાસેના રસ્તેથી પસાર થતા કોઈક રડ્યાખડ્યા વટેમાર્ગુઓ જરૂર આવી જાય છે; પણ આ મહાદેવને સરસ્વતી-સાગર-સંગમ સાથે કાંઇ લેવાદેવા નથી. કહે છે કે પચાસ-પોણોસો વર્ષ પૂર્વે કુંવારકા (પ્રાચી સરસ્વતી) નદી કુંવર ગામના પાદરે વહેતી હતી ને તે વેળા, હાલ આ સ્થળે જ્યાં તેની બે ધારાઓ અને આ દહેરી આવેલી છે ત્યાં એક ગરાશિયાનાં સપાટ ખેતરો હતાં. એક દિવસે એ ગરાશિયો પોતાનું ખેતર ખેડતો હતો, ત્યાં અકસ્માત તેનું સાંતીડું જમીનમાં દટાએલા કોઇ કઠણ પથરા સાથે અથડાયું. એ પથરો તે જ આ મહાદેવ. આમ, મહાદેવ પ્રગટ થયાની વાત ચોમેરનાં ગામડાંઓમાં પ્રસરી ગઇ. જોતજોતાંમાં આ દહેરી ચણાઈ ને તેમાં એ મહાદેવની પધરામણી થઈ. લાંબા વખત સુધી આ મહાદેવનો મહિમા વઢિયારમાં પ્રસરેલો રહ્યો. વર્ષમાં ત્યાં અનેક જાત્રાઓ ભરાવા લાગી ને જાણે સરસ્વતી પણ તેમના આ મહિમાથી આકર્ષાઇ હોય તેમ દિન પ્રતિદિન મહત્ત્વ ગુમાવતા જતા કુંવર (પ્રાચીન કોલ્લાપુર પત્તન)નું પડખું ત્યાગી બે ગાઉ દૂર આવેલા આ મહાદેવના શરણે ચાલી આવી. પણ પછી તો આ મહાદેવ પણ મહત્ત્વ ગુમાવી બેઠા! ગામડાંઓમાં 'અચાનક પ્રગટ થનારા દેવો'નો મહિમા લાંબો વખત ભાગ્યેજ ટકે છે, કારણકે એવા નવા મહાદેવો ને માતાઓ વગેરે જમીનમાંથી વારેવારે પ્રગટ થયા કરે છે, ને નવા દેવ પ્રગટ થતાં જૂનાનો મહિમા જતો રહે છે. આ મહાદેવ વિષે પણ એમ જ બનેલું છે. હવે તો પાસેના મારગ પરથી પસાર થનાર કોઇ રડ્યાખડ્યા વટેમાર્ગુ કોઈક વાર એમનાં દર્શને આવી ચડે છે. અબનુસના જેવા કાળા આરસનું આ આખુંશુદ્ધ શિવલિંગ ઘણો મોટો આકાર ધરાવે છે. ગુપ્તકાળમાં એવાં શિવલિંગો ઘડાતાં. વલભીપુર (વળા)ના અવશેષોમાંથી એવડાં મોટાં અનેક શિવલિંગો પ્રાપ્ત થયાં છે.

મને ઊંઘમાંથી ઉઠાડનાર પેલા ભાઈ મહાદેવને પગે લાગી કરી, દહેરીની બહાર નીકળી, હું ઊભો હતો ત્યાં આવ્યા. આવા નિર્જન ને બિહામણા સ્થળમાં ને વળી આવે ટાણે એ નાની દહેરીના અંધારા ગર્ભગૃહમાં સૂતા પડેલા આ માનવી પ્રત્યે તેમને કુતૂહલ થયા વિના નહિ રહ્યું હોય તેમણે મને પૂછપરછ કરવા માંડી. મેં મારા પ્રવાસનો હેતુ, ગઈ કાલ તથા આજના આકરા અનુભવો અને આવતા મુકામ ઇત્યાદિને લગતી વિગતવાર હકીકત કહી સંભળાવી. ઘણા ભાવપૂર્વક તેમણે મને પોતાની સાથે રાફુ ચાલવા જણાવ્યું. એ ભાઇનું નામ હતુ ડાહ્યાલાલ. પોતે ઔદીચ્ય બ્રાહ્મણ હતા ને કુંવર ગામના વતની હતા. પોતાની બહેન જે રાફુ રહેતાં તેને મૂકવા જવા માટે અત્યારે ને અત્યારે કામકાજમાંથી ફુરસદ મળતાં ગાડું જોડીને નીકળી પડ્યા હતા. બહેનને સરસ્વતીની ધારાઓની પેલીમેર રાફુને રસ્તે ઊભેલા ગાડામાં મૂકીને પોતે મહાદેવનાં દર્શન કરવા ચાલ્યા આવ્યા હતા.

આજે આ બીજો ચમત્કારિક પ્રસંગ મારા માટે બન્યો કહેવાય. હું નિ:સહાય સ્થિતિમાં એક અજાણ, નિર્જન તથા ભયભરેલા સ્થળે, તાવથી શુધબુધ ગુમાવી પડી રહેલો હોઉં; ને ત્યાં, કોઈ ન નીકળે એવે વખતે ને મારે જ્યાં જવું હોય તે જ સ્થળે જનારૂં આવી ચડે; ને વળી તે દૂર આવેલા રસ્તા પર ગાડું મૂકી, અમસ્તો જ મહાદેવનાં દર્શને (જોકે આવા અંધારામાં એ દહેરીમાં મહાદેવની પ્રતિમા દેખાતી જ નહોતી) આવી ચડે; ત્યાં અચાનક મારો ભેટો થાય અને કોઈ ચમત્કારિકરીતે મારા આગલા મુકામની બધી મુશ્કેલીઓનો પળવારમાં અંત આવી જાય! આવા બનાવોથી એમ લાગી જ આવે છે કે જગતમાં આપણી સતત દેખરેખ અને સંભાળ રાખનાર કોઈ અદૃશ્ય મહાન શક્તિ છે ખરી! એટલે પુરુષે તો સદૈવ જોખમોની દરકાર રાખ્યા વગર પુરુષાર્થ ખેડ્યે રાખવો જોઇએ. જીવન એ પાણીનો પરપોટો નથી કે પળવારમાં અકારણ ફૂટી જાય. પ્રત્યેક જીવન જગતમાં પોતાની સાથે કોઇ યોજના લઇનેજ પ્રગટ થાય છે ને એ યોજના પૂરી ન થાય ત્યાં સુધી કોઇ પણ વિનાશકતત્ત્વ તેનો નાશ કરી શકે તેમ નથી; ને જ્યારે તેનો નાશ થવાનો હોય છે ત્યારે અવિનાશક લેખાતા તત્ત્વ દ્વારા પણ તે થઈ જાય છે. માટે, તર્કપરંપરાની દરકાર રાખ્યા વગર દરેક વ્યક્તિએ જીવનમાં સાહસો ખેડી તેને સાર્થક બનાવવું જોઇએ.

ડાહ્યાલાલે મારાં ગાસડાંપોટલાં પોતાની મેળે ઊચકી લીધાં. પ્રાચી સરસ્વતીની કૃશ કાયા રૂપ એ બંને ધારાઓને ઓળંગી અમે રાફુના રસ્તા પર ઊભેલા ગાડામાં આવ્યા. ડાહ્યાલાલે ખીલતી જતી ચાંદનીમાં ગાડું હંકારવા માંડ્યું. રસ્તામાં અમે તરેહવાર વાતે ચડ્યા. વાતમાંથી વાત નીકળતાં ડાહ્યાલાલે કહ્યું કે રાફુમાં આપણી જ્ઞાતિના

દેવશંકર મહારાજ રહે છે. અગાઉ રાફુ ગામ એમનું જ હતું; પણ રાધનપુર નવાબ સાહેબે ખાલસા કરવાથી હાલ એ કુટુંબ પાયમાલ થઈ ગયું છે. તોપણ હજી એ લોકો સારી સ્થિતિ ભોગવે છે. એમનું આખું કુટુંબ કર્મકાંડી અને વેદાભ્યાસી છે. જૂની હસ્તપ્રતોનો તો એમને ત્યાં પાર નથી. આપણે સવારે એમને ઘેર જઈશું ત્યારે તમે એ બધું જોજો.

રાત્રે દસને શુમારે ગાડું રાફુ આવી પહોંચ્યું. ડાહ્યાલાલનાં બહેન વિધવા હતાં. મિલ્કતમાં બે બાળકો, એક ખોરડું, ત્રણચાર ભેંસો ને એક ગજાનું ખેતર હતું. અમારે કોઇને જમવું હતું નહિ, એટલે બહાર ખાટલા ઢળાયા ને સહુ નિરાંતે ઊંઘી ગયાં.

સવાર પડી ગઇ. રાતની ઊંઘની મજા જ કંઈ ઓર હતી. કેટલા યે દહાડા પછી એવી નિશ્ચિંત ઊંઘનો લાભ મળ્યો હતો. રાફુમાં પાણીની ભારે તંગી હતી. આમ તો ગામ ઘણું મોટું છે;-પાંચસાતસો ખોરડાં ખરાં. તેમાં ઓદીચ્ય બ્રાહ્મણોનાં ઘર ઘણાં છે; ને બધા સુખી હોય એવા લાગ્યા. છતાં આવડા મોટા ગામમાં માત્ર ત્રણ જ કુવા હતા ને તેમને પણ કોઇ ગળાવતું ન હોવાથી પાણી ઘણું જ ડહોળું અને ઓછા પ્રમાણમાં નીકળતું હતું. પીવા માટે જ જ્યાં પાણીનાં સાંસાં હોય ત્યાં નહાવાની તો વાત જ શી ? પણ બ્રાહ્મણ રહ્યા, એટલે નહાવું તો જોઇએ જ. એટલે બબ્બે લોટે સહુએ નહાવાનો ઔપચારિક વિધિ પતાવ્યો. પછી ચાપાણી પી કરી ડાહ્યાલાલ અને હું દેવશંકર મહારાજને ઘેર જવા નીકળ્યા. રસ્તામાં એમનાં કેટલાં યે સગાંઓને ત્યાં ડાહ્યાલાલ લઈ ગયા. જ્યાં જઇએ ત્યાં ચાપાણી તો હાજર હોય જ. તેમાંના એકે તો ખૂબ આગ્રહ કરી અમને સાંજે જમવાનું નિમંત્રણ પણ આપી દીધું. લગભગ નવ વાગ્યે દેવશંકર મહારાજની હવેલીએ અમે પહોંચ્યા. ત્યાં ઓસરીમાં બાજઠ પર બેઠા બેઠા એક આધેડ ઉમરના ને ગજાની દાઢીવાળા ભાઈ પોથીઓનાં પાનાં ઉથલાવી રહ્યા હતા. 'દેવશંકર મહારાજ તો રાત દહાડો ભક્તિમાં જ વખત ગાળતા હોવાથી ભાગ્યે જ બહાર નીકળે છે. આ ભાઈ એમના મોટા દીકરા છે ને એમના પિતાના જેવા જ વિદ્વાન છે.' એમ ધીમે રહીને ડાહ્યાલાલે મને જણાવ્યું. અમે એમના સમક્ષ પહોંચ્યા. એમણે તો જાણે કે કોઈના આવ્યા કર્યાની કાંઇ પડી જ ન હોય તેમ પોતાનું પાનાં ઉથલાવવાનું કામ ચાલુ રાખ્યું. અમે અમારી મેળે નીચે બેસી ગયા. પોથીઓથી અભરાઈઓ ભરચક હતી એ જોઈ હું તો ખૂબ હર્ષાયો કે અહીં જરૂર મને અપ્રાપ્ય હસ્તપ્રતો લાધશે. વળી તામ્રપત્રો પણ એમને ત્યાં મળવાની શક્યતા હતી; કેમકે ઔદીચ્ય બ્રાહ્મણોનું એ બહુ જૂનું અને સમૃદ્ધ કુટુંબ છે. મૂળરાજ સોલંકીએ જ્યારે ઔદીચ્યોને ગુજરાતમાં વસાવેલા ત્યારે જે તામ્રપત્રો કરી આપવાની વાત પ્રસિદ્ધ છે તેમાંનું એક પણ તામ્રપત્ર હજી સુધી મળ્યું નથી. કદાચ આવા કોઇ જૂના કુટુંબમાં મળી આવે. પાએક કલાક વીત્યા પછી એમણે સહેજ અમારી સામે જોયું અને પૂછ્યું, 'કેમ, શું કામ છે?'

'ખાસ તો કાંઇ કામ નથી. અમદાવાદથી કામસર જરા આ તરફ નીકળવાનું થયું ને વઢિયારમાં ઠેકઠેકાણે વિદ્વાન તરીકે આપની પ્રખ્યાતિ સાંભળી એટલે થયું કે ચાલો એવા વિદ્વાનના દર્શનનો લાભ લેતા જઇએ.' મેં જણાવ્યું.

'અમદાવાદથી આવો છો, એમ? ત્યારે તમારો પેલો ગાંધી શું કરે છે?'

'તમારો પેલો ગાંધી' એ શબ્દોએ મને જરા ચમકાવ્યો ને એમના માનસનું વલણ પારખવા મળ્યું. મને થયું કે જો એમના ગ્રંથભંડારનો લાભ લેવો હોય તો સંભાળીને એમની જોડે વાતચીત કરવી જોઇએ.

'આપણે એમની ઝાઝી ખબર રાખતા નથી. આપણે તો આપણા કામ સાથે કામ. વચ્ચે સાંભળ્યું હતું કે રાજકોટ તરફ ગયા છે ને હાલ ત્યાં લડત ચાલી રહી છે.'

'ભગવાન કરશે તો ત્યાં જ એનું નખ્ખોદ વળી જશે. જુઓ તો ખરા, એણે ઢેઢાઓને કાંઈ માથે ચડાવ્યા છે.....'

એ મહારાજના શ્રીમુખમાંથી વાણી છૂટી અને તેની સાથે તેમનું મોઢું પણ રતાશ તરફ ઢળવા લાગ્યું તથા આંખોની પાંપણો વધુ ને વધુ ઊઘડવા લાગી. ને પછી વધુમાં બોલ્યા: 'હિંદુધર્મનું એણે સત્યાનાશ વાળી દીધું છે..... હવે તો કલ્કિ અવતાર જગતમાં પ્રગટ થાય ત્યારે જ એ ગાંધીની ખબર લેવાય' પછી તો ન સંભળાય એવી ગાળો એ મહાપુરુષે ગાંધીજી વગેરેને ભાંડવા માંડી. મારે ધીમે રહીને મારા મુદ્દાની વાત પર આવવું હતું. પણ એમનું પુરાણ બંધ થાય જ નહિ. બરોબર એક કલાક એ વાણીપ્રવાહ એકધારો ચાલ્યો. અંતે તેમના અંતરની વરાળ કંઇક ઠંડી પડી એટલે મેં મારી વાત ઉપાડી. પહેલાં મારા કાર્યનો પ્રકાર અને તેનો સાર્વજનિક હેતુ સમજાવ્યો, ગુજરાતના પ્રાચીન સાહિત્યનો ઉદ્ધાર ને ગુજરાતના ઇતિહાસના પુનઃ નિર્માણની વાતો કરી, ને છેવટે ઔદીચ્ય બ્રાહ્મણોને મૂળરાજે લખી આપેલાં તામ્રપત્રો મળ્યાં નથી, પણ એમના જેવા જૂના કુટુંબમાં તે હોવાં જ જોઇએ ને એથી સધાનાર જ્ઞાતિહિતની વાત રજૂ કરી ને તેમની પાસે જે કંઈ જૂની પોથીઓ, દસ્તાવેજો અને તામ્રપત્રો હોય તે મને બતાવવા મેં વિનંતિ કરી. આ વાતો સાંભળી, મારા આશ્ચર્યની વચ્ચે, કોણ જાણે કેમ, આ વઢિયારના પંકાતા પંડિતની આંખો રાતીચોળ થઇ ગઈ અને ક્રોધાવેશમાં આવીને બોલ્યા: 'એમ છે ત્યારે! તમારે અમારા દસ્તાવેજ અને તામ્રપત્રો જોવાં છે, ખરું ને? ત્યારે એમ કહોને કે અમદાવાદથી નથી આવ્યા પણ રાધનપુરથી આવ્યા છો ને છૂપી પોલીસના માણસ છો! અરે પાજીઓ, અમારા બધા દસ્તાવેજો અને તામ્રપત્રો તમારા નવાબે પડાવી લઈ અમને બેહાલ બનાવી દીધા, ગામો લઈ લીધાં, ખેતરો પડાવી લીધાં, કાંઇ મે તો બાકી રહેવા દીધું નથી, તો ય તમો લોહીતરસ્યાઓ અમારો છેડો નથી છોડતા? શું કરવા ધાર્યું છે, દુષ્ટો તમે? અને અલ્યા ડાહ્યલા! આ માણસને મારે ત્યાં લાવતાં તને પણ વિચાર ન થયો? અરે, અમે તારું કે તારા બાપનું શું બગાડ્યું છે એ તો કહે? ઊભા રહો, સાલાઓ, હમણાં તમારી બંનેની ખબર લઈ નાખું છું.'

એટલું કહી, કદાચ અમને મેથીપાક જમાડવાનું સાધન લાવવા એ પરમ પંડિત ઓરડામાં ધસી ગયા અને હું તથા ડાહ્યાલાલ જીવ લઇને ત્યાંથી એવા નાઠા તે ઘેર આવીને જ થોભ્યા.

(ચાલુ)

અમૃતલાલ વ. પંડ્યા

મનુને સ્કુલના નાટકમાં એક વખત મૂર્ખાનો પાઠ લેવાનો હતો. તેણે એ બાબતમાં કસાએલા એક મિત્રની સલાહ પૂછી: 'મારે મૂર્ખા દેખાવા માટે શું કરવું?'

'કંઈ કરવાની જરૂર નથી;' પેલાએ જવાબ આપ્યો: 'જેવો છે તેવો જ રહેજે.'

'ડાક્ટર સાહેબ, તમારી દવાથી મને ઘણો જ ફાયદો થયો છે!'
'એમ કે? પણ તમે મારી દવા ક્યારે લીધેલી?'
'હું નહોતો લેતો, મારા કાકા લેતા હતા. હું તેનો વારસ છું.'

શિક્ષક–ચુપ રહો; જરા સમજો કે આ ક્લાસ છે. એઈ, રીપીટ કર!
છોકરો–ચુપ રહો; જરા સમજો કે આ પીટક્લાસ છે!

કૂતરાં

(અનુ૦ પૃ. ૨૬૮થી) (અડચણ એમની ને નિશ્ચલતા આપણી);— આમાં મગજ કેમ કામ કરે? ને કદાચ કામ કરે તો પણ, હું નથી સમજી શકતો કે એ શો વાધ મારે? કૂતરાઓના આ હાડોહાડ અન્યાય સામે મને હંમેશાં ઘૃણા રહી છે. પણ એમનો કોઇ પ્રતિનિધિ શિષ્ટતાપૂર્વક આવીને મને કહે કે 'મહાશય, સડક બંધ છે' તો, સોગંદપૂર્વક કહું છું કે, 'પાંચતીન' કર્યા વગર જ હું પાછો ફરી જાઉં અને આ કંઈ નવી વાત નથી. કૂતરાઓના 'નિવેદન' પરથી, કેટલી યે રાતો મેં સડક માપવામાંજ ગાળી છે. પણ એક આખી સભાની આવી સર્વાનુમતની બળજબરી એક નીચતા જ છે.

ખુદાએ હરેક જાતિમાં નેક માણસો પણ પેદા કર્યાં છે. કૂતરા પણ અપવાદ રૂપ નથી. ઇશ્વરથી બીવાવાળો કૂતરો તમે જોયો હશે. મોટે ભાગે એના શરીર પર તપસ્યાનાં ચિહ્ન દેખાય છે. જ્યારે ચાલે ત્યારે એવી લાચારીને વિનમ્રતાથી—જાણે પાપોના ભારનું જ્ઞાન આંખ ઊંચી કરવા દેતું નથી! પૂંછડી ઘણે ભાગે પેટની સાથે લાગેલી હોય છે. સડકની વચ્ચોવચ્ચ એ આત્મચિન્તન માટે સૂઇ જઇને આંખ બંધ કરી દે છે. દેખાવ કોઇ ફિલસૂફ જેવો થાય છે. કોઈ ગાડીવાળો એક સરખું હૉર્ન વગાડે, ગાડીના જુદાજુદા ભાગોને ખખડાવે, લોકો સાથે કહેણ મોકલે, પોતે દસપંદર અવાજ કરે, ત્યારે એ માથું જમીન પર જ રાખીને લાલ આંખો ખોલી, પરિસ્થિતિનું વિહંગાવલોકન કરે, ને પાછી આંખો બંધ કરી દે! કોઇ એકાદ ચાબુક મારી દે તો પણ, પૂરા આત્મવિશ્વાસ સાથે ત્યાંથી ઊઠીને એકાદ વારને છેટે જઇને સૂએ ને વિચારમંથન, જ્યાંથી અટકયું હોય ત્યાંથી, પાછું શરૂ કરે. કોઈ સાઈકલવાળો ઘંટડી વગાડે તો સૂતાસૂતા જ સમજી જાય કે સાઈકલ છે. એવી નાની ચીજ માટે રસ્તો છોડી દેવો એ તે સાધુના મોભાથી વિરુદ્ધ સમજે છે.

રાતને વખતે આ જ કૂતરો પોતાની સુકાઇ ગએલી પાતળી પૂંછડીને, શક્ય તેટલી લાંબી લંબાવીને સૂએ છે. આમ કરવામાં એનો હેતુ ઈશ્વરના પસંદ કરેલા સેવકોને જાણવાનો હોય છે. તમે ભૂલમાં ય એના પર પગ મૂકી દો એટલે ગુસ્સામાં આવીને એ ફરિયાદ શરૂ કરી દેઃ 'બચ્ચા, ફકીરોને હેરાન કરે છે! દેખાતું નથી કે અમે સાધુ અહીં બેઠા છીએ?' બસ, આ સાધુના શાપથી એ જ સમયે રુંવાડાં ઊભાં થઈ જવા લાગે છે. પછી કેટલા ય દિવસો સુધી એનાં જ સ્વપ્ન આવે છે કે કેટલા યે કૂતરાઓ પગને વળગી રહ્યા છે ને જવા નથી દેતા! આંખ ખુલે છે ત્યારે જોઇએ છીએ કે પગ ખાટલાની પાટીમાં અટવાઇ ગયા છે!

આ જાતિના જેવી કરડવાની ને ભસવાની તાકાત મને ઇશ્વર આપે તો વેર લેવાની તમન્ના મારામાં પૂરી છે. એક પછી એક બધા કૂતરા 'પહોંચી જાય'. . . . .

ફારસીના એક કવિ કહે છે કે 'હે ઉરફી, તું તારા હરીફોની ચિંતા ન કર! કારણ કે કૂતરાના ભસવાથી ફકીરોને જે મળવાનું હોય છે તેમાંથી કંઇ ઓછું થવાનું નથી.' મતલબ કે કૂતરા ભસતા રહે અને આપણે આપણા રસ્તે જઇએ. પ્રકૃતિથી વિરુદ્ધ આ કવિતા જ છે એશિયાની અવનતિનું કારણ! અંગ્રેજીમાં કહેવત છે કે 'ભસતા કૂતરા ભાગ્યે જ કરડે'.

—પણ કોને ખબર છે કે એક ભસતો કૂતરો કયારે ભસવાનું બંધ કરી દે ને કરડવાનું શરૂ કરી દે?

'મઝ્‌જ઼ુલ'

(શ્રી એમ. એસ. ખુખારી, એમ. એ., ના એક ઉર્દૂ લેખના આધારે થોડા ફેરફાર સાથે)

હુન્નરની મહત્તા

બે વેપારી વચ્ચે ગાઢ મૈત્રી હતી. બંનેને ત્યાં પુષ્કળ સંપત્તિ હતી. ધનધાન્યના ભંડાર ભરપૂર હતા. સુખ સાધનોની કોઇ ઊણપ નહોતી. એકને ત્યાં પુત્રનો જન્મ થયો અને બીજાને ત્યાં પુત્રીનો. બંને બાળકો ભોગવિલાસ અને લાડમાં ઉછરવા લાગ્યાં. પુખ્ત ઉંમરે પહોંચતાં યુવક અને યુવતી વચ્ચેની મૈત્રી ધીમેધીમે પ્રેમમાં પરિણમી. પુત્રના પિતાને આ વાતની જાણ થતાં પોતાનો સંબંધ આ રીતે ભવિષ્યમાં વધુ દૃઢ થશે એ ખ્યાલથી તે બહુ ખુશ થયો. અનુકૂળ સમય જોઇ પુત્રીના બાપ પાસે વાત મૂકી. તેનો મિત્ર બોલ્યો, 'દોસ્ત! આપણાં બાળકો પરસ્પર લગ્નગ્રંથીથી જોડાઇ આપણો સ્નેહ ચિરંજીવ બનાવે એ મહા હર્ષનો વિષય છે; પણ ખેદની વાત એ છે કે તારો પુત્ર કોઈ હુન્નરમાં નિપુણ થયો નથી, તેમ કોઇ કળા સાધી નથી. તેવા કળારહિત યુવાનને હું મારી લાડકવાયી પુત્રી આપતાં અચકાઉં છું. કારણ, ધનદોલતનો વિશ્વાસ શો? લક્ષ્મી આજે છે ને કાલે ચાલી જાય. ભાગ્યચક્ર અવળી ગતિ શરૂ કરે અને તમામ માલમિલ્કત નાશ પામે તો મારી પુત્રીની શી વલે થાય એ વિચાર મને કંપાવી મૂકે છે. પણ તારા પુત્રે કોઇ ધંધો શીખી લીધો હોય તો ગમે ત્યાંથી તે તેનો રોટલો પેદા કરી શકે.'

આ બનાવને થોડો સમય વીત્યા બાદ પેલો યુવાન એક વહાણમાં માલ ભરી વેપાર અર્થે દરિયાની સફરે ઊપડ્યો. કમનસીબે દરિયામાં તોફાન થયું, સખત પવન ફુંકાવા લાગ્યો અને વહાણ એક ખડક સાથે અફળાતાં ભાંગી ગયું. હતભાગી યુવક ભાંગેલા વહાણના એક પાટિયાને વળગી જેમતેમ મહામુસીબતે એક ટાપુને કિનારે પહોંચ્યો. તેનો બધો માલ ડૂબી જવાથી તે સાવ નિર્ધન અને કંગાલ બની ગયો. એક વેળાનો શ્રીમંતનો પુત્ર આ અજાણ્યા ટાપુ ઉપર ચીંથરેહાલ ફરવા લાગ્યો. જેને ત્યાં નિરંતર મિષ્ટાન્નની મિજબાનીઓ ઊડતી તેને હવે રોટલાના સાંસા પડવા લાગ્યા.

પરંતુ નાનપણમાં તેના મકાન પાસે એક ચમાર કામ કરવા બેસતો તે તેને યાદ આવ્યું. તેની પાસેથી પસાર થતાં તે કેમ કામ કરે છે તેનું તે અવારનવાર અવલોકન કરી લેતો. બાલ્યાવસ્થાનો આ પ્રસંગ તાજો થતાં ચમારનો ધંધો કરી પોતાની આજીવિકા મેળવી લેવા તેણે નિશ્ચય કર્યો. આજુબાજુમાંથી થોડાં જૂનાં ફાટેલાં પગરખાં એકઠાં કરી, થોડાંક ઓજારોની જોગવાઈ કરી તે એક મુખ્ય રસ્તાને નાકે ફાટેલાં પગરખાં સાંધવાનો ધંધો લઇ બેસી ગયો.

દૈવયોગે તેના પિતાનો મિત્ર વેપાર માટે તે જ ટાપુમાં આવેલો હતો; તે ત્યાંથી પસાર થતાં તેની દૃષ્ટિ પેલા ચમાર ઉપર પડી. યુવાન ચમારના ચહેરા ઉપર તરવરતી પ્રતિભા અને તેજસ્વિતા જોઇ સોદાગરના મનમાં આશ્ચર્ય થયું. તેના મનમાં વિચાર આવ્યો કે ચમારનું કામ કરતો આ યુવક ચોક્કસ કોઈ ખાનદાન ઓલાદનો હોવો જોઇએ, અને વખાનો માર્યો આ ધંધો કરતો હશે. તુરત તેની પાસે જઈ પૂછપરછ કરી. યુવકે પોતાની બધી આપવીતી કહી સંભળાવી. વેપારીએ પોતાના મિત્રના પુત્રને ઓળખી લીધો. તેની આ કંગાલ હાલત જોઈ રડી પડતાં ગદ્‌ગદ કંઠે બોલ્યો, 'આજ મારી ટેક પૂરી થાય છે, અને આજથી હું તને મારા જમાઈ તરીકે વધાવી લઉં છું.' પછી વહાણમાં પોતાની સાથે બેસાડી તેને વતનમાં લઈ ગયો; અને ત્યાં પહોંચતાં જ પોતાની પુત્રી સાથે તેનાં લગ્ન ધામધૂમથી ઉજવ્યાં.

(ફારસી ઉપરથી) **હિંમતલાલ લીલાધર ગાંધી**

'તેં આપેલું વચન તેં તોડ્યું' એથી મને બહુ ખોટું લાગ્યું છે.'
'કાંઇ વાંધો નહિ; જોઈતું હશે તો બીજું આપીશ.'

શ્રી અનંત કાણેકરનો નિબંધ

છોકરવાદી

તું હજી ય કેટલો બાલિશ છે!—આવા શબ્દો વડે લોકો જ્યારેજ્યારે મારી નિર્ભર્ત્સના કરે છે ત્યારે એમની નિંદાનું પરિણામ મારા પર સ્તુતિ જેવું થઈ મને ખૂબ જ આનંદ થાય છે. હું છોકરવાદ છું એનો અર્થ એટલો જ, કે મારૂં મન હજી ય તાજું છે; મારૂં ભેજું હજી ય કામ કરી શકે છે; હું દરેક રીતે સજીવન છું! છોકરવાદી એટલે શું? જે વાત તરફ મોટાં માણસો (એટલે કે જીર્ણ માણસો) 'ઉંહ! એમાં તે શું જોવાનું છે!' એમ કહી નજર પણ કરતા નથી, તે વાતમાં નાવિન્ય જોવું અને તે નાવિન્યથી તાજૂબ થઈ ક્ષણેક્ષણે નવનવા આનંદથી મત્ત થઇ જવું તે!

પરમ દિવસે જ મારે ત્યાં એક ગમ્મત થઇ. સાંજનો સમય હતો. હું અને ગણુકાકા વાતો કરતા બેઠા હતા. મારા એક પડોશીની છોકરી મારી નજીક બેઠીબેઠી રમતી હતી. અંધારૂં થવા આવ્યું ત્યારે બટન દબાવી ઓરડામાં મેં દીવો કર્યો. ઓરડામાં એકદમ બધે ઝગઝગાટ થયો જોઇને એ છોકરીને એટલો બધો અકથ્ય આનંદ થયો કે એ તાળીઓ પાડતી આખા ઓરડામાં નાચવાકૂદવા લાગી. અને પછી, 'બટન દબાવો એટલે તરત જ દીવો કેમ થતો હશે?' એવો પ્રશ્ન લાડથી એણે મને કર્યો.

'જન્મારામાં આજ સુધી તેં કદિ દીવો જોયો જ નથી કે શું?' ગણુકાકા ત્રાડી ઊઠ્યા. એક તો એના અકારણ (ગણુકાકાના અભિપ્રાય મુજબ જ તો!) નાચવા-કૂદવાથી કાકા ભડકેલા હતા જ; એમાં વળી એણે આવો નાદાન પ્રશ્ન પૂછ્યો; એટલે તો પછી ગણુકાકાના ગુસ્સાનો પાર ન રહે એમાં નવાઇ શી? બટન દબાવો એટલે દીવો થાય, અને દીવો થાય એટલે અંધારાની જગ્યાએ પ્રકાશ આવે, એમાં ગણુકાકાના મોટા (કે મૃત?) મનને આનંદ અને આશ્ચર્ય ક્યાંથી જ થાય? પણ બટનને હાથનો સ્પર્શ થતાવેંત જ ક્ષણાર્ધમાં અંધારો ઓરડો ચળકતા સફેદ અજવાળાથી ભરાઇ જાય, એવું અદ્‌ભુત દૃશ્ય જોઈ એ ટચુકડા જીવને એટલો બધો આનંદ થયો કે નાચી-કૂદી તે વ્યક્ત કર્યા વગર એ બીચારી રહી શકી નહિ; એટલું જ નહિ, પણ એ આનંદનું કારણ શું—બટન દબાવવાથી દીવો કેમ થાય—એ સમજવાની ઇચ્છા પણ એના મનમાં જાગી.

આવી જિજ્ઞાસા વ્યક્ત કરવી એ કેટલાકને મન, અલબત્ત, છોકરવાદીનું લક્ષણ છે. ઝાડ પરથી ફળ નીચે પડતું જોઇ ન્યૂટનના મનને આશ્ચર્ય લાગ્યું અને એની કારણ-મીમાંસાનો વિચાર કરતાં એણે ગુરુત્વાકર્ષણનો જગવિખ્યાત સિદ્ધાંત શોધી કાઢ્યો. પણ એ ફળ જ્યારે નીચે પડતું હતું ત્યારે ન્યૂટન પાસે અમારા ગણુકાકા હોત, અને ડાળ પરથી તૂટેલું ફળ નીચે જમીન પર જ કેમ પડ્યું, ઉપર આકાશમાં કેમ ન ગયું, એવો સવાલ ન્યૂટને ઉપસ્થિત કર્યો હોત તો, 'બસ કર હવે; તદ્દન છોકરવાદ છે કે શું?' એમ કહી ગણુકાકાએ ન્યૂટનનો કાન જોરથી આમળ્યો હોત, એવી મને સો ટકા ખાતરી છે!

પણ મારા પર ગણુકાકા અથવા બીજા કેટલાક લોકો છોકરવાદીનું તહોમત મૂકે છે ત્યારે એને માટે જુદાં જ કારણો હોય છે. ખરેખર, કોઇ કોઈ વાર તો નાના છોકરાના જેવી જ મારી વર્તણૂક છોકરવાદ હોય છે! નાનાં છોકરાં જેમ એકાદ બાલિશ સવાલ પૂછી બહારના લોકો આગળ જૂઠું બોલતાં મોટેરાને ઉઘાડાં પાડે છે, તેવી જ રીતે મને પણ એવા સવાલ પૂછવાની ટેવ છે. ગણુકાકાનો એક ઘરડો વિધુર મિત્ર પોતે બીજીવાર શા માટે પરણવા માગે છે એ સમજાવતો હતો:

'છોકરાંઓને ખાવાપીવાની બહુ મુશ્કેલી પડે છે, ભાઈ. હવે તો પરણ્યા વગર છુટકો નથી!' ભારે ગંભીરતાથી તે બોલતો હતો.

'પણ એમાં, સાહેબ, પરણવાની શી જરૂર છે? એકાદ સારો, હોશિયાર રસોઇયો રાખો ને!' એના જેટલી જ ઠાવકાઇથી મેં એને કહ્યું. એના ગયા બાદ ગણુકાકા મારા પર ખૂબ ચીડાયા: 'તું તે કેવા નાદાન સવાલ પૂછે છે? હજુ ય તું જાણે નાનો કીકો જ રહ્યો કે શું?'

અને ગણુકાકાની વાત ખરી છે. 'ઘડપણમાં નવી બૈરી લાવવાનું મન થાય છે' એમ સ્પષ્ટતાથી કહેવાને બદલે 'છોકરાંઓની ખાવા-પીવાની સોઇ ખાતર ફરી વાર પરણવું પડશે' એમ જૂઠું બોલતા માણસના ઢોંગનો પરપોટો કોઇ ભળતો જ સવાલ પૂછી ફોડવો એ મોટા માણસને શોભે પણ ખરૂં? એવું નગ્ન સત્ય આટલી નિર્ભયતાથી બોલવું એ તો નિર્મળ હૃદયનાં નાનાં પોરિયાં જ કરી શકે. અને પોરિયાં જે કરે એને છોકરવાદી નહિ તો બીજું શું કહી શકાય?

વસન્ત જોષી

ઘડિયાળની ચાલબાજી

કાળ મર્ત્ય માનવીનો નિષ્ઠુર શત્રુ લેખાય છે. છતાં તેનો પણ વધ થઇ શકે છે. અને કાળા માથાનો માનવી તેનું ખૂન કરે છે ત્યારે તો જ્વલંત વિજયના આનંદના નાદો વ્યાજબી ઠરે છે. ગઇ પહેલી તારીખે એક કલાકની કતલ થઇ ગઇ. હિંદનો યુદ્ધ-પ્રયત્ન તે કતલ માગી રહ્યો હતો. તે હત્યા એવી વેળાએ થઈ કે જ્યારે નહોતો સોમવાર કે નહોતો મંગળવાર. રોમાંચઘેલા નવલકથાકારો તે કૃત્યને 'મધરાતના ખૂન' તરીકે વર્ણવી શકે; પણ તેની પાછળ કોઇ ખાસ રહસ્ય છુપાએલું નથી. એ તો એક સાદી રસહીન ક્રિયા જ હતી. શાસનના હાથે ઘડિયાળના કાંટાને એક કલાક આગળ ધકેલી દીધો. પુરુષવર્ગે પોકાર પાડ્યો કે કશા વાંક વગર અમારી એક કલાકની ઊંઘ લુંટવાઇ ગઈ: વનિતાઓએ વલોપાત કર્યો કે અમારી ઉમરમાં નાહક એક કલાકનો વધારો થઈ ગયો. અનેક હળવી અને હલકી ઠઠ્ઠા મશ્કરીઓને અવકાશ મળ્યો. જેઓ પોતાના સમયને વળગી રહ્યા તેઓ એક કલાક પછાત રહી ગયા; અને જેઓ આગળ નીકળી ગયા તેઓ બરાબર સાથે રહી શકયા. જે કાળ પ્રાણીઓના જીવિત સાથે ખેલ કરે છે તે પોતે જ તેનો ભોગ બન્યો. ફિલસૂફો માટે આ એક કોયડો છે: કાળ સર્વભક્ષી છે, તો તે પોતાને જ કેમ ગળી શકે? વિજ્ઞાન કહે છે કે કોઇ પણ વસ્તુ વાસ્તવિક રીતે નાશ પામતી નથી. તો પછી આ એક કલાક ગયો કયાં? ખોવાઇ ગયો, ચોરાઈ ગયો કે દાનાર્થે ખર્ચાઇ ગયો? નથી કાયદો જવાબ આપતો કે નથી વિજ્ઞાન. તમામ ઘડિયાળોની ગતિ ખોટી હોવા છતાં પોતાનો સમય તો સાચો જ છે તે તરફ દૂર ક્ષિતિજમાંથી કાળનું અટ્ટહાસ્ય સંભળાઇ રહ્યું છે.

(૩–૯–૪૨ના 'Social Welfare'ના અંક ઉપરથી)

—હિંમતલાલ લી. ગાંધી

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—આ પત્રમિત્ર મેળવનાર કાન્તિલાલ મો. ગાંધી જાસલાણી(પાલણપુર સ્ટેટ)

Hays, Kansas (U. S. A.) April 19,1939

પ્રિય કાન્તિલાલ,

તમારો પત્ર કાલે જ પહોંચ્યો. હિંદથી હેઈઝ પહોંચતાં પચીસ દિવસ લાગ્યા. તમારો પત્ર બહુ રસદાયક હતો. તમે મને પત્ર લખ્યો એ બહુ જ સારૂં કર્યું. મારો જન્મ દિવસ મેની ૨૧મીએ આવે છે. તે વખતે મને ૧૭ વર્ષ પૂરાં થશે. મારી ઉંચાઇ ૫ ફૂટ છે. સાધારણ અમેરિકન માણસો પાંચ ફૂટ આઠ ઈંચ ઉંચા હોય છે. છ ફૂટનો કોઇક જ હોય.

હું રહું છું તે શહેરની વસ્તી ૭૦૦૦ની છે અને યુનાઇટેડ સ્ટેટસ-ની મધ્યમાં આવેલું છે. હેઈઝની બાજુની ખેતરાઉ જમીન લગભગ ૬૦૦૦ એકરની છે. મારા કાકા દક્ષિણ કાન્સાસમાં રહે છે તેમની પાસે ૧૦૦૦ એકર જેટલી જમીન છે. તેમના કેટલાક સ્ટોર પણ છે. કાન્સાસનાં બધાં ખેતરોમાં ટ્રૅકટરો(યાંત્રિક હળો)નો ઉપયોગ થાય છે.

પરદેશનાં લગભગ બધાં વર્તમાનપત્રોએ અમેરિકા વિષે ઘણી જેવીતેવી વાતો પ્રસિદ્ધ કરેલી છે. હિંદુસ્તાનમાં તેવું બન્યું છે ખરૂં? અમારો દેશ તદ્દન નવતર અને સમૃદ્ધ છે અને તેની સંસ્કૃતિ નૂતન અને ચેતનભરી છે. તમે વિચારો કે અમેરિકા એક જ પ્રકારની પ્રજાનો બનેલો દેશ નથી. તેમાં ઈંગ્લંડ, આયર્લૅંડ, જર્મની અને યૂરોપના ઉત્તર પ્રદેશો તેમજ મધ્ય ભાગમાંથી ઘણી પ્રજાઓના સમૂહો આવી વસેલા છે. અમેરિકા માટે કહેવાય છે કે તેને ભૂતકાળ નથી, પણ ભવિષ્ય ઘણું છે; જ્યારે યુરોપને મોટો ભૂતકાળ છે અને ભવિષ્ય ખાલીખમ. યુરોપમાંથી રાજદ્વારી કારણે નાસી આવેલાઓએ અમેરિકા વસાવ્યો છે. મારા વડવાઓ ઘણા સૈકાઓ પહેલાં અમેરિકામાં આવેલા; અને મારા દાદા તો ૧૮૬૯માં સામ્રાજ્યવાદી જર્મનીથી છૂટી સ્વતંત્રતા માટે અહીં ભાગી આવ્યા હતા.

તમે સાવ ખરૂં કહો છો કે શસ્ત્રત્યાગ એ જ શાંતિ પ્રાપ્ત કરવાનો એક જ માર્ગ છે. અમેરિકાએ ગયા વિશ્વયુદ્ધના સામુદાયિક સંહાર પછીનાં વર્ષોમાં લશ્કર તથા નૌકાસૈન્યની મર્યાદા ઠરાવવા માટે જ પરિષદ ભેગી કરી હતી, પણ અમેરિકા સિવાય કોઈએ તે વાત ગણકારી નહિ. જાપાન, ઈંગ્લંડ, જર્મની કે ફ્રાન્સ કોઇ માન્યું નહિ. અમારૂં જાયુક સૈન્ય ૩૦૦,૦૦૦ માણસોનું હોય છે, એટલે અમારા મુલકને બચાવવા અમારે નૌકાસૈન્ય પર આધાર રાખવો જ પડે. અમેરિકાને મોટું નૌકાદળ ગમતું નથી. કર ભરવા કોને ગમે? પણ ઇતિહાસમાં ભયંકર ખૂનરેજી કરવાને જગત ગાંડપણથી તૈયારી કરવા માંડે ત્યારે અમેરિકા શસ્ત્રત્યાગ કેમ કરી શકે? આ બીજા વિશ્વયુદ્ધમાં સંસ્કૃતિ ટકી રહેવી મુશ્કેલ છે. યૂરોપ અને એશિયાના વિગ્રહોથી અમેરિકા બચે તો સારૂં; કે જેથી એ ગાંડપણ મટે ત્યારે વિનાશના ઘા પર મલમ લગાડે. મહાત્મા ગાંધી ખરેખર જગતના સાધુહૃદયવાળા વિરલ મુત્સદ્દી ગણાય છે. ગાંધીને લીધે હિંદ ખરેખર સદ્ભાગી છે.

તમે મને ટિકિટો મોકલી તે માટે બહુ આભારી થયો છું. મને તે બહુ જ ગમી છે. તમને 'મૂવી' (ચલચ્ચિત્રો) જોવાં ગમે છે કે? તમે 'ગંગાદીન'નું ચિત્ર જોયું? કિપ્લિંગની વાર્તાઓ તમે વાંચો છો ખરા?

બહાર બરફ પડી રહ્યો છે અને વીજળીની બત્તી પણ હવે બંધ કરવી જોઇએ. હિંદમાં બધાં ઘરોમાં વીજળીક રોશની હોય છે ખરી?

હું તમને કેટલીક ન્યૂસ-કાપલીઓ મોકલું છું. તેમાં તમને જરૂર રસ પડશે. આટલો લાંબો કાગળ વાંચતાં તમારી આંખમાં પાણી આવી ગયું હશે એટલે હવે બંધ કરૂં છું!

તમારી તબિયત અને સુખાકારી માટે સર્વ શુભેચ્છાઓ પૂર્વક

તમારો સમુદ્રપારનો મિત્ર

(જલ્દી જવાબ લખજો.) રૉબર્ટ વિલ

[પત્રો મોકલનારાઓને અનુવાદ કરીને જ મોકલવા એક વાર સૂચના થઇ છે. છતાં જેમને અનુવાદ ન આવડે તેઓએ પત્રની નકલ માત્ર મોકલવી. ઘણા અસલ પત્રો ગેરવલ્લે જાય છે તેની જવાબદારી અમે લઇ શકીશું નહિ. —તંત્રી]

આ અંકનું મુખચિત્ર


સિંહગુફામાં ડૅનિયલ — સંતની કસોટી

(ચિત્રકાર · બ્રિટન રિવાએરી, આર. એ.)

બાઇબલમાં વર્ણવેલા એક જાણીતા ને અસરકારક કથા પ્રસંગનું આ ચિત્ર પ્રાણીચિત્રણામાં વિખ્યાત અંગ્રેજ કલાકાર બ્રિટન રિવાએરીએ કરીને પહેલવહેલું બહાર મૂક્યું ત્યારે, એની કલ્પના અને સંયોજન માટે ખૂબ પ્રશંસા પામ્યું હતું, અને આજે પણ એ એટલું જ અદ્વિતીય રહ્યું છે. [હિબ્રુ કથાઓમાં ઈઝરાએલના ત્રણ મુખ્ય સંતોમાંના એક અત્યંત જ્ઞાની સંત તરીકે ગણાએલો ડૅનિયલ, મૂળ યહૂદી રાજવંશી હતો અને બીજા યહૂદી કેદીઓ સાથે એને બૅબિલોનના રાજા આગળ પકડી આણવામાં આવેલો, જ્યાં પોતાના જ્ઞાન વડે એણે રાજાને પ્રસન્ન કરવાથી, ત્યાંના ખાલ્ડિયન પ્રતિસ્પર્ધીઓએ દ્વેષથી એને એ રાજાના જ એક કાયદાને આધારે સિંહની ગુફામાં ધકેલીને દેહાંત દંડ દેવાની સજા કરાવી. સૌના આશ્ચર્ય વચ્ચે એ તપશીલ સંતને સિંહો ઊની આંચ પણ ન અડાડી શક્યા અને એ ગુફામાંથી તે આબાદ જીવતો પાછો આવ્યો.] રાજા પોતે પણ જે રદ કરવાને અશક્ત હતો એવા કાયદાને આધારે ડૅનિયલને (ઉપલા ચિત્રમાં) એ ભયંકર ગુફામાં ઉતારવામાં આવ્યો છે, જ્યાં તેના શત્રુઓએ ધારેલું કે એ વિકરાળ પશુઓ એનો કોળિયો કરી જશે. એક તરફ વૃદ્ધ, પળિયાંવાળો ને દુર્બળ એ સંત, પાછળ બાંધેલે હાથે, શાંત રીતે સિંહ સન્મુખ ઊભો છે; બીજી બાજુ તેને ભરખી ખાવાને મોકળા મૂકેલા હિંસ્ર પશુઓ ક્રૂર તરવરાટથી તલપાપડ થઈ રહ્યા છે; એ બે વિરોધી સ્થિતિઓનું આલેખન કેટલું સચોટ છે! ખૂની હવસની આગથી જલતી આંખોવાળાં એ પ્રાણીઓનાં લપાતાં, સંકોચાતાં, અગળાટભર્યાં અંગોના અભિનયો કેટલા ભયપ્રદ છે! છલંગ મારવાને તલપી રહેલાં કોઈની પીઠ કમાન વળી ગઈ છે; કોઈ લોહીતરસી વૃત્તિથી અગળાઇ રહ્યાં છે; કોઈ ફુત્કાર કરે છે, કોઇ ઘુરકે છે; પણ એકે ય આગળ વધી શકતું નથી. જેને વશ વર્ત્યાં વિના છુટકો જ ન હોય એવી કોઈ અદૃશ્ય અગમ્ય શક્તિ વડે તેઓ, છે ત્યાં જ થંભી ગયા છે. કથાપ્રસંગને ઉચિત ગતિ અને ચેષ્ટામાં પ્રવૃત્ત થએલાં પ્રાણીઓની હૂબહૂ ચિત્રણાનો આ અદ્ભૂત નમૂનો છે. પોતાના આત્માનો સ્વામી બનનાર માણસ પોતાનો ભાગ્યવિધાતા બની જ શકે છે તેના વિશિષ્ટ ઉદાહરણ તરીકે, હિબ્રુ જાતિના શ્રેષ્ઠ રત્ન સમો

એ રાજર્ષિ સદાકાળને માટે ગણાયો છે. એ ક્રૂર પ્રાણીઓને તેના પર કૂદી પડતાં અટકાવનાર કોઈ ચમત્કારી દૈવી શક્તિ ન હતી, પણ નૈતિક વિકાસનું સર્વોચ્ચ શિખર પ્રાપ્ત કરવા માટે સાધેલા મનોનિગ્રહ અને સંકલ્પબળથી મેળવેલી અદ્ભુત ચિત્તશક્તિનું જ એ બળ હતું.

વીસ પ્રકારના 'સ્કોપ'



વીસ પ્રકારના 'સ્કોપ'–(૧) આનામોર્ફોસ્કોપ=અવ્યવસ્થિત ચિત્રને વ્યવસ્થિત ચિત્ર તરીકે જોઈ શકાય તે માટેનું સાધન; (૨) એનેમોસ્કોપ=હવાની દિશા દર્શાવનાર સાધન; (૩) બેરોસ્કોપ; (૪) ઇલેક્ટ્રોસ્કોપ=વીજળીનું અસ્તિત્વ અને પ્રકાર દર્શાવનાર યંત્ર; (૫) ગૅલ્વેનોસ્કોપ=વીજળીનું પ્રમાણ દર્શાવતું યંત્ર; (૬) જાઇરોસ્કોપ=વાહન સમતોલ સ્થિતિમાં રહી શકે તે માટેનું યંત્ર (વહાણોમાં ખાસ વપરાય છે); (૭) હાઇગ્રોસ્કોપ=હવામાં ભેજ છે કે નહિ તે જાણવાનું યંત્ર; (૮) કેલાઇડોસ્કોપ=રંગીન કાચનાં પ્રતિબિંબથી બનતી અનેકવિધ પ્રકાર અને રંગની આકૃતિઓ જોઈ શકાય તેવું એક નળીમાં અરીસા જેવા કાચ ગોઠવેલું યંત્ર; (૯) મૅગ્નેટોસ્કોપ=લોહચુંબકનું અસ્તિત્વ જાણવાનું યંત્ર. (૧૦) માઇક્રોસ્કોપ=સૂક્ષ્મદર્શક યંત્ર; (૧૧) મ્યુટોસ્કોપ=હાલતીચાલતી વસ્તુઓની પાડેલી છબીઓ જોવાનું યંત્ર; (૧૨) પેરીસ્કોપ=પાણીની સપાટીની નીચે રહીને નળી મારફત પાણીની સપાટી ઉપરની વસ્તુઓ જોવાનું યંત્ર (સબમરીનોમાં વપરાય છે); (૧૩) પોલારીસ્કોપ=પ્રકાશનાં કિરણોનો વળાંક દર્શાવનારૂં યંત્ર; (૧૪) પોલીમોસ્કોપ; (૧૫) પોલીસ્કોપ; (૧૬) સીઝમોસ્કોપ=ધરતીકંપનું સ્થાન ઓળખાવનારૂં યંત્ર; (૧૭) સ્પેક્ટ્રોસ્કોપ=પ્રકાશના રંગોનું પૃથક્કરણ દર્શાવનાર યંત્ર; (૧૮) સ્ટીરિયોસ્કોપ=જુદેજુદે ખૂણેથી એક જ દશ્યની બે છબી જોતાં એક જ છબી દેખાય તેવું યંત્ર; (૧૯) સ્ટેથોસ્કોપ=શરીરના જુદાજુદા ભાગના ધબકારા સાંભળવાનું યંત્ર; (૨૦) ટેલીસ્કોપ=દૂરબીન.



સંસારદર્શન ચિત્રાવલિ

(૧૦) પ્રેતો બોલે છે!

હિંદુ સંસારના જે અનેકવિધ અત્યાચારો અને જુલ્મોથી પોતાને માત્ર મૃત્યુ જ મુક્તિ અપાવી શક્યું છે તેનો નિર્દેશ, એ હત્યાકાંડનો ભોગ બનેલાં પાત્રોનાં પ્રેતોને મોઢે કરાવતું આ ચિત્ર, આપણી સામાજિક ફૂલવાડીની કોમળ વેલીઓ સમી સ્ત્રીજાતિને ભસ્મીભૂત કરી રહેલી કાળઝાળનાં દારુણ દુઃખોનો ખ્યાલ આપે છે.

[આ ચિત્રાવલિનાં અસલ ચિત્રોનું પ્રદર્શન ગામડાંઓમાં પ્રચાર અર્થે ફરતું કરવામાં આવ્યું છે. એના સુરક્ષિતપણા તથા વાહનખર્ચ માટે જરૂરી બાંહેધરી ને ખર્ચ સ્વીકારનાર કોઇપણ સંસ્થા કે વ્યક્તિને તેનો ઉપયોગ કરવા દેવામાં આવે છે.]

પંચતંત્રની વાર્તાઓ


મગર કહે, 'મિત્ર, હૃદયબુદયનું કાંઈ કામ નથી. એ તો હું તને હસતો હતો, એટલે ચાલ મારે ઘેર.' વાનર કહે, 'દુષ્ટ, જા હવે. હું નહિ આવું. કારણ

ભૂખ્યા નરો શું ન કરે જ પાપ
ક્ષીણા નરોને કરુણા જ કેવી ?
પ્રિયદર્શનને ભદ્રે કહે ગાંગો ન આવશે ॥'

મગર કહે, એ કેમ ? તે બોલ્યો:

કથા ૨

"એક કૂવામાં ગંગદત્ત નામે દેડકાનો રાજા હતો. તેને સગાઓએ દુઃખ દીધું, એટલે તે રેંટ ઉપર ચડીને કૂવા બહાર નિકળ્યો, ને સગાનું વેર કેમ કરીને વાળવું એનો વિચાર કરતો હતો ત્યાં તેણે દરમાં પેસતા પ્રિયદર્શન નામે કાળા નાગને જોયો. એને જોઈને દેડકાએ વિચાર કર્યો, કે 'આ કૃષ્ણસર્પને કૂવામાં તેડી જઈને બધા સગાનો ઉચ્છેદ કરું, ને કાંટેથી કાંટો કાઢું.' એમ કરી દરના નાકા આગળ જઈને એણે સર્પને કહ્યું, 'આવ, પ્રિયદર્શન, આવ.' એ સાંભળીને સર્પે વિચાર કર્યો, 'આ મને બોલાવે છે તે સ્વજાતીય નથી. સર્પની વાણી આવી ન હોય. ને બીજા કોઈ સાથે મારે સંબંધ નથી, એટલે અહિં બેઠાં બેઠાં જાણું કે આ કોણ છે. કદાચ વાદી હોય તો હું બંધનમાં પડું.' પછી તે બોલ્યો, 'તમે કોણ ?' દેડકો કહે 'હું ગંગદત્ત નામે મંડૂકરાજ તારી આગળ મિત્રતા માટે આવ્યો છું.' સર્પ કહે, 'ખડ તથા અગ્નિને પ્રેમ બંધાય એ માનવા જેવી વાત નથી' ગંગદત્ત બોલ્યો, 'સાચું, તું અમારો જનમવેરી છે, પણ બીજાથી અપમાનિત થઈને હું તારી પાસે આવ્યો છું.' સર્પ કહે, 'કોણે તારું અપમાન કર્યું ?' તે કહે, 'સગાઓએ.' સાપ બોલ્યો, 'તારો વાસ ક્યાં છે ? વાવમાં, કૂવામાં, તળાવમાં કે ધરામાં ?' દેડકો કહે, 'પત્થરે બાંધેલા કૂવામાં.' સર્પ કહે, 'અમારે પગ ન મળે, એટલે મારાથી ત્યાં પેસાય નહિ, ને પેસું તો પણ એવું ઠેકાણું ત્યાં ન હોય, જ્યાં રહીને તારા સગાને મારું. એટલે જા.' ગંગદત્ત કહે, 'અરે, ચાલ ને. હું સુખેથી ત્યાં તારો પ્રવેશ કરાવીશ, તથા પાણીને પડખે રમ્ય બખોલ છે, ત્યાં રહીને તું મારા સગાને મારજે.' સર્પ બુઢ્ઢો હતો, કોકવાર કેમે કરતાં એને એક ઉંદર મળતો, એટલે 'આ કુલાંગારે મને નિર્વાહનું સુખાવહ સાધન દેખાડ્યું છે, તો જાઉં ને દેડકા ખાઉં.' એમ વિચારીને તે બોલ્યો, 'ગંગદત્ત, એમ છે તો ચાલો, જઇએ.' ગંગદત્ત કહે, 'પ્રિયદર્શન, હું તને ત્યાં લઈ જઈશ ને રહેવાનું ઠેકાણું બતાવીશ, પણ તારે મારા પરિજનની રક્ષા કરવી; કેવળ જેને હું બતાવું એને જ મારવા.' સર્પ કહે, ભલે. એટલે સર્પ ને દેડકો રેંટ થઈને કૂવામાં ગયા. દેડકાએ સગા બતાવ્યા એને સર્પ ખાઈ ગયો, પછી તે બોલ્યો 'તારા શત્રુ મરી ખૂટ્યા; હવે બીજું ખાવાનું દે.' ગંગદત્ત કહે, 'તેં મિત્રકૃત્ય કર્યું, હવે રેંટ થઈને જા.'



આમ મળેલા દેડકા ને બીજા દેડકા પણ સર્પ ખાવા મંડ્યો.

સર્પે કહે, 'એ તેં કાંઈ ઠીક ન કીધું. મારા ભાણમાં પણ બીજો નાગ રહી ગયો હશે, એટલે અહિં જ એકએક દેડકો મને દેતો જા; નકર બધાને ખાઈશ.' આથી વ્યાકુળ થઈને ગંગદત્તે વિચાર કર્યો, કે 'સર્પને આણ્યો તે મેં ભૂંડું કર્યું. હવે ના પાડીશ તો બધાને ખાશે. એટલે એકએક દેડકો દેતો જાઉં.' આમ મળેલા દેડકાને બીજા દેડકા પણ સર્પ ખાવા મંડયો, તેમાં ગંગદત્તનો દીકરો યમુનાદત્ત અને કાલક્રમે દેડકા સમસ્ત માર્યા ગયા; ને એકલો ગંગદત્ત રહ્યો. એની આગળ પ્રિયદર્શને ખાવાનું માગ્યું, એટલે બીજા કૂવામાંથી દેડકાને તેડી આવવાનું બહાનું કાઢીને ગંગદત્ત કૂવા બહાર નિકળી ગયો. સર્પ એની વાટ જોતો બેઠો, અને બહુ વારે પણ એ ન આવ્યો, એટલે એને તેડવા સર્પે એક ઘોને મોકલી. ઘોએ સર્પનો સંદેશો આપ્યો, એટલે ગંગદત્ત બોલ્યો,

'ભૂખ્યા નરો શું ન કરે જ પાપ
ક્ષીણા નરોને કરુણા જ કેવી ?
પ્રિયદર્શનને ભદ્રે કહે ગાંગો ન આવશે.'

એટલે હે દુષ્ટ જલચર, 'હું પણ ગંગદત્તની પેઠે તારે ઘેર કદાપિ નહિ આવું.''

(ચાલુ) **દેસાઇ વાલજી ગોવિન્દજી**

ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

આ માસની હરીફાઇમાં આવેલાં ચિત્રોમાંથી એક પણ ઇનામને પાત્ર નહિ ઠરવાથી ત્રણે ઇનામો અમારે મોકૂફ રાખવાં પડયાં છે.

ગુમાવેલી તકો

(૧) 'ભયદૂત': ચીમન મેવાડા–કલોલ; (૨) 'કૂવાકાંઠો': ચંદુભાઇ ભટ્ટ–અમદાવાદ; (૩) 'ગોવાલણ': ચન્દ્રકાન્ત પટેલ–અમદાવાદ; (૪) 'દંપતી': નટુભાઇ દેસાઇ–કપડવણજ; (૫) 'નિમગ્ન': ડી. ડી. બારોટ–વિજાપુર; (૬) 'સંજોગોના સ્વામી': નિરંજન વ્યાસ-ખેડા; (૭) 'પવનની લહેરોમાં': રજનીકાન્ત પટેલ–આણંદ; (૮) 'જૈન શિલ્પકલા': ભાનુપ્રસાદ ભટ્ટ–વાસદ.

દરેક કલાનું વિજ્ઞાન (ટેકનિક) હોય છે તેમ ફોટોગ્રાફીનું યે છે. પરંતુ બીજી કોઇ કલા તથા તેના વિજ્ઞાનના સંબંધ કરતાં ફોટોગ્રાફી અને તેના શાસ્ત્રનો સંબંધ વિશિષ્ટ પ્રકારનો છે. એ બંને એકબીજા સાથે અવિભાજ્યરીતે સંકળાએલાં છે. એથી જ સામાન્ય જનતા ફોટોગ્રાફીને કલા નહિ પણ વિજ્ઞાન ગણે છે.

કલાસર્જનનાં સાધનો, જેવાંકે પેન્સિલ, ચાક (ખડી), બ્રશ (પીંછી), ટાંકણું વગેરે હાથની દોરવણીથી સર્જન તરફ વળે છે,પરંતુ એમાં હાથને દોરનાર મનની ઇચ્છા જ હોય છે. પરિણામે કલા જન્મે છે કે નહિ તેનો મુખ્ય આધાર મન ઉપર રહે છે, થોડે અંશે હાથની શક્તિ ઉપર રહે છે, ને નહિ જેવા પ્રમાણમાં જ સાધન ઉપર રહે છે. જ્યારે ફોટોગ્રાફીમાં મુખ્ય આધાર કૅમેરા અને એની ટેકનીક(એના વિજ્ઞાનના જ્ઞાન ઉપર)જ છે. આટલા અંશે ફોટોગ્રાફી બીજી કલાઓથી ભિન્ન પ્રકારની છે.

ફોટોગ્રાફી–વિશારદ બનવાની આકાંક્ષા સેવનારમાં પણ કલામય આત્મા તો અવશ્ય જોઇએ, પણ એટલું જ બસ નથી. તેનામાં વૈજ્ઞાનિકના મુખ્ય ગુણો હોવા જોઇએ. એમાંથી એકની યે ઊણપ અંતિમ ધ્યેયને પહોંચવામાં વિઘ્નરૂપ છે. માટે જ શિખાઉએ ફોટોગ્રાફીનાં કલાતત્ત્વોને વિસાર્યા વિના તેની ટેકનિક–વિજ્ઞાન-હસ્તગત કરવા મથવું જોઇએ. 'કુમાર' આ કારણે ટેકનિક–ક્રિયાભાગ ઉપર વધારે ભાર મૂકે છે.

ઉત્તમ ફોટોગ્રાફ કલા અને વિજ્ઞાનનું સંમિશ્રણ છે. સાચો કલાકાર ત્રાજવાનું એકેય પલ્લું ઊંચું કે નીચું જવા દેવું પાલવે નહિ. ઉપર જણાવેલાં ચિત્રોને ઉપરની તાવણીએ તાવી જોઇએ.'ભયદૂત', 'કૂવાકાંઠો', 'નિમગ્ન', અને 'પવનની લહેરોમાં'વાળાં ફોટોચિત્રોમાં કલાતત્ત્વો છે, પણ ટેકનિક (ક્રિયાભાગ)નું એક યા બીજું અંગ નબળું છે. બાકીના ફોટોગ્રાફોનો ક્રિયાભાગ સારો ગણાય;પરંતુ તેમાં કલાતત્ત્વોનો અભાવ છે. 'ભયદૂત' ચિત્રમાં ભાઇ ચીમનનું કલારસિક મન, વાદળાંના ઢગલા આડે ઊડી રહેલ ગીધને ઝડપવા દોડયું છે. વિષય મૌલિક અને આકર્ષક છે, પરંતુ ઊડતા પક્ષીને ચિત્રમાં ઉતારવા માટેની જરૂરી શટર-સ્પીડ તેમણે વાપરી જાણી નથી. તેથી ગીધ હાલેલું જણાય છે. પ્રિન્ટ પણ ઉઠાવદાર નથી. નેગેટિવની પારદર્શકતાને અનુરૂપ બ્રોમાઇડ પેપરના ગ્રેડની પસંદગીમાં તેમણે ભૂલ કરી છે. ચંદુભાઈ ભટ્ટના 'કુવાકાંઠો' ચિત્રનો વિષય રોમાંચક ને રસપ્રદ છે. ક્વચિત સાંપડતા કલામય વિષયમાંથી ઉત્તમ ચિત્ર સર્જવાના ઉત્સાહમાં અનેસરીજતી તક નહિ ગુમાવવાની ઉતાવળમાં એક્સ્પોઝરની પળે જ શટર ઉપર અયોગ્ય દબાણ દેવાથી આખોય કૅમેરા ધ્રૂજ્યો છે. ચંદુભાઈના મને કલામય તત્ત્વો નિહાળ્યાં છે, પણ તેમણે ફોટોગ્રાફીના વિજ્ઞાનની કચાશને લીધે સરસ ચિત્ર સદાને માટે ગુમાવ્યું. ચિત્રમાં પ્રકાશની દિશા, લાંબા પડછાયા, પાત્રોની ક્રિયા, વાતાવરણ, વસ્તુઓની કુદરતી રચના, બધું જ સારૂં છે. 'નિમગ્ન'માં એક અત્યંત સુંદર પાત્રનું પોર્ટ્રેટ રજૂ થયું છે. પાત્રનો પહેરવેશ, તેની ગોઠવણ, ચહેરા પરના ભાવ વગેરે પણ ચિત્રકથા માટે ઉચિત છે. પરંતુ ફોકસિંગની ક્ષતિએ ચિત્રને ઉત્તમ કોટિનું બનતાં અટકાવ્યું છે. ભાઈ રજનીકાન્તના ચિત્રમાં આષાઢી મેઘ-ગર્જનાથી નાચતાં પ્રેમી હૃદયની જેમ કોઇ વનસ્પતિની કૂંપળો નાચી રહી છે. ચિત્રવસ્તુ અવનવું અને આકર્ષક છે, પણ ચિત્રસંયોજન મોળું છે.

નટુભાઇના 'દંપતી' ચિત્રમાં અકુદરતી વાતાવરણમાં બેઠેલું વાઘનું જોડું નજરે પડે છે. પ્રાણીઓની બેસવાની ઢબ બેડોળ લાગે છે. ક્રિયાભાગ ઠીક કહેવાય. ભાઈ ચન્દ્રકાન્તનું ફોટોચિત્ર 'ગોવાલણ' સીધોસાદો સ્નૅપ છે. છાયાપ્રકાશ અને પાત્રના રંગોને અનુકૂળ એક્સ્પોઝર અને ડેવેલપમેન્ટ કરેલું હોવાથી પ્રિન્ટમાં વર્ણભેદ અને ઉઠાવ બરાબર આવ્યાં છે. નદી કાંઠે પડાવ નાખી પડેલ ભરવાડની છાવણીના ભાઈ વ્યાસના ચિત્રનો દૃષ્ટિકોણ અજુગતો છે. તંબુઓ નદીપટને ઢાંકી દે છે. વસ્તુનિરૂપણ સ્પષ્ટ અને સચોટ હોવું જોઇએ. દેલવાડાનાં જૈન મંદિરોમાં ભરેલી અનુપમ શિલ્પસામગ્રીનો એક સુંદર ભાગ ભાનુભાઇએ નમૂના રૂપે રજૂ કર્યો છે, પરંતુ અસલ શિલ્પની હદ પ્રમાણે ચિત્રને કાપવું જોઇએ.

બલવન્ત ભટ્ટ

કવિ : મને જિંદગીમાં ઉષ્મા જોઇએ, પ્રકાશ જોઇએ...
તેનો મિત્ર : તો વીજળીની કોઇ કંપનીમાં રહી જાને!

વકીલ–તમને ઍક્ટરનો ધંધો હલકો લાગતો નથી ?
ઍક્ટર–ગમે તેમ, પણ મારા બાપા કરતાં હું સારો ધંધો કરું છું.
વકીલ–(આશ્ચર્યથી) તમારા બાપા કયો ધંધો કરતા હતા ?
ઍક્ટર–વકીલનો.



માધુકરી

અમે યુગ-અરુણની ઝલક ઝીલતા આરસા,
દિશા ઉલટીને ઉજાળી કુમળા પરાવર્તને
જગાડી જગના અઘોરી, નવચેતના પ્રેરતા.
અમે જગસપાટીએ રમણ-રૌદ્ર વંટોળિયા
ઉખેડી જડમૂળથી જીરણ વૃક્ષ, ને વેરતા
નવીન યુગભાવનાંબીજ અનંત આસ્થા થકી.
અમે અમર યુદ્ધની અગનગાડીના કોલસા,
તળેઉપર થૈ જતા શબદપાવડે શૌર્યના;
દઈ ચમક એકની સમય અંતિમે અન્યને
બની ભસમસાત ભઠ્ઠી ધખતી સદા રાખતા. —રમણિક અરાલવાળા


('પ્રતીક્ષા'માંથી)

સર વિલિયમ જોન્સ

સંસ્કૃત કેવી રીતે શીખ્યા ?

સર વિલિયમ જોન્સે સંસ્કૃત વાઙ્મયનો અભ્યાસ કરી પશ્ચિમના વિદ્વાનોની સાહિત્યસૃષ્ટિને એક નવીન ખંડની માહિતી આપી. વાઙ્મયજગતના કોલમ્બસ સમા એ અંગ્રેજ પંડિતનું ચરિત્ર ઘણું મનોરંજક અને જ બોધપ્રદ છે.

ઈ. ૧૭૮૩માં સુપ્રીમ કોર્ટના જજ તરીકે સર વિલિયમ કલકત્તા આવ્યા. આ અગાઉ, એટલે વિલાયતમાં હતા ત્યારે જ તેમણે અરબી અને ફારસી ભાષાનો અભ્યાસ કર્યો હતો. કલકત્તા આવ્યા પછી તેમણે થોડુંઘણું હિંદી ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. ત્યાર પછી તેમને સંસ્કૃત શીખવાની ઇચ્છા થઈ, ને તે માટે કોઇ સંસ્કૃત શીખવનાર પંડિતની તેમણે શોધ માંડી. બુદ્ધિમત્તા અને વિદ્વત્તામાં બંગાળી પંડિતને કોઈ પહોંચી શકે નહિ; અને તે વખતે કલકત્તામાં ગિર્વાણ ગિરામાં પારંગત એવા ઘણા પંડિતો હતા. પરંતુ સર વિલિયમ જોન્સ જેવા યવનને પોતાની પવિત્ર ભાષા શીખવવા માટે કોઇ તૈયાર થયું નહિ! મોટા પગારની લાલચ આપ્યા છતાં પણ આ ધર્મબાહ્ય કામ સ્વીકારવા કોઇ પંડિત આગળ આવ્યો નહિ. કૃષ્ણનગરના મહારાજ શિવચંદ્ર સર વિલિયમ જોન્સના મિત્ર હતા. તેમણે પણ પ્રયાસ કરી જોયા, પણ સફળતા મળી નહિ. નવદ્વીપ એ સંસ્કૃત વિદ્યાનું ધામ છે. કલકત્તામાંથી કોઈ પંડિત ન મળવાથી નવદ્વીપમાં પણ પ્રયાસ કરી જોયા; પણ ત્યાં યે નિષ્ફળતા જ મળી. શિવચંદ્ર મહારાજે મહા મુશ્કેલીથી એકાદ બે પંડિતોને મનાવ્યા. ઘણી હિંમત રાખી આ પંડિતો સર વિલિયમ જોન્સને બંગલે જઇને મળી આવ્યા. પણ આ બાતમી આડોશીપાડોશી અને સગાંવહાલાંને પડતાં જ તેમણે પેલા પંડિતોના કાન ભંભેર્યાં અને 'આવું ધર્મવિરુદ્ધ કામ કરશો તો અમે સર્વ તમારો બહિષ્કાર કરીશું' એવી ધમકી આપી. પરિણામે પેલા પંડિતો સર વિલિયમ જોન્સના બંગલા તરફ ફરીથી ફરકયા જ નહિ.



સંસ્કૃત સાહિત્યની મહત્તા ને શ્રેષ્ઠતાનો પશ્ચિમના જગતને સૌપહેલો પરિચય કરાવનાર સર વિલિયમ જોન્સ

છેવટે બહિષ્કારથી ન ડરનાર રામલોચન કવિભૂષણ નામનો એક પંડિત મળી આવ્યો. તે વૈદ્ય જાતિનો હતો. (બંગાળના બ્રાહ્મણો વૈદ્યને જરા ઊતરતા ગણે છે) તેને બાળબચ્ચાં નહોતાં અને સ્ત્રી પણ નહોતી. પોતાના જાતિભાઇઓથી તે અલગ જ રહેતો. વળી વૈદામાં પારંગત હોવાથી લોકોને તેની ગરજ પડતી, એટલે લોકાપવાદથી ડરવાનું તેને કંઈ કારણ નહોતું.

સર વિલિયમે, રામલોચન કવિભૂષણને માસિક સો રૂપિયા પગાર અને તેના ઘરથી સર વિલિયમના બંગલા સુધી પંડિતજીને લાવવા-લઇ જવાનું પાલખીનું ખર્ચ આપવું એમ નક્કી થયું. આ સિવાય તે ધાર્મિક પંડિતે બીજી કેટલીક વિચિત્ર શરતો રજૂ કરી અને તે બધી સર વિલિયમે કબૂલ કરી. આ શરતો ઘણી જ વિલક્ષણ હતી સાહેબને શીખવવા માટે ભોંયતળિયે એક ઓરડો જુદો કાઢી આપવાનો હતો. આખા બંગલામાં અને ખાસ કરીને અભ્યાસના ઓરડામાં કોઈ પણ જાતની આભડછેટ ન થવી જોઇએ, એટલે કે બંગલામાં કોઇપણ પ્રાણીનું માંસ ન લાવવું. શિક્ષણના ઓરડામાં કામ કરવા માટે એક હિંદુ નોકર

રાખવો, અને પંડિતજી આવે તે અગાઉ અને તેઓ ગયા પછી ઓરડાની જમીન, દીવાલો અને આજુબાજુનો ભાગ હુગલી નદીમાંથી પાણી લાવી તે નોકરે ધોઇને શુદ્ધ કરવો. તે ઓરડામાં લાકડાની એચાર ખુરસી અને લાકડાનું ટેબલ એટલું જ ફર્નિચર રાખવું. તે સિવાય બીજો કંઈ સામાન ન રાખવો; અને તે સામાન પણ દરરોજ ધોઇને શુદ્ધ કરવો. શિક્ષણ લેવા માટે સર વિલિયમ આ ઓરડામા આવે તે અગાઉ એક પ્યાલો ચહા સિવાય બીજું કંઈ તેણે પીવું નહિ કે ખાવું નહિ. આ સિવાય એક બીજો ઓરડો પંડિતજીને કપડાં પહેરવા માટે રાખવામાં આવ્યો હતો પંડિતજી એક જોડ કપડાં આ ઓરડામાં રાખતા. બંગલે આવીને પહેરેલાં કપડાં ઉતારી ત્યાં રાખી મૂકેલાં કપડાં પહેરી લેતા અને સાહેબને ભણાવવા જતા. ભણાવી રહ્યા પછી પાછા પોતાનાં પહેલાં પહેરેલાં કપડાં પહેરીને ઘેર જતા. આ બીજો ઓરડો પણ હમેશાં ધોવામાં આવતો હતો.

પ્રાણાન્તે પણ યાવની ભાષા ન બોલવાની કવિભૂષણે પ્રતિજ્ઞા લીધી હતી કે નહિ તે તો કોણ જાણે; પણ તેમને અંગ્રેજી આવડતું નહોતું ને સર વિલિયમને સંસ્કૃત આવડતું નહોતું. થોડું હિંદી તેમને આવડતું હતું. આ ભાંગીતૂટી હિંદીના જ્ઞાન મારફત બંનેનો વ્યવહાર ચાલતો. એક તો સંસ્કૃત ભાષા શીખવા માટે બહુ જ મુશ્કેલ, અને તેમાં વળી શાસ્ત્રીઓની શીખવવાની પદ્ધતિ 'ગોખ-પદ્ધતિ'. ગુરુજીનું કહેવું શિષ્યને ન સમજાય અને પ્રશ્ન પૂછે, એટલે ગુરુજી ક્રોધાવિષ્ટ થઈ ઘણી વાર સંભળાવી દેતા: 'આ જ્ઞાન મેળવવું એ તો લોઢાના ચણા ચાવવા જેવું છે. ગોમાંસ ભક્ષણ કરનારા યવનને તો તે કષ્ટસાધ્ય છે.' પણ સર વિલિયમ સુજ્ઞ હતા. તેઓ આ કટાક્ષ હસવામાં કાઢી નાખતા અને પોતાનું ધ્યેય લક્ષમાં રાખી કામે લાગી જતા.

સર વિલિયમ ઘણા બુદ્ધિવાન હતા, અને તેમને શીખવાની ધગશ હોવાથી તે ગમે તેવી મુશ્કેલીઓને પણ ગણકારતા નહિ. સંસ્કૃતના એક આધુનિક આંગ્લ પ્રોફેસરના કહેવા પ્રમાણે સંસ્કૃત ભાષા એ કાંટાથી ભરેલું જંગલ છે. પણ સર વિલિયમે એ 'કંટકમય' અરણ્યમાથી માર્ગ કરી, એક વર્ષ જેટલી ટૂંકી મુદતમાં જ પોતાનું કહેલું સામાને સમજાવવા પૂરતું સંસ્કૃતનું જ્ઞાન સંપાદન કરી લીધું.

તે સમયમાં કલકત્તામાં શ્રીમંત લોકો પોતાના બંગલામાં બે ઘડી આનંદ મેળવવા માટે નાટક ભજવાવતા. એક દિવસ ગુરુશિષ્ય વાતે ચડ્યા હતા ત્યારે, હિંદુસ્તાનમાં પુરાતન કાળથી જ રાજદરબારમાં, નાટકો (જેને બંગાળીમાં 'જાત્રા' કહે છે) ભજવવાનો રિવાજ છે ને સંસ્કૃતમાં ઉત્તમ નાટકો અનેક છે, એમ કવિભૂષણના કહેવાથી સર વિલિયમની ઉત્કંઠાવૃત્તિ જાગૃત થઇ. તેમણે નાટકો વિષે વધુ તપાસ કરી. બધાં નાટકોમાં શાકુંતલ નાટક શ્રેષ્ઠ છે એમ જાણવામાં આવતાં તેમણે શાકુંતલ વાંચવું શરૂ કર્યું. આ નાટક તેમને એટલું બધું ગમી ગયું કે તેનો પરિચય પાશ્ચિમાત્ય વિદ્વાનોને કરાવવાનાઉદ્દેશથી તેમણે તેનું અંગ્રેજીમાં ગદ્યપદ્યાત્મક ભાષાન્તર કરી પ્રગટ કર્યું. આ ભાષાંતર વાંચી યુરોપીય વિદ્વાનો તાજ્જૂબ થઈ ગયા!

પાશ્ચિમાત્ય લોકો ત્યાં સુધી એમ જ માનતા, કે હિંદુસ્તાનના લોકો એ અમેરિકાના અસલના લાલ ચામડીવાળા રહેવાસીઓ અથવા આફ્રિકાના હબસીઓ જેવા જંગલી છે. હિંદુઓને નથી વિદ્યા, નથી સંસ્કૃતિ કે નથી ધર્મ. એક રીતે જોતાં, સાત સમુદ્ર ઓળંગીને આવેલા યુરોપના જુદાજુદા દેશના મૂઠીભર લોકો અહીં ધમાચકડી મચાવી રહ્યા હતા. પોર્ચુગીઝોએ તો ધર્મને નામે કાળો કેર વર્તાવ્યો હતો. અંગ્રેજોએ વેપાર કરતાંકરતાં આટલો વિશાળ દેશ કબજે કરીને ત્યાં પોતાનું સામ્રાજ્ય પણ સ્થાપી દીધું. બીજી બાજુએ, કેટલાક સંકુચિત બુદ્ધિના મિશનરીઓએ શુદ્ધ હેતુથી કે પોતાની સંસ્થાને દ્રવ્યબળ મળે એ લાલચથી, હિંદુસ્તાનના લોકો વિષે જાતજાતની ગેરસમજવાળી વાતો ફેલાવી હતી. શાકુંતલનું અંગ્રેજી ભાષાંતર પ્રસિદ્ધ થયા પછી ત્યાંના વિદ્વાનોને પહેલવહેલી ખબર પડી કે પ્રાચીન ગ્રીક નાટકકારોની ને શેકસપીઅરની કૃતિઓની બરોબરી કરી શકે તેવાં નાટકો જે ભાષામાં છે તે સંસ્કૃત ભાષા ઘણી જ સમૃદ્ધ હોવી જોઇએ. રસજ્ઞોએ આ ભાષાંતર ખૂબ આનંદપૂર્વક વાંચ્યું. કહે છે કે પ્રસિદ્ધ જર્મન કવિ ગટે તો આ નાટક વાંચીને હર્ષથી નાચવા માંડ્યો હતો! કવિનું હૃદય કવિ જ પારખી શકે છે.

આ પછી સંસ્કૃત વાઙ્મયનો વિશેષ પરિચય કરવાની ઈચ્છા પાશ્ચાત્ય વિદ્વાનોને થઈ. અનેક વિદ્વાનોએ સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો અને તેના વાઙ્મય તથા તત્ત્વજ્ઞાનનો પરિચય પશ્ચિમની પ્રજાઓને કરાવ્યો. યૂરોપઅમેરિકામાં ગિર્વાણ વાઙમયને સમાનધર્મ માનનારાં અનેક માણસો ભવભૂતિનાં વચનોની સત્યતા સમજાવતાં, નીકળી પડ્યાં. કેટલાક તેનાં (સંસ્કૃતનાં) લલિત અને ચમત્કૃતિપૂર્ણ કાવ્યો પર મોહ પામ્યા, કેટલાક વ્યાકરણશાસ્ત્રના ગ્રંથોનો અભ્યાસ કરી ભાષાશાસ્ત્ર તરફ આકર્ષાયા, જ્યારે કેટલાક આર્યોનો ધર્મ અને આર્યોનું તત્ત્વજ્ઞાન, એ બંનેથી મુગ્ધ બન્યા. શોપનહોર, મૅક્સમુલર, એમર્સન વગેરે મહાપુરુષોનાં જીવનમાં તો આર્ય સંસ્કૃતિના અભ્યાસની બહુ જ ઊંડી છાપ પડેલી જોવામાં આવે છે.

(मराठी मनोहरના સૌજન્યથી) કે. કા. જાની

સંસ્કૃત સાહિત્યની મહત્તા ને શ્રેષ્ઠતાનો પશ્ચિમના જગતને પ્રથમ પરિચય કરાવનાર આ વિદ્વાન અંગ્રેજ પંડિતનો જન્મ ઈ.૧૭૪૬માં થયો હતો. હૅરોની શાળામાં તે અભ્યાસ કરતા તે વખતે નવ વરસની વયે તેના સાથળનું હાડકું ભાંગી ગયું અને તેને એક વરસ પથારીવશ રહેવું પડ્યું. એ બધો સમય તેણે ઉત્તમ કવિઓના અભ્યાસ પાછળ ગાળ્યો. તેની સ્મરણશક્તિ અજબ જેવી તીવ્ર હતી. એક વખત મિત્રોને શેકસપીઅરનું 'ટેમ્પેસ્ટ' નાટક ભજવવું હતું, પણ પ્રત મળતી ન હતી; તેથી તેણે આખું નાટક સ્મરણ પરથી અક્ષરશઃ ઉતારી આપેલું. જાતે પણ ઉત્તમ કાવ્યો ને નાટકો લખતા. ૧૭૬૪માં ઑક્સફર્ડની યુનિવર્સિટી કૉલેજમાં તે દાખલ થયા ત્યાં પૌરસ્ત્ય સાહિત્યે એમને આકર્ષ્યાં અને એમનો ભાવિમાર્ગ જાણે નિર્માણ કર્યો. ૧૯મે વર્ષે ૧૭૬૫માં લૉર્ડ આલ્થ્રોપના તે શિક્ષક બન્યા અને ૨૧ વર્ષની વયે તો 'એશિયાની કવિતા' ઉપર ઑક્સફર્ડમાં વ્યાખ્યાનમાળા શરૂ કરી. ૧૭૭૨માં એમનાં કાવ્યો અને નિબંધોનો પ્રથમ ગ્રંથ પ્રકટ થયો અને રૉયલ સોસાએટીના ફેલો તરીકે તે ચૂંટાયા. પછી તેમણે કાયદાનો અભ્યાસ કર્યો અને ૧૭૭૪માં બૅરિસ્ટર થયા. થોડા વખત તો વકીલાત સારી ચાલી નહિ, પણ પછી તો ધંધો ખૂબ જામ્યો ને એમની પ્રતિષ્ઠા વધી ગઇ. ૧૭૭૬માં દેવાળિયાઓના તપાસનીશ તે નીમાયા અને ત્યાર પછી કાયદાનાં પણ થોડાં અગત્યનાં પુસ્તકો પ્રકટ કર્યાં. અને કાયદા તથા વિદ્વત્તાની આ પ્રતિષ્ઠાને કારણે ૧૭૮૩માં હિંદમાં આવેલા ફૉર્ટ વિલિયમ (કલકત્તા)ની સુપ્રીમ કોર્ટના જજ તરીકે તેમની નિમણૂક કરીને તેમને 'સર' બનાવવામાં આવ્યા. તે પછીના એપ્રિલ માસમાં કુ. આના મૅરિયા શિપ્લે જોડે એમનું લગ્ન થયું.

૧૭૮૩ના સપ્ટેમ્બરમાં કલકત્તે આવતાં વેંત તેમણે પોતાનું ધ્યાન કોર્ટકાર્ય જેટલું જ પૂર્વની વિદ્યાઓ શીખવામાં પરોવ્યું અને અવિશ્રાંત શ્રમ, ખંત અને નિયમિત કાર્યપ્રણાલિથી, આપણે ઉપર જોઈ ગયા તેમ, એક વર્ષમાં તો સંસ્કૃત જેવી ભાષા શીખી લીધી. એ

ભાષાને વિષે એમણે લખ્યું છે કે 'એ ગમે તેટલી પ્રાચીન હોય, પણ તેનું બંધારણ અદ્ભુત છે; ગ્રીક કરતાં વધુ સંપૂર્ણ ને લાટિનના કરતાં વધુ વિશાળ, અને એ બંનેનાં કરતાં વધુ સંસ્કારી એ છે.' પોતાના ન્યાયકાર્યમાં સહાયભૂત થઈ પડે તે માટે તેમણે હિંદુ અને ઇસ્લામી કાયદાઓનો સાર કાઢીને સંપાદિત કર્યો. બંગાળામાં આવતાંવેંત તેમણે શાસ્ત્રીય જ્ઞાન માટેની સંસ્થા સ્થાપી (જેના તે પ્રમુખ ચૂંટાયા), અને ૧૭૮૯માં પોતાનાં સંશોધનોનો પહેલો ગ્રંથ તથા 'શાકુંતલ' નાટકનો અંગ્રેજી અનુવાદ પ્રકટ કર્યાં. ૧૭૯૪માં 'મનુસ્મૃતિ'નો એમનો અનુવાદ પ્રગટ થયો, અને એ જ વર્ષમાં ૨૭મી એપ્રિલે માત્ર ૪૮ વર્ષની યુવાન વયે યકૃતની બીમારીથી એમનું અવસાન થયું. (સંપાદકીય)

એક વિચિત્ર આગાહી

નોસ્ટ્રેડેમસ નામના એક માણસે ઈ.સ. ૧૫૫૫માં 'માઇકલ દ નોસ્ટ્રેડેમસ કૃત સૈકાઓ અને સાચી આગાહી' નામક પુસ્તક પ્રગટ કર્યું હતું. 'ન્યુસ રીવ્યુઝ' તે પુસ્તકની ટૂંકી નોંધ આપે છે. વર્તમાન યુદ્ધ સંબંધમાં તે પુસ્તકમાં નીચે મુજબ લખેલું છે:

'ઇ સ. ૧૯૪૦માં આપણે એક ભયંકર યુગમાં પ્રવેશ કરીશું. તે યુગ ૧૯૪૪ સુધી ચાલશે. આ યુગમાં ઘણાં રાજ્યતંત્રોનો નાશ થશે. ખાસ કરીને ફ્રાન્સના રાજ્યતંત્રની પદ્ધતિને નુકસાન થશે. ૧૯૪૦માં આખું યુરોપ હથિયાર ઉપાડશે. જર્મની અને ઇટલીમાં સરમુખત્યારોની સત્તા ચાલશે. ફ્રાન્સ જીતાઇ જશે'.

આ દ્રષ્ટા સંબંધમાં 'ન્યુસ રીવ્યુઝ' જણાવે છે કે નોસ્ટ્રેડેમસનો જન્મ ઇ. ૧૫૦૩માં ફ્રેન્ચ-યહુદી માબાપને ત્યાં ફ્રાન્સમાં સેંટ રેમી ખાતે થયો હતો. નાનપણથી જ તેને વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન તથા વૈદકમાં રસ પડતો હતો.

તે ડૉકટર થયા પછી તરત જ મહામારી ફાટી નીકળી અને નોસ્ટ્રેડેમસે પોતાની પ્રતિષ્ઠા જમાવી. આ ભયંકર દર્દ માટે તેની પાસે ઈલાજ હોવાનો તે દાવો કરતો હતો. પણ તેનો ઈલાજ તેની પાસે જ રહી ગયો. તેણે કોઇને તેનું રહસ્ય જણાવ્યું નહિ. પરંતુ તેણે આ જીવલેણ દર્દના પંજામાંથી એટલા બધા મનુષ્યોને બચાવ્યા કે અજ્ઞાણુ લોકો તેને દેવાંશી ગણવા લાગ્યા.

તેની પહેલી આગાહી તેણે મિલાનમાં કરી બતાવી. એક દિવસ તે શહેરમાં ચાલ્યો જતો હતો ત્યારે સામેથી સાધુઓનું એક ટોળું આવતું હતું. આ ટોળામાં એક ગરીબ અજાણ્યો ફેલિક્સ પૅરેટી નામનો સાધુ હતો. બધા સાધુઓના આશ્ચર્ય વચ્ચે નોસ્ટ્રેડેમસ તેના પગે પડ્યો અને પૅરેટીનો હાથ પકડીને ખૂબ જ માનપૂર્વક તેને નમન કર્યું. એક અજાણ્યા સાધુને તેણે આટલું બધું માન શા માટે આપ્યું તેમ પૂછવામાં આવતાં તેણે જવાબ આપ્યો કે 'હું ભાવિ પોપને વંદન કરું છું.' પ્રેક્ષકોને લાગ્યું કે તે ગાંડો થઇ ગયો છે, પરંતુ ૧૫૮૫માં પૅરેટીને પોપ સેક્સટસ પાંચમા તરીકે ચૂંટવામાં આવ્યો. બીજી બાબતોમાં, તેણે ૧૫૮૮માં સ્પેનિશ આર્મેડાના પરાજયની તથા એક અંગ્રેજ રાજા (ચાર્લ્સ પહેલો)ના દેહાંતદંડની આગાહી કરેલી.

તેની આ આગાહીઓથી તે એટલો બધો પ્રખ્યાત થઇ ગયો કે ૧૬૭૨માં તેના પુસ્તકનું અંગ્રેજી ભાષાંતર કરવામાં આવ્યું. અલબત્ત, નોસ્ટ્રેડેમસની ભૂલો થઇ હતી, પરંતુ તે થોડી અને નજીવી હતી. દાખલા તરીકે તેણે એવી આગાહી કરી હતી કે વર્તમાન યુદ્ધ ૧૯૩૯ના ઑગસ્ટમાં શરૂ થશે; ૧૯૪૦નો ફ્રાન્સ પરનો હુમલો સ્વિટ્ઝર્લૅંડ મારફત થશે. આખા યુરોપને યુદ્ધમાં ઘસડી જનાર જર્મન સરમુખત્યારનું નામ 'હિસ્ટર' હશે. (જે 'હિટલર'ને મળતું આવે છે.) પણ આ ભૂલો નજીવી ગણાય. તેની આગાહી મુજબ અત્યારનું યુદ્ધ ૧૯૪૪માં પૂરું થશે, પણ ૧૯૪૫માં ફ્રાન્સ અને ઈટલી વચ્ચે ફરીથી યુદ્ધ જામશે. આ વખતે એક નવા તથા પ્રતાપી રાજાની સત્તા હેઠળ ફ્રાન્સ સહેલાઇથી ઇટલીનો પરાજય કરશે. ફ્રાન્સની સરહદ હ્રાઇન સુધીની થશે અને તેની સત્તા સ્પેન અને ઈટલી પર ચાલશે.

આ મહાન દ્રષ્ટાએ ૧૫૬૬ના જુલાઈ માસમાં છેલ્લી આગાહી કરી હતી. જ્યારે તેના નોકરે આગલી રાત્રે વિદાય લીધી ત્યારે નોકરે સવાર સુધીનું તેનું કુશળ ઈચ્છયું. તેણે જવાબ આપ્યો કે 'નહિ, સવારે તો હું અહીં હોઈશ નહિ.' તે જ રાત્રે તે ઊંઘમાં મૃત્યુ પામ્યો!

—છોટાલાલ માનસિંગ કામદાર

બ્રાઝીલ

બ્રાઝીલની સરકારે તા. ૨૨મી ઑગસ્ટની રાત્રે જર્મની અને ઈટાલી સામે યુદ્ધ પોકારવાથી દક્ષિણ અમેરિકા પણ એ રીતે પ્રત્યક્ષ યુદ્ધમાં ઊતર્યું છે. ધરીરાષ્ટ્રોની અવળચંડાઈ એ જ બ્રાઝીલની યુદ્ધઘોષણાનું કારણ છે. આ વર્ષના આરંભથી ધરીરાષ્ટ્રોની સબમરીનોએ બ્રાઝીલનાં જહાજોને બેફામ ડુબાડવા માંડયાં હતાં. બ્રાઝીલે હજી સુધી જાપાન સામે યુદ્ધ પોકાર્યું નથી, છતાં તેને 'તટસ્થતા'ની પણ ભારે ભીતિ છે. જાપાન આખરે જર્મની-ઈટાલીનું જોડીદાર છે એ ભૂલાય તેમ નથી. બ્રાઝીલમાં જર્મન-ઇટાલીઅન લોકો પ્રમાણે જાપાનીઓની એક મોટી વસાહત છે. આ વસાહતમાં બે લાખ જાપાનીઓ રહે છે. તેઓ રેલવેમાર્ગ અને રસ્તાના વિભાગો રોકી બેઠા છે. એ પરથી બ્રાઝીલને તેમની તરફથી અંતર્ગત કેટલો ભય છે તેની કલ્પના આવી શકશે. બ્રાઝીલમાં સાથોસાથ જર્મન ભાષા બોલનારાની સંખ્યા અઢી લાખની છે, જ્યારે ઇટાલીઅનોની સંખ્યા પણ ઉપેક્ષણીય નથી. તેમનું વર્તન હંમેશાં અલિપ્તપણાનું હોય છે. તેમની સ્વતંત્ર શાળાઓ છે અને તેમણે તેમની સંસ્કૃતિ અને ભાષાને કાયમ રાખ્યાં છે. ઉદ્યોગધંધા, વેપાર અને તેથીય વધુ મહત્ત્વનાં વ્યવહારસાધનો પર જર્મનોનું ઘણું વર્ચસ્વ છે.

મલાયા, બ્રહ્મદેશ અને ઈસ્ટ ઈન્ડીઝ જાપાનના હાથમાં ગયા પછી મિત્રરાષ્ટ્રોની રબ્બર, કલાઈ વગેરેની તંગીને બ્રાઝીલ ઓછી કરી શકે તેમ છે. હેનરી ફૉર્ડે બ્રાઝીલમાં રબ્બરનાં મોટાં વાવેતરો કરેલાં છે. બ્રાઝીલમાં લોખંડ અને કોલસો પણ વિપુલ પ્રમાણમાં છે. સુપ્રસિદ્ધ જર્મન કારખાનદાર ક્રપ્સે તેનું ચેકોસ્લોવેકીઆ ખાતેનું સ્કૉડા કારખાનું ત્યાંથી ખસેડીને બ્રાઝીલમાં લાવવાની ખટપટ કરી હતી, તે પરથી ત્યાંનું લોખંડ કેટલું ઉમદા હશે તેનો ખ્યાલ મળી રહેશે. આવાં કારણોસર હિટલરની લાલચુ નજર બ્રાઝીલ પર ચોંટેલી છે. દક્ષિણ અમેરિકામાં એ ઠેકાણે જ નૂતન જર્મનીની સ્થાપના કરવાની તેની મહત્ત્વાકાંક્ષા છે ને એની સિદ્ધિ માટે બ્રાઝીલ ને મેક્સિકોનો ઉપયોગ કરી લેવાનો તેનો દાવ છે. પરંતુ હવે બ્રાઝીલે વેળાસર ચેતી જઇને હિટલરની ચાલબાજીને પડકાર કર્યો છે. દક્ષિણ અમેરિકાનાં સર્વ સંસ્થાનોમાં બ્રાઝીલ સૌથી મોટું હોઇ તેની લોકસંખ્યા ૪ કરોડ ૩૦ લાખની છે. બ્રાઝીલ પાસે ૨ લાખ ૨૧ હજારનું ખડું સૈન્ય છે અને ૨ લાખ ૮૫ હજાર રાષ્ટ્રીય સૈનિકો છે. છેલ્લાં ૨૧ વર્ષથી લશ્કરી શિક્ષણ વધતું જતું હોઈ આજે બ્રાઝીલ પાસે કુલ દસેક લાખની સેના સહજ હશે. જગતમાં સુવ્યવસ્થા અને શાંતિ સ્થપાય તે હેતુથી બ્રાઝીલે આ યુદ્ધપ્રદેશ ઊભો કર્યો છે એવી લાગણી લંડનમાંના બ્રાઝીલીઅન એલચીઓએ કરી છે. ઉત્તર અમેરિકાને દક્ષિણ અમેરિકાના વલણ વિષે સંશય રહ્યા કરતો હતો, પરંતુ તે પણ હવે રાહતની લાગણી અનુભવી રહ્યું હશે. (પ્રજાબંધુ)

આ મહિનો (સપ્ટેમ્બર) ઇતિહાસમાં

તા. ૩ બ્રિટન અને ફ્રાન્સે જર્મની સામે યુદ્ધ (આ બીજું મહાયુદ્ધ) જાહેર કર્યું ઈ. ૧૯૩૯.

તા. ૫ રશિયા સામેના યુદ્ધમાં જાપાને જગતને દંગ કરનારો વિજય મેળવી રૂસો-જાપાનીઝ સંધિ કરી, ઇ. ૧૯૦૫.

તા. ૮ બ્રિટિશોએ મૉન્ટ્રીઅલ કબજે કરી, કૅનેડા જીતવાની શરૂઆત કરી, ઇ ૧૮૬૦.

તા. ૧૦ જર્મન ભાષાશાસ્ત્રી અને વ્યાકરણશાસ્ત્રી યોહાન આડેલુંગનું મરણ, ઇ.૧૮૦૫.

તા. ૧૬ ઈરાનના શાહ રીઝાશાહ પહલવીએ ચાલુ મહાયુદ્ધ અંગેની રાજખટપટમાં ગાદીત્યાગ કર્યો, ઇ. ૧૯૪૧.

તા. ૨૧ મહાન અંગ્રેજ નવલનવેશ, વિજ્ઞાનવિદ્ અને ચિંતક એચ. જી. વેલ્સનો જન્મ, ઇ. ૧૮૬૬.

તા. ૨૨ મદ્રાસ પર જર્મન નૌકાયાન એમડનનો મારો, ઈ. ૧૯૧૪.

તા. ૨૩ જગવિખ્યાત માનસશાસ્ત્રી સિગમુંડ ફ્રૅઇડનું લંડનમાં અવસાન, ઈ. ૧૯૩૯

તા. ૨૫ અમેરિકાના અગ્રણી ફિલ્મ પ્રોડ્યુસર કાર્લ લેમલેનું અવસાન, ઈ. ૧૯૩૯.

તા. ૨૮ દિલ્હીના છેલ્લા સમ્રાટ બહાદુરશાહનું રાજ્યારોહણ, ઈ. ૧૮૩૭.



આ માસની વ્યક્તિવિશેષ

સ્વ. શરદ્‌ચંદ્ર ચટ્ટોપાધ્યાય

'સબાર ઉપરે માનુષ સત્ય, તાહાર ઉપરે નાઇ' (છે સૌની ઉપર માનવી, તેથી ઉપર કોઇ નહિ) એ પંક્તિમાં જણાવ્યા મુજબની માનવતાની શ્રેષ્ઠતા આલેખનાર—અને તેમાં યે ખાસ કરીને આર્ય નારીનાં હૃદય અને માનસનાં તાદૃશ ચિત્રો રજૂ કરનાર બંગાળી સાહિત્યના નવલસમ્રાટ સ્વ. શરદ્‌ચંદ્ર ચટ્ટોપાધ્યાય ઈ. ૧૮૭૬ની ૧૫મી સપ્ટેમ્બરે બંગાળના હૂગલી જિલ્લાના દેવાનંદપુર ગામમાં ગર્ભશ્રીમંત કુટુંબમાં જન્મ્યા હતા. પણ એમના દાદા શ્રીમંતાઇ ગુમાવી બેઠેલા હોવાથી શરદ્‌ચંદ્રના પિતા નિર્ધન જ રહેલા. પરંતુ એ સાહિત્યકાર હોવાથી તેની અસર તેમના ઉપર પણ પડી. શરદ્‌ચંદ્રના જ શબ્દોમાં કહીએ તો 'આત્મનો અજંપ ને સાહિત્યનો તીવ્ર શોખ—પિતાના આ બે ગુણોમાંથી પહેલાએ મને રખડુ બનાવ્યો ને આખું હિંદ હું રખડયો; ને બીજા ગુણે મને જિંદગીભરનો સ્વપ્નસેવી બનાવ્યો.'

પણ પિતાની નિર્ધનાવસ્થાએ શરદ્‌ચંદ્રની ઊગતી વયને કસોટીએ ચડાવી. દેવાનંદપુર અને ભાવલપુર (મોસાળ)માં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરૂં કર્યા બાદ, કૉલેજના પ્રથમ વર્ષની પરીક્ષામાં બેસવાની ફીના વીસ રૂપિયા યે ન હોવાના કારણે કેળવણીનું ગાડું ત્યાં જ ખાંચમાં પડયું. અને તીવ્ર આર્થિક ભીંસના કારણે બ્રહ્મદેશમાં ૧૬-૧૭ વર્ષો સુધી નાનીમોટી નોકરીઓ તેમને કરવી પડી. ત્યાંના જીવનમાં કૉલેજના સ્થૂલ ગ્રંથોના અભ્યાસને બદલે માનવજીવનના મહાગ્રંથોનું પરિશીલન કરવાની તક તેમને મળી. અંતે સેક્રેટેરિયેટની નોકરીમાં એક વાર એક ગોરા અમલદારે અપમાન કરવાથી તેમનું સ્વમાનશીલ લોહી ઊકળી આવ્યું અને તેમણે તેને તમાચો ચોડી દીધો. પરિણામે નોકરીમાંથી રૂખસદ મળી.

પોતાના મિત્રનાં બ્હેન નિરુપમાને આગળ લાવવા માટે તેમણે ઘણા પ્રયત્ન કર્યા હતા; બંને વચ્ચે સ્નેહના અંકુર ફૂટતાં લગ્નની હીલચાલ થએલી, પરંતુ તેઓ તેમનાં કૈંક દૂરનાં સગાં થતાં હોવાથી તેમના લગ્ન વિષય પર તો હમેશ માટે પડદો પડી ગયો હતો. દેવાનંદપુરમાંના વસવાટ દરમિયાન તેઓ કલાકો સુધી ઘનઘોર રાત્રીમાં પણ સરસ્વતી નદીમાં હોડીમાં ટહેલતા અને ભૂતપ્રેતના નિવાસસ્થાન મનાતાં કબ્રસ્તાનોમાં મિત્રો સાથે સંગીતની મહેફિલ ઉડાવતા, એટલા એ નિર્ભીક વૃત્તિવાળા હતા. રોગી માટે ૩-૪ માઈલ ચાલીને પણ દવા લાવવામાં તથા તેને માટે અખંડ જાગરણ કરવામાં તેઓ પાછું વાળીને જોતા નહિ એટલી તો એ માનવજાત માટે મમતા ધરાવતા હતા.

ભાવલપુરમાં હતા ત્યારે કિશોર વયે એક માસિકની ઇનામી હરીફાઈ માટે પોતાના મામાના નામથી તેમણે એક વાર્તા આપી હતી; પરંતુ જ્યારે એને ઈનામ મળ્યું ત્યારે મામાએ ભાણેજનું નામ બહાર પાડી દીધું. 'ભારતી' પત્રમાં પણ એમની એક વાર્તા (બડી દીદી) લેખકના નામ વગર પ્રગટ થઈ ત્યારે ઘણાએ અભિનંદનનાં પુષ્પો કવિવર ટાગોર પર ઢોળેલાં, પણ જ્યારે 'ભારતી'ના તંત્રીએ બીજા અંકે લેખક તરીકે શરદ્‌ચંદ્રનું નામ ખુલ્લું કર્યું ત્યારે સમસ્ત સાહિત્ય આલમ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગઇ. ખુદ ટાગોરે પણ તે વાર્તા માટે ઉત્તમ અભિપ્રાય આપ્યો હતો.

નોકરીમાંથી રજા મળતાં તે ૧૯૦૩માં કલકત્તા આવ્યા અને ત્યારથી તેમના ભાગ્યનો સિતારો પલટાયો. ઘેર આવતાં જ તેમના પિતાનું અવસાન થયું. એ જ અરસામાં 'બડી દીદી' અને 'દેવદાસ' લખાયાં. ઈ ૧૯૦૭માં 'બડી દીદી' પ્રકટ થતાં જ તેમને જ્વલંત કીર્તિ મળી અને ત્યાર પછી તો ઉત્તરોત્તર એમની પ્રતિષ્ઠા વધતી જ ચાલી. તેમની કૃતિઓએ તેમને કીર્તિ અને ધન બંને વડે સારી રીતે નવાજ્યા. તેમની અસામાન્ય ઉજ્જવલ સાહિત્યસેવા માટે કલકત્તાના વિશ્વવિદ્યાલયે તેમને જગતારિણી ચંદ્રક અર્પણ કર્યો અને ઢાકાના વિશ્વવિદ્યાલયે તેમને ડૉકટર ઑફ લિટરેચરની પદવી આપી. સમાજબદ્ધ જીવનનાં દુઃખ અને વેદનાને અતિ વેધકરીતે જનસમાજ આગળ વ્યક્ત કરી તે પીડન અને અત્યાચારનો ભોગ થઇ પડેલી વ્યક્તિઓ પ્રત્યે સમભાવ જાગૃત કરતા, એમના હૃદયસ્પર્શી સાહિત્યે એમને બંગાળના હૃદયેશ્વર બનાવ્યા છે.

બંગાળે ૧૯૩૭માં તેમના માનમાં શરદ્‌વંદનાનો ઉત્સવ ઊજવ્યો હતો. શ્રી કાંત (જેમાં તેમનું આત્મકથન હોવાનું માનવામાં આવે છે) તેમની ઉત્તમ નવલકથા હોઈ ફ્રેંચ ભાષામાં અનુવાદિત થએલી છે, એટલું જ નહિ પરંતુ તે માટે તેમને નોબેલ પ્રાઇઝ આપવાની હીલચાલ પણ થઇ હતી.

પરંતુ મોટા માણસોના સંબંધમાં સામાન્યતયા બને છે તેમ, શરદ્‌ચંદ્રમાં પણ શરીર તરફ બેદરકાર રહેવાનો અવગુણ હતો. તેઓ ઘણા અનિયમિત હતા. દિવસના ૩૦-૪૦ કપ તો ચાના ચડાવી જતા. તમાકુ પણ પીવાની ટેવ. પરિણામે યકૃત અને મૂત્રપિંડની બીમારીના તેઓ ભોગ થઈ પડયા અને ૧૯૩૮ના જાન્યુઆરીની ૧૮મી તારીખે તેઓ આ પાર્થિવ ધામ મૂકી ગયા. એ ગયા, પરંતુ એમનું અમર અક્ષરધન તો આપણી પાસે મોજૂદ છે.

સો વાતુંનો સાર એકે આવીને વસ્યો,
અંતરનો ઍંકાર બાળ્યો ઈ બાજીગરો.

—તનસુખ ભટ્ટ

જનરલ વૂલ્ફની સરદારી નીચે અંગ્રેજોએ કૅનૅડાના કિવબેક નગર પર હલ્લો કર્યો ત્યારે તેમનો સામનો કરતાં ફ્રેન્ચ સેનાપતિ જનરલ મૉંટકામને એક ગોળી વાગી, ને તે ઘોડા પરથી ઉથલી પડ્યો. તેને જીવવાની આશા નહોતી રહી એવું એને કહેવામાં આવતાં એણે જવાબ આપ્યો: 'બહુ સારૂં થયું. કિવબેકનું પતન મારે જોવું મટ્યું.'

અનેકાર્થી શબ્દ: **ઉપાધિ**=પીડા; જંજાળ; સંજ્ઞા; ખિતાબ કે પદવી; અટક.

કહેવતોના અર્થ: 'લાખ મત લડબડી, સો મત સડસડી, એક મત બીચારી બાપડી, તે ઊભે માર્ગે મેલ્યાં તાપડી!'—સંકટના સમયે ડંફાસ ન મારતાં સાદી પણ સાચી બુદ્ધિ ચલાવનાર જ તેમાંથી ઊગરી શકે છે એ દર્શાવતી આ કહેવત પાછળ કથા છે કે એક વખત ઘાસની ગંજીમાં આગ લાગી. તેમાં ત્રણ ભાઈબંધો રહે. તેમાંનો એક સાપ, જે પોતાને સંકટ સમયે લાખ મતિ હોવાની ડંફાસ મારતો હતો તે જોડેના ઝાડે ચડી ગયો, પણ ત્યાં સુધી ઝાળ પહોંચતાં બળીને લડબડી રહ્યો; બીજો સસલો પોતાને સો મતિ હોવાનો ગર્વ કરતો હતો તે નાસીને દરમાં પેસી ગયો, પણ દર ગંજીની નીચે જ હોવાથી તેમાં સડસડી ગયો; પરંતુ પોતાને માત્ર ભાગી છૂટવાની એક જ મતિ છે એમ કહેનારૂં શિયાળ ગંજીથી દૂર નાસી જતાં બચી ગયું; તે આગ ઓલવાયે પાછું આવીને પોતાના સાથીઓના હાલ જોઇ ઉપલી કહેવતની પંક્તિઓ બોલ્યું.

ગણિત ગમ્મત: કોઇપણ રકમ ધારો. પછી તેનો એક અંક સુધી સરવાળો કરી જે સરવાળો આવે તે વડે ધારેલી રકમને ગુણો; અને જે સંખ્યા આવે તેમાંથી ધારેલી રકમનો એ એક અંક સુધીનો સરવાળો બાદ કરો. હવે જે આવે તેમાં ધારેલી રકમ ઉમેરો, અને પછી જે આવે તેમાં ધારેલી રકમના એક-અંકી સરવાળાને ઉમેરો. જે જવાબ આવે તેને ધારેલી રકમના એક-અંકી સરવાળામાં એક ઉમેરી ભાગો. ભાગમાં આવે તે તમારી ધારેલી રકમ! —કાન્તિલાલ મ. જોષી

હેવી બૉમ્બર વિમાન પાંચ ટનના વજન સુધીના બૉમ્બ લઈ શકે છે અને એક જ ખેપે દોઢ હજાર માઈલનો પ્રવાસ કરી શકે છે. એક હેવી બૉમ્બર બાંધવામાં સાડા દસ લાખ રૂપિયા ખર્ચ આવે છે.



દેશદેશના શિરવેશ • બાજુએ બતાવ્યો છે તે તુર્કસ્તાનના વતની તુર્કનો

ગ્રીસના કાલ્હાગ નામના ગામમાં કબર ખોદનારની ખાલી પડેલી જગ્યાના ઉમેદવારોમાં ફ્રાન્સ ગર્ટલર નામના એક માણસની ચૂંટણી થઇ. પોતાના કામ પર ચઢતાવેંત પહેલે દિવસે તેણે એક કબર ખોદી રાખી. પછી સાંજે પોતાની ચૂંટણીના માનમાં થએલા સમારંભમાં એ ગયો, ત્યાં ઝગડો થતાં તે માર્યો ગયો અને પોતાના નવા કામ પર પોતે જે પહેલી કબર ખોદી રાખેલી એમાં જ એ દફનાવાયો!

જગતમાં ૭૦ કરોડ માણસનો મુખ્ય આહાર ચોખા છે.

આ મહીનાનું નામ—'સપ્ટેમ્બર': ઇ. સ. પૂર્વે ૭૧૩માં ન્યૂમાએ જાન્યુઆરી અને ફેબ્રુઆરી એ બે મહીના વર્ષની શરૂઆતમાં નવા ઉમેર્યા તે પહેલાં વર્ષનો આરંભ માર્ચથી થતો અને તેથી આ મહીનાનો આંક સાતમો આવતો હોઇ 'સાત'ને માટેના રોમન આંક ઉપરથી આ માસનું નામ પડેલું તે હજી ચાલુ છે.

પદાર્થને અદૃશ્ય કરનારૂં એક નવું કિરણ જૉન કેલી નામના હંગેરિયને શોધી કાઢ્યું છે.

ચરમાં પ્રથમ ૧૩મા સૈકામાં તૈયાર થયાં.




સાબુના નાના સપાટ ચકતા પર પેન્સિલથી કોઇપણ આકાર ટ્રેસ કરી પછી પેપરપિન, હેરપિન, કાતર અને લાકડાનું અણીદાર ફણું લઇ ઘણા સાદા આકારો કોતરી શકાય. પાડેલી રેખા સિવાયનો બાકીનો ભાગ ઉપલાં સાધનોથી ઉતારી નાખવાથી એ બીબાં વડે મનગમતી છાપો કપડા કે કાગળ પર પાડી શકાય. છાપવા માટે રકાબીમાં પાઉડર રંગોમાં સરેસ મેળવી જોઇતી શાહી બનાવી લેવી. છાપખાનાની શાહીનો પણ વાપરી શકાય.

શરીરનાં હાડકાં વાટે જ અવાજ સાંભળી શકાય એવી નવી યુક્તિ સાથેનું એક એવું રેડિયો રીસીવર બનાવવામાં આવ્યું છે કે જે પોતાના શરીરને લગાડનાર માણસ જ રેડિયો સાંભળી શકે, અને ઓરડામાંના બીજા માણસોને કશી ખલેલ પહોંચે નહિ.

એવી શોધ થઇ છે કે દુનિયામાં એકબીજાથી સ્પષ્ટ તરી આવે એવા કુલ દસ કરોડ પ્રકારના રંગ છે, જ્યારે તેમને ઓળખવાનાં નામ ફક્ત ૫૦૦ જ છે. આથી, મુખ્યમુખ્ય રંગોનાં નામ વાપરીને તેના વધતા ઓછા પલટા મુજબ તેનું વિભાગીકરણ કરી ઓળખવાની એક નવી જ પદ્ધતિ રચવામાં આવનાર છે.

હિંદમાં ૬૯ ભાષામાં ચિત્રપટો ચાલે છે.



અમેરિકાના કમ્બરલૅન્ડ પરગણાના બ્રિજટન શહેરની ૨૫૦મી જયંતીના ઉત્સવ વેળાએ એ દેશે કાઢેલો લાકડાનો નિકલ. જાડા પોસ્ટકાર્ડ જેવા લાકડાના છોલ પર તે છાપેલો હતો અને ૧૯૩૬ના મે માસની ૨૭મી તારીખ સુધી તે ચલણી ગણાયો હતો. (શ્રી હરિલાલ બૅંકર—વઢવાણકૅમ્પ—ના સંગ્રહમાંથી)



મુક્ત પંખીનું ગાન

પીંજરમાં જે પંખી લાંબો કાળ થયાં ઉદાસીન મૌન સેવી રહ્યું હતું તે મુક્ત થતાં જ સર્વત્ર ગાનોલ્લાસ વેરી રહ્યું.

ચિત્રકાર • શ્રી પુલિન બિહારી દત્ત



ટપાલની ટિકિટો પર દેશદેશનાં વિશિષ્ટ પક્ષીઓ (શ્રી હરિલાલ જૅંકર—વઢવાણકૅમ્પ–ના સંગ્રહમાંથી)

ઊપલી હારઃ ડાબી બાજુથી–(૧) વેસ્ટ ઇંડીઝમાંના કેયમાન ટાપુઓની ૧ પેન્સની ટિકિટ પર Booby Bird–બૂબી પંખી; (૨) દક્ષિણ-પશ્ચિમ (નૈઋત્ય) આફ્રિકાની ૦ા પેન્સની ટિકિટ પર ત્યાંનું Gom-Pouw-ગૉમ-પાઉ પંખી; (૩) ન્યૂ ઝીલાંડ–૦ા પેન્સઃ Pied Fantail: ચકદિલની જાતનું પંખી; (૪) ન્યૂ ઝીલાંડ ૧ શિલિંગઃ Tui: તુઈ પંખી; (૫) ઉરુગ્વાય–૧ સેન્ટઃ Teru-Teru: તેરૂતેરૂ પંખી; (૬) ઑસ્ટ્રેલિયા–૨ાા પેન્સઃ Swan: સ્વૉન. વચલી હારઃ (૧) ઑસ્ટ્રિયા–૨ શિઃ બગલું; (૨) તથા (૩) ગ્વાટેમાલા (દક્ષિણ અમેરિકા)–૧ સેન્ટઃ Quetzal: કવેટઝૉલ પંખી; (૪) ઇટાલિયન આફ્રિકા–૧ લાયરઃ Bateleur-Eagle: એક જાતનો ગરુડ; (૫) બોલીવિયા (દક્ષિણ અમેરિકા)–૫ સેન્ટઃ Condor: કૉન્ડૉર પંખી; (૬) ઉત્તર બોર્નિયોઃ ૧૨ સેન્ટઃ Cockatoo: કાકાટોઓ; (૭) ઑસ્ટ્રેલિયા–૬ પેન્સઃ Kooka Burra: કૂકા બર્રા પંખી; છેલ્લી હારઃ (૧) બોલીવિયા–૪૫ સેન્ટઃ Herons: બગલાં; (૨) ઑસ્ટ્રેલિયા–૧ શિલિંગઃ Lyre-Bird: લાયર પંખી; (૩) ઉત્તર બોર્નિયો–૫ સેન્ટઃ Argus Phesant: આર્ગસ ફેઝંટ; (૪) પશ્ચિમ ઑસ્ટ્રેલિયા–૧ પેન્સઃ Swan: સ્વૉન; (૫) હેલ્વેશિયા (સ્વિટ્ઝર્લાંડ)–૨૦ સેન્ટઃ Bird of Peace: શાંતિનું પંખી; (૬) ન્યૂ ઝીલાંડ–૧ પેન્સઃ Kiwi Bird: કીવી પંખી; (૭) ન્યૂ સાઉથવેલ્સ–૨ પેન્સઃ Emu: એમુ પંખી.